**આજનો સુવિચાર**

પોતાની જાત પર
વિશ્વાસ રાખો,
એક દિવસ એવો પણ
આવશે,
કે જયારે ઘડિયાળ
બીજાની હશે પણ
સમય આપણો હશે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૨૦ જૂનાગઢ તા.૩૦-૦૮-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 220, Junagadh : Date : 30 August, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## ભુજ નજીક ડીપ-ડીપ્રેશન યથાવત : 'અસના' વાવાઝોડું અરબી સમુદ્રમાં સમાઈ જશે : ગુજરાતને અસર થવાની શકયતા નહીંવત


### ૧૯૭૬ બાદ પ્રથમ વખત ઓગષ્ટ મહિનામાં અરબી સમુદ્રમાં વાવાઝોડું સર્જાવાની ઘટના

ભુજ તા.૨

હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે, જે ડીપ ડિપ્રેશન હાલમાં કચ્છના ભુજ નજીક યથાવત છે, તે આગળ વધતા અરબ સાગરમાં સમાઈ જશે પરંતુ, આ ડીપ ડિપ્રેશન સાયક્લોનિક સ્ટોર્મ એટલે કે વાવાઝોડાના સ્વરૂપે દરિયામાં પ્રવેશ કરશે. તે પશ્ચિમ અને દક્ષિણ-પશ્ચિમ દિશા તરફ આગળ વધી રહ્યું હોવાથી અરબ સાગરમાં જ સમાઈ જશે.

જોકે, આ વાવાઝોડાનું આયુષ્ય ખૂબ જ ઓછું હશે અને તેની સક્રિયતા પણ ઓછી હશે એટલે કે ડીપ ડિપ્રેશન નબળા વાવાઝોડા સ્વરૂપે દરિયામાં પ્રવેશ કરશે, જેને કારણે ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં તેની અસર થશે નહીં. રાજયના તમામ જિલ્લાઓ તથા સૌરાષ્ટ્ર-કચ્છના પણ મોટાભાગના જિલ્લાઓમાં તેની અસર નહીવત પ્રમાણમાં રહેશે. ઉત્તર મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં આજના વાવાઝોડાની અસર રહેશે નહીં પરંતુ, સૌરાષ્ટ્ર-કચ્છમાં થોડા અંશે અસના વાવાઝોડાને કારણે ભારે પવન ફૂંકાવવાની સાથે વરસાદ વરસી શકે છે.

સૌરાષ્ટ્ર અને કચ્છ પરનું ડીપ ડિપ્રેશન છેલ્લા ૬ કલાક દરમિયાન લગભગ ત્રણ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ધીમે-ધીમે પશ્ચિમ તરફ આગળ વધી રહ્યું છે ત્યારે રાજકોટને બાદ કરતાં ગુજરાત રાજ્યના ત્રણ મહાનગરોમાં એટલે કે અમદાવાદ, વડોદરા અને સુરતમાં અસના વાવાઝોડાની અસર થશે નહીં. રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં અસના વાવાઝોડાને કારણે ભારે પવન ફૂંકાવવાની સાથે હળવા વરસાદ વરસી શકે છે.



ભાગ્યે જ સર્જાતી સીસ્ટમ હેઠળ સૌરાષ્ટ્ર-કચ્છ પર ઉદભવેલા ડીપ-ડીપ્રેશને ચાર-પાંચ દિવસ સુધી મેઘતાંડવ સર્જ્યુ હતું અને હવે તે અરબી સમુદ્રમાં સરકવા લાગ્યુ છે. જે સમુદ્રમાં વાવાઝોડાનું સ્વરૂપ લેશે.જોકે ગુજરાત પર વાવાઝોડાનો ખતરો નથી કારણ કે સીસ્ટમ પાકિસ્તાન કે ઓમાન તરફ જશે. છતા વાવાઝોડાની આંશીક અસર હેઠળ ભારે પવન ફુંકાઈ શકે છે.

રસપ્રદ વાત એ છે કે, ૧૮૯૧ બાદનાં ૧૦૩ વર્ષોમાં ઓગસ્ટ મહિનાના અરબી સમુદ્રમાં ત્રણ વખત જ વાવાઝોડા ઉદભવ્યા હતા. છેલ્લે ૧૯૭૬ માં ઓગસ્ટ માસમાં વાવાઝોડુ ઉદભવ્યુ હતું.

હવામાન વિભાગ દ્વારા રીપોર્ટમાં એમ જણાવવામાં આવ્યું છે કે સૌરાષ્ટ્ર-કચ્છને ધમરોળનાર ડીપ ડીપ્રેશન સીસ્ટમ કચ્છનાં કાંઠે છે અને આજે અરબી સમુદ્રમાં સરકીને વધુ મજબુત બની જવાની શકયતા છે. વાવાઝોડામાં પરિવર્તીત થશે.

## શેરબજારમાં તેજીનું ઘોડાપુર સેન્સેક્સ ઓલટાઈમ હાઈ

મુંબઈ તા.૩૦

બજાર ખુલતાની સાથે જ સેન્સેક્સે આજે એટલે કે ૩૦ ઓગસ્ટે ૮૨,૬૩૭ની નવી ઓલ-ટાઈમ હાઈ બનાવી અને નિફ્ટીએ ૨૫,૨૪૯ની નવી ઓલ-ટાઇમ હાઈ બનાવી છે. સેન્સેક્સ ૩૦૦થી વધુ પોઈન્ટના વધારા સાથે ૮૨,૪૬૦ ના સ્તર પર ટ્રેડ કરી રહ્યો છે.

નિફ્ટી પણ ૮૦ પોઈન્ટ વધીને ૨૫,૨૪૦ ના સ્તર પર ટ્રેડ કરી રહ્યો છે. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૫ વધી રહ્યા છે અને પાંચ શેર ઘટી રહ્યા છે. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૩૯ વધી રહ્યા છે અને ૧૧ ઘટી રહ્યા છે. આઈટી અને ઓટો સેક્ટર સિવાય તમામ સેક્ટરમાં ગ્રોથ જોવા મળી રહ્યો છે.

આ પહેલા ગઈકાલે એટલે કે ૨૯ ઓગસ્ટના રોજ સેન્સેક્સે ૮૨,૨૮૫ અને નિફ્ટીએ ૨૫,૧૯૨ની નવી ઓલ-ટાઈમ હાઈ બનાવી હતી. દિવસના કારોબાર બાદ સેન્સેક્સ ૩૪૯ પોઈન્ટના વધારા સાથે ૮૨,૧૩૪ પર બંધ થયો હતો.

## જુલાઈ-ઓગષ્ટમાં પડેલા ભરપુર વરસાદથી છેલ્લા ૩૦ વર્ષનો રેકોર્ડ તુટી જશે

નવી દિલ્હી,તા.૩૦

ગુજરાત સહીતનાં ભાગોને મેઘરાજાએ ધરવી દીધા છે અને તાંડવ જેવા સ્વરૂપથી વ્યાપક તારાજી થઈ છે ત્યારે દેશમાં જુલાઈ-ઓગસ્ટના વરસાદે છેલ્લા ૩૦ વર્ષનો રેકોર્ડ તોડયો છે. જુલાઈ-ઓગસ્ટમાં અત્યાર સુધીમાં દેશમાં સરેરાશ ૫૮૫ મીમી વરસાદ નોંધાયો છે. ઓગષ્ટ મહિનો પુરો થવાને આડે હજુ એક દિવસ બાકી છે.આંકડો ૫૯૫ મીમી આસપાસ પહોંચી શકે છે.

દેશમાં આ બે મહિનાનો સરેરાશ વરસાદ ૫૩૫ મીમી રહેતો હોય છે તેની સરખામણીએ ૧૧ ટકા વધુ રહી શકે છે. આ પૂર્વે ૨૦૧૯ માં જુલાઈ-ઓગસ્ટમાં વરસાદ ૫૯૬.૧ મીમી નોંધાયો હતો અને તેમાં ૩૦ વર્ષનો રેકોર્ડ બન્યો હતો આ રેકોર્ડ આ વખતે તૂટી શકે છે.

## શ્રાવણ માસમાં લોકો રૂા.૫૦૦ કરોડનો ફરાળી નાસ્તો જાપટી ગયા

નવી દિલ્હી,તા.૩૦ :

પવિત્ર શ્રાવણ માસ દરમિયાન લોકો ઉપવાસ-એકટાણા કરતા હોય છે. આ જ કારણે આ મહિના દરમિયાન બટાકા વેફર, કેળા વેફર, ફરાળી ચેવડો, સાબુદાણા સહિતના ફરાળી નાસ્તાનું વેચાણ વધી જાય છે. પેકડ નાસ્તાના બનાવતી અગ્રણી કંપનીઓના જણાવ્યા પ્રમાણે ગુજરાતમાં શ્રાવણ મહિના દરમિયાન અંદાજે રૂ. ૪૦૦-૫૦૦ કરોડના લૂઝ અને પેકડ ફરાળી નાસ્તાનું વેચાણ થઈ જવાનો અંદાજ છે.ભારતમાં સ્નેક્સ માર્કેટ આશરે રૂ. ૬૦,૦૦૦ કરોડનું છે. જેમાં ગુજરાતનો શેર ૨૦ ટકા આસપાસ હોવાનું જાણકારો માને છે. રાજયનું પેકડ સ્નેક્સનું માર્કેટ અંદાજે રૂ. ૧૦,૦૦૦-૧૨,૦૦૦ કરોડનું છે. ગુજરાતમાં વેફર્સનું ઉત્પાદન કરતી કંપનીઓ વધુ છે અને અહીંથી દેશભરમાં સપ્લાય થાય છે.

## વિશ્વના ૬૦ ટકા લોકોને પીવાનું શુધ્ધ પાણી નથી મળતું

નવી દિલ્હી તા. ૩૦ :

વિશ્વભરના લગભગ ૬૦ ટકા લોકો એ હકીકતથી ચિંતિત છે કે તેઓને પીવાનું શુદ્ધ પાણી નથી મળતું. તેનાથી તેમના સ્વાસ્થ્ય પર અસર થઈ રહી છે અને બીમારીઓ થઈ રહી છે. આ અંગે કરવામાં આવેલા સર્વેમાં લોકો પાસેથી જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે તેઓ તેમના પીવાના પાણીને કેટલું સ્વચ્છ અને સલામત માને છે. આરોગ્ય નિષ્ણાતોના અભ્યાસમાં જણાવાયું છે કે જયારે લોકો તેમના નળના પાણી પર વિશ્વાસ કરતા નથી ત્યારે તેઓ બોટલનું પાણી ખરીદે છે. બોટલનું પાણી માત્ર ખૂબ મોંઘું નથી પણ પર્યાવરણ માટે હાનિકારક પણ છે, કારણ કે તેની બોટલો પ્રદૂષણ અને ગ્લોબલ વોર્મિંગમાં વધારો કરે છે. આ અભ્યાસના પરિણામો નેચર કોમ્યુનિકેશન જર્નલમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે.

## એર ઈન્ડિયા અને વિસ્તારા એરલાઈન્સનું મર્જર થશે

મુંબઈ,તા.૩૦

એર ઈન્ડીયા તથા વિસ્તારા એરલાઈન્સના મર્જરનો માર્ગ મોકળો થયો હોય તેમ સીંગાપોર એરલાઈન્સને ભારત સરકારે સીધા વિદેશી મુડીરોકાણની મંજુરી આપી દીધી છે. સિંગાપોર એરલાઈન્સ દ્વારા જાહેર કરવામાં આવ્યુ છે કે, વિસ્તારા અને એર ઈન્ડીયાના સુચિત મર્જર માટે મૂડી રોકાણ કરવા ભારત સરકારે છૂટ આપી દીધી છે.આ મર્જરને પગલે વિશ્વનું સૌથી મોટુ એરલાઈન્સ ગ્રુપ બની જશે. સીંગાપોર એરલાઈન્સ એર ઈન્ડીયામાં ૨૫.૧ ટકાનો હિસ્સો મેળવશે અને ચાલુ વર્ષનાં અંત સુધીમાં આ પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવશે.એરઈન્ડીયાની માલીકી ટાટા ગ્રુપની છે જયારે વિસ્તારામાં ૫૧ ટકા હિસ્સો ટાટા ગ્રુપનો અને બાકીનો ૪૯ ટકા હિસ્સો સીંગાપોર એરલાઈન્સનો છે. સીંગાપોર એરલાઈન્સ દ્વારા જાહેર કરાયા પ્રમાણે સૂચિત મર્જર અંતર્ગત વિદેશી મૂડી રોકાણ માટે ભારત સરકારે છૂટ આપી દીધી છે.

## વડોદરામાં પુરગ્રસ્ત વિસ્તારની મુલાકાતે ગયેલા ભાજપના કોર્પોરેટરને ભાગવું પડયું - લોકરોષનો ભોગ બન્યા

વડોદરા તા.૩૦

વડોદરામાં કોર્પોરેટર બંદિશ શાહ અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાતે જતા લોકોએ તેમને ઘેર્યા, કહ્યું: અમારે કોઈને વોટ આપવો નથી, તમે અહીંથી જાઓ. અહીં માણસ ડૂબી જાય એટલું પાણી હતું. પીવાનું પાણી પણ મળ્યું નથી, આમને પેલો મગરવાળો વીડિયો બતાવો.'

વડોદરા શહેરમાં પૂરનાં પાણી ઓસરતાં હવે મંત્રી, ધારાસભ્યો, મેયર અને કોર્પોરેટરો અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે જતાં લોકોના રોષનો ભોગ બનવું પડી રહ્યું છે. ગતરાત્રે વડોદરાના સલાટવાડા વિસ્તારમાં આવેલ તુલસીબાઈની ચાલમાં અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાતે ગયેલા વોર્ડ નંબર ૭ના કોર્પોરેટર બંદિશ શાહને લોકોના રોષનો ભોગ બનવું પડ્યું હતું.

વડોદરા શહેરમાં ભયાનક પૂર વચ્ચે ૩ દિવસ ભૂખ્યા અને તરસ્યા લોકોમાં સરકાર અને તંત્ર સામે ખૂબ જ આક્રોશ જોવા મળી રહ્યો છે. પૂરની સ્થિતિમાં ફસાયેલા લોકોને તંત્ર કે સરકાર તરફથી કોઈ મદદ મળી નહોતી અને ત્રણ દિવસ સુધી પોતાનાં ઘરોમાં પુરાઈ રહેવાનો વારો આવ્યો હતો. આ દરમિયાન લોકો પાણીના એક એક ટીપા માટે તરસ્યા હતા. હવે જ્યારે વડોદરા શહેરના ધારાસભ્યો, કોર્પોરેટરો અને મેયર અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ રહ્યા છે, ત્યારે તેમને લોકોના રોષનો ભોગ બનવું પડી રહ્યું છે.

## સુપ્રિમ કોર્ટમાં ૮૨૦૦૦ કેસ પેન્ડિંગ

નવી દિલ્હી, તા.૩૦:

સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ કેસોની સંખ્યા સતત વધી રહી છે. છેલ્લા ૧૦ વર્ષમાં તેમાં આઠ ગણો વધારો થયો છે. તે જ સમયે, વધતા જતા કેસોને માત્ર બે વાર જ કાબુમાં લેવાયા છે. હાલમાં સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ કેસોની સંખ્યા લગભગ ૮૩ હજાર છે, જે અત્યાર સુધીની સૌથી વધુ છે. ઉલ્લેખનીય છે કે ૨૦૦૯માં સુપ્રીમ કોર્ટમાં જજોની સંખ્યા ૨૬ થી વધારીને ૩૧ કરવામાં આવી હતી. પરંતુ તેમ છતાં સુપ્રીમ કોર્ટમાં પડતર કેસોમાં કોઈ ઘટાડો થયો નથી. ૨૦૧૩માં સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ કેસ ૫૦ હજારથી વધીને ૬૬ હજાર થઈ ગયા હતા. જોકે, ૨૦૧૪માં તે ઘટીને ૬૩ હજાર થઈ ગયો હતો. તે સમયે સીજેઆઈ પી સતશિવમ અને આરએમ લોઢા હતા. બાદમાં, CJI HL દત્તુના કાર્યકાળ દરમિયાન, ૨૦૧૫ માં, સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ કેસોની સંખ્યા ૫૯ હજાર હતી.

આગામી વર્ષે એટલે કે ૨૦૧૬માં સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ કેસોની સંખ્યા ૬૩ હજાર સુધી પહોંચી ગઈ હતી. તે સમયે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ટી.એસ.ઠાકુર હતા. બાદમાં જસ્ટિસ જેએસ ખેકરના કાર્યકાળ દરમિયાન સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ કેસની સંખ્યા ઘટીને ૫૬ હજાર થઈ ગઈ હતી. જસ્ટિસ ખેકરે કોર્ટમાં પેપરલેસ કામ કરવાની દરખાસ્ત કરી હતી. ૨૦૧૮ માં, જ્યારે જસ્ટિસ દીપક મિશ્રા CJI હતા, ત્યારે પેન્ડિંગ કેસ ફરી વધીને ૫૭૦૦૦ પર પહોંચી ગયા. આ પછી આવેલા CJI



જસ્ટિસ રંજન ગોગોઈએ સરકારને સુપ્રીમ કોર્ટમાં જજોની સંખ્યા વધારવા માટે મનાવી હતી. પરંતુ જજોની સંખ્યા વધ્યા બાદ કેસોની સંખ્યામાં પણ વધારો થયો અને પેન્ડન્સી વધીને ૬૦ હજાર કેસ થઈ ગયા.

## કારમાં પાછલી સીટમાં પણ સીટબેલ્ટ ફરજીયાત કરાશે

નવી દિલ્હી.તા.૩૦

કેન્દ્ર સરકારે ભારતીય વાહનો માટે નવા સલામતી ધોરણોનો પ્રસ્તાવ મૂક્યો છે. આ અંતર્ગત ૧ એપ્રિલ ૨૦૨૫ થી તમામ પેસેન્જર કારમાં પાછળની સીટ માટે પણ સીટ બેલ્ટ એલાર્મ લગાવવું ફરજિયાત બનશે. હાલમાં આ સુવિધા અમુક કારોમાં જ ઉપલબ્ધ છે. સરકારે આ વર્ષે માર્ચમાં આ નિયમોનો ડ્રાફ્ટ બહાર પાડ્યો હતો અને તેના પર તમામ હિતધારકો પાસેથી અભિપ્રાય માંગ્યાં હતાં. આ સિસ્ટમનો હેતુ અકસ્માત સમયે વાહનમાં બેઠેલી વ્યક્તિની સલામતી વધારવાનો અને તેમની ઈજા ઘટાડવાનો છે.

સેન્ટ્રલ મોટર વ્હીકલ એક્ટ મુજબ, પાછળની સીટના મુસાફરો માટે સીટ બેલ્ટ પહેરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. અને તેના ભંગ બદલ ૧૦૦૦ રૂપિયાનો દંડ થઈ શકે છે.

## વહુ સાસુ-સસરાની સેવા ન કરે તે ક્રુરતા નથી હાઈકોર્ટે પતિની છુટાછેડાની અરજી ફગાવી

પ્રયાગરાજ તા. ૩૦ :

અલ્હાબાદ હાઈકોર્ટે પોતાના એક મહત્વના ચુકાદામાં કહ્યું કે, વહુ દ્વારા સાસુ-સસરાની યોગ્ય દેખરેખ ન રાખવી તે ક્રૂરતા નથી. હાઈકોર્ટે આ આધાર પર પતિને પત્નીથી છુટાછેડા આપવાની ના પાડી દીધી. હાઈકોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું કે, આ કેસ ત્યારે વધારે નબળો થઈ જાય છે, જયારે પત્ની પર આરોપ લગાવનારો પતિ ખુદ પોતાના મા-બાપથી અલગ રહેતો હોય અને પત્નીને તેની સેવા તથા યોગ્ય દેખરેખની આશા રાખતો હોય. અલ્હાબાદ હાઈકોર્ટે આ દલીલોના આધાર પર અરજી દાખલ કરનારા પતિની અરજીને રદ કરી દીધી છે. કોર્ટે તેની સાથે જ મુરાદાબાદ ફેમિલી કોર્ટના પ્રિન્સિપલ જજના ચુકાદાને પણ યથાવત રાખ્યો છે.

## સુપ્રિમકોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો : મહિલા જ સ્ત્રીધનની માલિક - પિતા પાછુ માંગી શકે નહીં

નવી દિલ્હી, તા.૩૦:

સુપ્રીમ કોર્ટે એક ચુકાદો આપ્યો કેસ્ત્રી તેના સ્ત્રીધનની એકમાત્ર માલિક છે. જેમાં લગ્ન સમયે તેના માતા-પિતા દ્વારા આપવામાં આવેલા સોનાના દાગીના અને અન્ય વસ્તુઓનો સમાવેશ થાય છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે છૂટાછેડા પછી મહિલાના પિતાને તેના પૂર્વ સાસરિયાઓ પાસેથી ભેટ પરત માંગવાનો કોઈ અધિકાર નથી. પી વીરભદ્ર રાવની પુત્રીના લગ્ન ડિસેમ્બર ૧૯૯૯માં થયા હતા અને લગ્ન બાદ બંને પતિ-પત્ની અમેરિકા ગયા હતા. લગ્નના ૧૬ વર્ષ બાદ પુત્રીએ છૂટાછેડા માટે અરજી કરી હતી. મિઝોરીમાં લેવિસ કાઉન્ટી સર્કિટ કોર્ટે ફેબ્રુઆરી ૨૦૧૬ માં પરસ્પર સંમતિથી છૂટાછેડાને મંજૂરી આપી હતી. મિલકત અને નાણાકીય બાબતો બંને પક્ષો વચ્ચે અલગતા કરાર દ્વારા ઉકેલવામાં આવી હતી.

## વડોદરામાં વિશ્વામિત્રી રીડેવલોપમેન્ટ માટે સરકારે રૂા.૧૨૦૦ કરોડ ફાળવવાની જાહેરાત કરી

વડોદરા તા.૩૦

વડોદરાની વિશ્વામિત્રી નદીમાં ભારે પૂર આવતા કાંઠાના તમામ વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.

આ તમામ વિસ્તારોમાં હાલ પાણી ઉતરતા હાલત ખૂબ ખરાબ જોવા મળી રહી છે. ત્યારે આ સ્થિતિ વચ્ચે વડોદરામાં વિશ્વામિત્રી નદીએ વેરેલા વિનાશ બાદ સરકારે વિશ્વામિત્રી રી ડેવલપમેન્ટ માટે રૂપિયા ૧૨૦૦ કરોડ ફાળવવાની જાહેરાત કરી છે. આ અંગેની જાહેરાત ગૃહમંત્રી હર્ષ સંઘવીએ કરી છે.

● હરક્યુલિસ સાયકલ ● કોરાડો સાયકલ
● હીરો સાયકલ ● બ્રિટીશ ઈગલ સાયકલ
● બીએસએ સાયકલ ● ફન રાઈડ ટ્રાસીકલ
● વિક્ટર ૯૧ સાયકલ ● દાસ સાયકલ
● હિલી સાયકલ


તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ

ગેલેક્સી
ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે
જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૬૨

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮,
તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો



CMYK CMYK CMYK

# રાજકોટ જિલ્લાના ભાદર-મોજ-આજી સહિતના ૧૮ ડેમ છલોછલ : ૧૦ ડેમ ઓવરફ્લો, ૮ ડેમના દરવાજાઓ ખોલવામાં આવ્યા : જિલ્લાના ૨૭ ડેમોમાં સરેરાશ ૯૪.૭૮ ટકા જળસંગ્રહ

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૩૦

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં અતિ ભારે વરસાદને પગલે જળાશયો છલકાવા લાગ્યા છે. રાજકોટ જિલ્લામાં આવેલા ૨૭ જળાશયોમાં વરસાદના નીર ઠલવાઈ રહ્યા છે અને ૧૮ જળાશયો ૧૦૦ ટકા ભરાઈ ગયા છે. જેમાં ૧૦ ડેમ ઓવરફ્લો થઈ રહ્યા છે જ્યારે આઠ ડેમના દરવાજાઓ ખોલવામાં આવ્યા છે. રાજકોટ જિલ્લાના તમામ ૨૭ જળાશયો સરેરાશ ૯૪.૭૮ ટકા ભરાઈ ગયા છે. જિલ્લામાં પાંચ ડેમના વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪૦ ઈંચથી વધુ વરસાદ વરસી ગયો છે. રાજકોટ સિંચાઈ વર્તુળ પૂર એકમની યાદીમાં જણાવાયા પ્રમાણે, આજની તારીખે સવાર સુધીમાં ૧૮ જળાશયો ૧૦૦ ટકા ભરાઈને છલકાઈ રહ્યા છે. જેમાં ભાદર ડેમના ૧૭ દરવાજા ૧.૮ મીટર ખોલવામાં આવ્યા છે. જ્યારે મોજ ડેમના ૨૦ દરવાજા ૧.૫ મીટર ખુલ્લા છે. સુરવો ડેમના ત્રણ દરવાજા ૦.૧ મીટર, મોતીસર ડેમના ત્રણ દરવાજા ૦.૬૦ ડિગ્રી, છાપરવાડી-૨ ડેમના બે દરવાજા ૧.૫ મીટ, કરમાળ ડેમના બે દરવાજા ૦.૬ મીટર, કર્ણુકી ડેમનો એક દરવાજો ૦.૧૫ મીટર ખોલવામાં આવ્યો છે. ખોડાપીપર ડેમ પણ ૧૦૦ ટકા ભરાઈ ગયો છે. જ્યારે ફોફળ ડેમ હાલ ૧.૫૮૫ મીટર ઓવરફ્લો જ્યારે આજી-૧ ડેમ ૧.૨૫ મીટર ઓવરફ્લો, સોડવદર ડેમ ૦.૭૫ મીટર ઓવર ફ્લો થઈ રહ્યા છે. જ્યારે ગોંડલી ડેમ, વાછપરી ડેમ તથા વેરી ડેમ, ફાડદંગ બેટી, લાલપરી ડેમ ૦.૩ મીટર ઓવરફ્લો થઈ રહ્યો છે. જ્યારે છાપરવાડી-૧ ડેમ ૦.૨૫ મીટર, ઈશ્વરીયા ડેમ ૦.૫ મીટર ઓવરફ્લો થઈ રહ્યા છે. ઉપરાંત વેણુ-૨ ડેમ ૮૬.૬૯ ટકા ભરાયો છે અને તેના આઠ દરવાજા ૪.૮ મીટર ખુલ્લા છે. આજી-૨ ડેમ ૭૩.૨૯ ટકા ભરાયેલો છે અને તેના છ દરવાજા દોઢ મીટર ખુલ્લા છે. આજી-૩ ડેમ ૯૧.૭૭ ટકા ભરાઈ જતાં પાંચ દરવાજા ૨.૪ મીટર ખોલવામાં આવ્યા છે. ડોંડી-૧ ડેમ ૬૫.૭૯ ટકા ભરાતા એક દરવાજો ત્રણ મીટર ખોલાયો છે. ન્યારી-૧ ડેમ ૮૬.૮૬ મીટર ભરાયો હોવાથી બે દરવાજા ૦.૬ મીટર ખુલ્લા છે. ન્યારી-૨ ડેમ ૯૦.૫૯ ટકા ભરાયો હોવાથી સાત દરવાજા ૦.૯ મીટર ખુલ્લા છે. ઉપરાંત ભાદર-૨ ડેમ ૮૮.૫૭ ટકા ભરાયો હોવાથઈ ૧૭ દરવાજા ૧.૨ મીટર ખોલાયા છે. માલગઢ ડેમ હાલ ૫૧.૫૭ ટકા જ્યારે ઘેલો સોમનાથ ૧૮.૦૪ ટકા ભરાયો છે. મહત્ત્વનું છે કે, છેલ્લા ૨૪ કલાકમાં ન્યારી-૧ ડેમમાં ૦.૮૨ ફુટ, ઘેલો સોમનાથ ડેમમાં ૨.૩૦ ફુટ જ્યારે માલગઢ ડેમમાં ૦.૮૨ ફુટ જળસ્તરમાં વધારો થયો છે. નોંધનીય છે કે, રાજકોટ જિલ્લામાં અત્યાર સુધીમાં સૌથી વધુ વરસાદ મોજ ડેમના ક્ષેત્રમાં ૧૧૩૫ મિલિમીટર (૪૪.૬૯ ઈંચ), ફોફળ ડેમ ક્ષેત્રમાં ૧૦૧૦ મિ.મિ. (૩૯.૭૬ ઈંચ), સોડવદર ડેમ ક્ષેત્રમાં ૧૦૫૭ મિ.મિ. (૪૧.૬૧ ઈંચ), છાપરવાડી-૨ ડેમ ક્ષેત્રમાં ૧૦૪૪ મિ.મિ (૪૧.૧૦ ઈંચ). જ્યારે ભાદર-૨ ડેમ ક્ષેત્રમાં ૧૦૨૦ મિ.મિ. (૪૦.૧૬ ઈંચ) નોંધાયો છે. જ્યારે સૌથી ઓછો વરસાદ ઘેલો સોમનાથ ડેમ ક્ષેત્રમાં ૧૨૦ મિ.મિ. (૪.૭૨ ઈંચ) વરસ્યો છે. ત્યારપછીના ક્રમમાં માલગઢ ડેમ ક્ષેત્રમાં ૩૧૫ મિ.મિ. (૧૨.૪૦ ઈંચ) વરસાદ વરસ્યો છે. રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ભારે વરસાદને કારણે ગ્રામ્ય વિસ્તારમાં ૧૭૭૦ લોકોને ૧૪ આશ્રયસ્થાનો ખાતે તેમજ શહેરી વિસ્તારમાં ૧૦૦૯ લોકોને ૭ આશ્રયસ્થાનો ખાતે એમ કુલ ૨૭૭૯ લોકોને ૨૧ આશ્રયસ્થાનો ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ ઉપરાંત, રાજકોટ જિલ્લામાં અંદાજે ૨૫ સેવાભાવી સંસ્થાઓ દ્વારા લગભગ ૧ લાખ ફૂડ પેકેટ તૈયાર કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. કાચા મકાનના સર્વે પત્રક અન્વયે શિફ્ટીંગ અને નગરપાલિકા વિસ્તારમાં સાફસફાઈ, પીવાના પાણી સહિતની પ્રાથમિક સુવિધાની કામગીરી સહિતના આવશ્યક પગલાં લેવામાં આવ્યાં છે.

**રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકામાં છેલ્લા ચાર દિવસમાં સરેરાશ ૧૬.૮૨ ઈંચ વરસાદ**

રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકામાં છેલ્લા ચાર દિવસમાં સરેરાશ ૪૨૭.૪૫ મિલિ મીટર (૧૬.૮૨ ઈંચ) વરસાદ વરસ્યો છે. જિલ્લામાં વરસાદી પાણીના લીધે ૩૯ માર્ગો બંધ છે. જ્યારે જિલ્લામાં ૧૧૫ કાચા મકાનો-ઝૂંપડા પડી ગયા કે નુકસાન થયાનું સામે આવ્યું છે. રાજકોટ કલેક્ટર કચેરીના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ તરફથી મળતી વિગતો મુજબ, છેલ્લા ચાર દિવસ એટલે કે ૨૫, ૨૬, ૨૭ તથા ૨૮ ઓગસ્ટ દરમિયાન જિલ્લાના ૧૧ તાલુકામાં સરેરાશ ૪૨૭.૪૫ મિ.મિ. વરસાદ વરસ્યો છે. આજે સવાર સુધીમાં પડધરી તાલુકામાં ૪૩૯ મિ.મિ., રાજકોટ શહેર-તાલુકામાં ૭૮૫ મિ.મિ.(૩૦.૯૦ ઈંચ), લોધિકામાં ૬૫૦ મિ.મિ. (૨૫.૬૦ ઈંચ), કોટડા સાંગાણી તાલુકામાં ૫૪૨ મિ.મિ. (૨૧.૩૪ ઈંચ), જસદણમાં ૨૭૨ મિ.મિ. (૧૦.૭૧ ઈંચ), ગોંડલમાં ૪૨૯ મિ.મિ. (૧૬.૮૯ ઈંચ), જામકંડોરણામાં ૪૧૯ મિ.મિ. (૧૬.૫૦ ઈંચ), ઉપલેટામાં ૨૭૪ મિ.મિ. (૧૦.૭૯ ઈંચ), ધોરાજીમાં ૪૩૦ મિ.મિ. (૧૬.૯૩ ઈંચ), જેતપુરમાં ૨૯૭ મિ.મિ. (૧૬.૬૯ ઈંચ), વિંછીયામાં ૧૬૫ મિ.મિ. (૬.૫૦ ઈંચ) વરસાદ નોંધાયો છે. આજે સવાર સુધીની સ્થિતિએ જિલ્લામાં પડધરી તાલુકામાં છ, રાજકોટ તાલુકામાં બે, લોધિકામાં ત્રણ, જસદણમાં ત્રણ, જામકંડોરણામાં બે, ઉપલેટામાં ૧૦, ધોરાજી તથા જેતપુર તાલુકામાં પાંચ-પાંચ મળીને ૩૯ માર્ગો બંધ છે. જ્યારે જિલ્લામાં ઉપલેટા તાલુકાના ચાર ગામ સંપર્ક વિહોણા છે, આ વિસ્તારમાં એક ફીડર બંધ છે. ઉપલેટામાં એક તથા જામકંડોરણામાં ત્રણ મળીને ચાર પશુના મૃત્યું થયા છે. જ્યારે ગોંડલમાં બે માનવ મૃત્યું નોંધાયા છે. પડધરીમાં નવ, રાજકોટમાં બે, લોધિકામાં એક, કોટડાસાંગાણીમાં ચાર, જસદણમાં ૧૬, ગોંડલમાં ૪૫, જામ કંડોરણામાં ત્રણ, ઉપલેટામાં ત્રણ, ધોરાજીમાં પાંચ, વિંછિયામાં ૨૭ મળીને જિલ્લામાં ૧૧૫ કાચા મકાનો, ઝુંપડા પડી ગયા છે કે નુકસાન થયું છે

**ભાદર ડેમના ૨૦ દરવાજા ૧.૮૨ મીટર ખોલાતા ૨૨ ગામો માટે સચેત સંદેશ**

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકા પાસે આવેલા ભાદર જળાશયમાં હાલ વરસાદના નીરની આવક ઘટી છે. અગાઉ ડેમના ૨૨ દરવાજા ૧.૮૦ મીટર ખોલાયા હતા. જેમાં ઘટાડો કરીને હવે ૨૦ દરવાજા ૧.૮૨ મીટર કરવામાં આવ્યા છે. આ સાથે ૨૨ ગામો માટે ખાસ ચેતવણી સંદેશ જારી કરવામાં આવ્યો છે. જેમાં રાજકોટના ધોરાજીના ભુખી, ઉમરકોટ, વેગડી ગોંડલ, ભંડારીયા, ખંભાલીડા, મસીતાળા, નવાગામ, નિલાખા, જામકંડોરણા, ઈશ્વરીયા, તરવડા જેતપુર, દેરડી, જેતપુર, કેરાળી, ખીરસરા, લુણાગરા, લુણાગરી, મોણપર, નવાગઢ, પાંચપીપળા, રબારિકા, સરધારપુર, વડસડાને એલર્ટ રહેવા જણાવાયું છે. જળાશયનું હાલનું સ્તર ૧૦૭.૮૯ મીટર છે. ડેમમાં હાલ ૨૨૦૧૨ ક્યુસેક ઈનફ્લો તથા ૨૨૦૧૨ ક્યુસેક આઉટફલો છે.

**રાજકોટ જિલ્લામાં ભારે વરસાદમાં ફસાયેલાં કુલ ૧૦૩ લોકોને રેસ્ક્યુ કરાયા**

રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર ભારે વરસાદની પરિસ્થિતિ વચ્ચે નાગરિકોની સલામતી માટે સતત ત્રણ દિવસથી ખડેપગે છે. આકાશી આફતના સમયે રાહત-બચાવ ટીમોએ અનેક નાગરિકોને મુસીબતમાંથી ઉગારીને સલામતસ્થળે ખસેડ્યા છે. ત્યારે કલેક્ટરશ્રી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ હજુ પણ રાહત-બચાવની ટીમો તૈનાત છે. રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી તથા તાલુકા મામલતદાર કચેરીના કંટ્રોલ રૂમ ખાતે છેલ્લા ત્રણ દિવસ દરમિયાન આવેલા કોલમાંથી ૫૫ લોકો અને શહેરી વિસ્તારમાં ૪૮ લોકો મળીને કુલ ૧૦૩ લોકોને રેસ્ક્યુ કરાયા હતા. ગ્રામ્ય વિસ્તારની વિગતવાર વાત કરીએ તો ગોંડલ તાલુકામાં વેકરી ગામે વાડીમાં વરસાદી પાણીમાં ફસાયેલા ૩ મજૂરોને બહાર નીકળવામાં આવ્યા હતા. શ્રીનાથગઢ વાડી વિસ્તારમાં ૧ સગર્ભા શ્રી લક્ષ્મીબેનને ચાલુ વરસાદે પ્રસુતિ કરાવવામાં આવી હતી. અને નગરપાલિકા વિસ્તારમાં જર્જરીત મકાનની દીવાલ પડી જતા ઈજાગ્રસ્ત ૯ લોકોને રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા. જામકંડોરણા તાલુકાના બોરીયા ગામમાં વાડીએ વરસાદી પાણીમાં ફસાયેલા ૪ મજૂરોને બચાવવામાં આવ્યા હતા. ઉપલેટા તાલુકામાં હાથફોડી રોડ પર મોજ નદીમાં ફસાયેલા ૪ લોકોને નગરપાલિકા ટીમ દ્વારા બહાર કાઢવામાં આવ્યા હતા. રાજકોટ તાલુકામાં નદીઓના પટમાં ફસાયેલા ૨૪ ખેતમજૂરોને તથા ગોંડલ તાલુકામાં કુલ ૯ લોકોને નગરપાલિકા અને વહીવટી તંત્રના સહયોગથી સલામતસ્થળે ખસેડવામાં આવ્યા હતા. તેમજ જસદણ તાલુકાના ભાડલા ગામે ૧ ખેડૂત રસ્તામાં વરસાદી પાણીમાં ફસાય જતા તેને બહાર નીકળી સુરક્ષિત કરવામાં આવ્યા હતા.

**આજી-૨ ડેમમાં જળાશયનું સ્તર ૭૨.૫૨ મીટર થતાં પડધરીના ૧૦ ગામો માટે ચેતવણી સંદેશ**

રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકા પાસે આવેલા આજી-૨ જળાશયમાં હાલ વરસાદના નીરની આવક ઘટી છે. અગાઉ ડેમના સાત દરવાજા ૧.૫૨ મીટર ખોલાયા હતા. તેમાં હવે ઘટાડો કરી દરવાજા બંધ કરાયા છે. જળાશયનું હાલનું સ્તર ૭૨.૫૨ મીટર છે. આ સાથે પડધરી તાલુકાના ૧૦ ગામો માટે ખાસ ચેતવણી સંદેશ જારી કરવામાં આવ્યો છે. જેમાં અડબાલકા, બાઘી, દહીંસરડા, ડુંગરકા, ગઢડા, હરિપર, ખંઢેરી, નારણકા, સખપર, ઉકરડાનો સમાવેશ થાય છે. ડેમનું કુલ રિઝર્વિયર લેવલ (ઉચ્ચ જળસ્તર) ૭૩.૭૬ મીટર છે. જ્યારે હાલનું સ્તર ૭૨.૫૨ મીટર છે. હાલ ઈનફ્લો ૨૦૯૮૬ ક્યુસેક છે જ્યારે આઉટફ્લો ૨૦૯૮૬ છે.

**વરસાદના પગલે જુદા-જુદા ડેમોના હેઠવાસના ગામોના લોકોને નદી પટમાં અવરજવર ન કરવા તંત્રનો અનુરોધ**

રાજકોટ જિલ્લામાં તથા ઉપરવાસમાં થયેલા ભારે વરસાદના કારણે રાજકોટ જિલ્લાના જુદા-જુદા ડેમના દરવાજા ખોલવામાં આવ્યા હતા. આ ડેમના દરવાજા વધારે ખોલવામાં તથા ખોલેલા દરવાજાનો ઘટાડો/ બંધ કરવાનો ચેતવણી સંદેશ આપવાની સાથે નદીના પટમાં અવરજવર ન કરવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લોકોને અનુરોધ કરાયો છે. જે મુજબ પડધરી તાલુકા પાસેના ડોન્ડી જળાશયમાં વરસાદની આવક વધતા અગાઉ એક દરવાજો ૦.૩ મીટર ખોલેલા હતા તેમાં વધારો કરી એક દરવાજો ૦.૬૧ મીટર કરાયો છે. જેથી પડધરીના હિદડ, પાંભર ઈટાળા, નાના ઈટાળા, લક્ષ્મી ઈટાળાના ગામ લોકોએ નદીના પટમાં અવરજવર કરવી નહીં. ગોંડલ તાલુકા પાસે આવેલા કબીર સરોવર જળાશયમા વરસાદની આવકમાં ઘટાડો થતા ઓવરફ્લો ૦.૩૫ મીટર થયેલ છે. જેથી ગોંડલના ડૈયા, ચરખડી, કોલીથડ, લૂણીવાવ, પડવાળા, વેજાગામ, ગરનાળા, ત્રાકુડા વગેરે ગામના લોકોએ નદીના પટમાં અવરજવર કરવી નહીં. જામ જોધપુર તાલુકા પાસે આવેલ ફુલઝર (કે.બી.) જળાશયમા વરસાદના પાણીની આવક ઘટતા અગાઉ ૪ દરવાજા ૦.૯૧ મીટર ખોલેલ હતા. તેમા ઘટાડો કરી હવે ૨ દરવાજા ૦.૯૧ મીટર કરાયા છે. જળાશયમા હાલનુ લેવલ ૯૪.૩ મીટર છે. આથી ડેમની હેઠવાસમાં આવેલા રાજકોટ ઉપલેટા તાલુકાના હરિયાસણ, ચરાલીયા, ખારચીયા, રાજપરા તથા રબારિકા ગામના લોકોને નદીના પટમાં અવરજવર ન કરવુ અને સાવચેત રહેવુ. લોધીકા પાસેના ન્યારી-૧ જળાશયના અગાઉ ૩ દરવાજા ૦.૯૧ મીટર ખોલેલ હતા તેમા ઘટાડો કરી હવે ૩ દરવાજા ૦.૬૧ મીટર કરાયા છે. જેથી ઈશ્વરીયા વોટર સપ્લાય, લોધીકા હરિપર યોજના, વડવાળી વીજડી, પડધરી ખંભાણા, ન્યારા, રામપુર, રંગપુર, તરઘરી, ગઢેવળી વાજેળી, વેજાગામ તથા વેજાગામ વાજડીગામ લોકોએ નદીના પટમાં અવરજવર ન કરવા અને સાવચેત રહેવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સૂચના આપવામાં આવે છે.

# વેરાવળના મીઠાપુર ગામે બળદગાડા ઉપર જીવંત વીજ વાયર પડતા બળદનું સ્થળ ઉપર જ કમકમાટીભર્યુ મોત : ખેડુતનો બચાવ




## પ્રભાસપાટણ PGVCLની બેદરકારીનો ખેડૂતોનો આક્ષેપ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૩૦

વેરાવળ નજીકના મીઠાપુર ગામે બળદગાડા પર જીવંત વિજવાયર પડતા બળદનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મૃત્યું નીપજ્યું હતું. જ્યારે બળદગાડામાં સવાર ખેડૂતનો આબાદ બચાવ થયો હતો. આ અંગેની પ્રાપ્ત વિગત અનુસાર વેરાવળ નજીકના મીઠાપુર ગામે રહેતા ખેડૂત મેણશીભાઈ રાજાભાઈ સોલંકી મીઠાપુર ગામેથી તેમની બીજી વાડીએ ભાલપરા રોડ ઉપરથી જવા માટે બળદ ગાડું લઈ નીકળ્યા હતા. ત્યારે ભાલપરા રોડ ઉપર ઈલેવન કેવીની એલટી લાઈનનો જીવંત વીજ વાયર અચાનક બળદગાડા ઉપર પડતા બળદને વીજ શોક લાગતા ઘટના સ્થળે ફંગોળાઈને મોતને ભેટ્યો હતો. જ્યારે બળદગાડામાં સવાર ખેડુત મેણશીભાઈ સોલંકીનો આબાદ બચાવ થયો હતો. આ ઘટના અંગે ખેડૂતના જણાવ્યા મુજબ પ્રભાસ પાટણ પીજીવીસીએલ તંત્રની બેદરકારીના કારણે આ ઘટના સર્જાય છે. પીજીવીસીએલ કચેરીના સ્ટાફ દ્વારા હાલ ચોમાસામાં મેન્ટેનન્સની કામગીરી પૂરતા પ્રમાણમાં કરવામાં આવી ના હોય અને વીજવાયરો પડતા હોવાનો આક્ષેપ ખેડૂતે લગાવ્યો છે. હાલ તો ઘટનાના પગલે પીજીવીસીએલ પ્રભાસ પાટણની ટીમ તુરંત ઘટના સ્થળે પહોંચી હતી અને વીજ પુરવઠો બંધ કરી તાત્કાલિક આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સતત ચોથા દિવસે દ્વારકાને ધમરોળતા મેઘરાજા : ચોવીસ કલાકમાં વધુ ૭ ઈંચ વરસાદ સાથે મોસમનો કુલ ૮૬ ઈંચ વરસાદ નોંધાયો





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૩૦

છેલ્લાં ચાર દિવસથી ગુજરાત ઉપર મંડરાયેલી વરસાદી સીસ્ટમ હાલમાં પણ કરછમાં કેન્દ્રબિંદુ સાથે ઉત્તર પશ્ચિમ સૌરાષ્ટ્ર તથા કચ્છને આજે ચોથા દિવસે પણ ધમરોળી રહી છે આ લખાય છે ત્યારે છેલ્લા ચોવીસ કલાકમાં દ્વારકા તાલુકામાં સતત ચોથા દિવસે વધું સાત ઈંચ વરસાદ સાથે મોસમનો કુલ ૮૬ ઈંચ વરસાદ વરસી જતાં નિચાણવાળા વિસ્તારોમાં વ્યાપક પાણી ભરાવા સાથે શહેરના અનેક પ્રમુખમાર્ગો પાણી પાણી થઈ જતાં જનજીવનને વ્યાપક અસર પહોંચી છે. તંત્રની સતત કામગીરી છતાં પણ પવન સાથેના વરસાદને લીધે બતી ગુલ, બેંકીંગ કામગીરીમાં મુશ્કેલી, શાકભાજી-ફળો મોંઘા, દુધ ઈત્યાદિની શોર્ટજ સાથે શહેરીજનોને વ્યાપક તકલીફો ભોગવવી પડી છે.

# ગીર સોમનાથ જિલ્લા મેજિસ્ટ્રેટ દિગ્વિજયસિંહ ડી. જાડેજાએ પાસા ધારા હેઠળ હુકમ કરતા બુટલેગર મધ્યસ્થ જેલ સુરતના હવાલે



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૩૦

જિલ્લામાં જાહેર વ્યવસ્થાની જાળવણીના ભાગરૂપે ગેરકાયદેસર દારૂની હેરાફેરી જેવી અસામાજિક પ્રવૃત્તિ આચરતો ઈશમો રોહિત ઉર્ફે રેમ્બો રમેશભાઈ બારીયા, રહે. વેરાવળ જિલ્લો ગીર સોમનાથ કે જેઓ વેરાવળ સીટી પો. સ્ટે., પ્રભાસ પાટણ પો. સ્ટે., કોડીનાર પો. સ્ટે.ના કુલ સાત ગુન્હામાં કિ.રૂા.૧,૦૦,૭૦૫નો ભારતીય બનાવટી દારૂ-બિયરનો વિપુલ પ્રમાણમાં પ્રોહીબીશનનો મુદ્દામાલને કબ્જામાં રાખીને હેરફેર કરતા પકડાયેલ. આ ઈશમ ભવિષ્યમાં પણ આવી ગુન્હાહિત પ્રવૃત્તિ ચાલુ રાખીને જાહેર વ્યવસ્થાની જાળવણીમાં બાધારૂપ થાવાના તેમજ તેની આવી ગેરકાયદેસરની પ્રવુત્તિથી લોકોના જાહેર સ્વાસ્થ્ય ઉપર ગંભીર અસર પહોંચતી હોવાનું તથા સમાજનું યુવાધન દારૂ તથા બિયરની બુરી લતે ચડી જાય જેનાથી સમાજનું યુવાધન માનસિક, શારીરિક તેમજ આર્થિક રીતે ખોખલું થતા યુવા પેઢીનું ભાવિ ધુધળું થાય તેવા કારણો જણાતા તેને આવા જાહેર સુલેહશાંતી વિરુદ્ધનાં કૃત્યો કરતો અટકાવવા સારું ગીર સોમનાથ જિલ્લા મેજિસ્ટ્રેટએ તા.૨૯-૮-૨૦૨૪ના રોજ પાસા ધારા તળે અટકાયત કરવા હુકમ કરતા મધ્યસ્થ જેલ સુરતના હવાલે કરવામાં આવેલ છે.

# મેડીકલ-ડેન્ટલમાં ૫૮૯૩ બેઠકોમાં વિદ્યાર્થીઓને ચોઈસ ફીલીંગના આધારે પ્રવેશ ફાળવાયો

## તા.૫ સપ્ટે. સુધી ફી ભરી પ્રવેશ કન્ફર્મ કરાવી શકાશેઃ મેરીટમાં ૨૨૮૬૨ છાત્રો પરંતુ ૧૭૦૨૬ વિદ્યાર્થીઓએ પ્રથમ રાઉન્ડમાં ભાગ લીધો

રાજકોટ, તા., ૩૦

ગુજરાત રાજયની મેડીકલ કોલેજમાં મેડીકલ અને ડેન્ટલના પ્રથમ તબક્કાના રાઉન્ડમાં ૬૯૫૮ બેઠકો ઉપર પ્રવેશ ફાળવાયો છે. ધો.૧૨ પછી મેડીકલ ડેન્ટલમાં પ્રવેશ માટે પ્રથમ રાઉન્ડમાં વિદ્યાર્થીઓએ આપેલી ચોઈસના આધારે કોલેજની ફાળવણી કરવામાં આવી છે. મેડીકલની કુલ ૬૫૭૩ બેઠકોમાંથી મેનેજમેન્ટ કવોટાની બેઠક બાદ કરતા ૫૮૯૩ બેઠકો ઉપર પ્રવેશ ફાળવાયો છે. તેવી જ રીતે ડેન્ટલમાં ૧૦૬૫ બેઠકો ઉપર વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે.

મેડીકલની ૫૮૯૩ અને ડેન્ટલની ૧૦૬૫ બેઠકોમાં પ્રવેશ ફાળવેલ વિદ્યાર્થીઓને તા.૫ સપ્ટેમ્બર સુધીમાં ફી ભરીને પ્રવેશ કન્ફર્મ કરાવી શકાશે. ગુજરાતમાં મેરીટમાં કુલ ૨૨૮૬૨ વિદ્યાર્થીઓમાંથી ૧૭૦૨૬ વિદ્યાર્થીઓએ પ્રથમ રાઉન્ડમાં ભાગ લીધો હતો. મેડીકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓને તા.૨૫ થી તા. ૨૯ મી સુધી ચોઈસ ફીલીંગ માટે સુચના આપવામાં આવ્યા બાદ મેરીટના આધારે કોલેજની ફાળવણી કરવામાં આવી છે.

# દાતારનાં ઉર્ષનાં મેળાની તૈયારી અંગે કલેકટર સમક્ષ રજુઆત કરતા આગેવાનો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

આગામી તા.૧૩-૯-૨૦૨૪ના રોજથી શરૂ થતાં હઝરત જમિયલશા નીચલા દાતારના ઉર્ષ મેળાને લઈ કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિ તેમજ અન્ય અગ્રણીઓનું પ્રતિનિધિ મંડળ અધિક કલેકટર ચૌધરીને રજૂઆત કરેલ હતી. જેમાં બટુકભાઈ મકવાણા, મુન્નાબાપુ દાતાર વાળા, અશરફભાઈ થઈમ, મહેબૂબભાઈ પંજા, વહાબભાઈ કુરેશી, હાજીભાઈ ઠેબા, અખતરભાઈ હટી, સોહેલ સિદીકી સહિતના હાજર રહેલ હતા.

### અવસાન નોંધ

ગીરગઢડા : જયાબેન તેલી(ઉ.વ.૮૫) તે, વનેચંદભાઈ દેવચંદભાઈ તેલીના પત્ની, નિતીનભાઈના માતુશ્રી, દિક્ષિતભાઈના દાદી, બીપીનભાઈ, યોગેશભાઈના કાકીનું તા.૨૮ ના રોજ અવસાન થયુ છે.

# જૂનાગઢમાં આયુર્વેદીક સુવર્ણપ્રશાનનો કેમ્પ યોજાશે

જૂનાગઢ તા. ૩૦ : જૂનાગઢની ઓમ આયુર્વેદીક હોસ્પીટલ, ૩૦૪, પ્લેટીનમ-૨, ત્રીજા માળે, એસટી કોલોની સામે, મોતીબાગ ખાતે નિઃશુલ્ક આયુર્વેદીક સુવર્ણપ્રાશનનાં કેમ્પનું તા. ૩૧-૮, ૨૭-૯, ૨૪-૧૦, ૨૧-૧૧ અને ૧૮-૧૨નાં રોજ આયોજન કરવામાં આવેલ છે.

## કિંગ ખાનની સંપત્તિ ૭૩૦૦ કરોડ રૂપિયા

# શાહરૂખ ખાન પહેલીવાર દેશના અબજોપતિઓની યાદીમાં સામેલ

મુંબઈ, તા.૩૦

બોલિવૂડના બાદશાહ શાહરૂખ ખાન પહેલીવાર દેશના અબજોપતિઓની યાદીમાં પોતાનું સ્થાન બનાવવામાં સફળ થયા છે. ભારતીય મનોરંજન ઉદ્યોગના બાદશાહ શાહરૂખ ખાનને ૭૩૦૦ કરોડની સંપત્તિ સાથે પ્રથમ વખત હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ ૨૦૨૪માં સામેલ કરવામાં આવ્યો છે. કિંગ ખાન કોલકાતા નાઈટ રાઈડર્સ અને રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટમાં પોતાની ભાગીદારીને કારણે આ યાદીમાં પોતાનું સ્થાન બનાવવામાં સફળ રહ્યો છે. હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટમાં બોલિવૂડના બાદશાહ અમિતાભ બચ્ચન, જુહી ચાવલા અને ફેમિલી, કરણ જોહર અને રિતિક રોશન પણ પહેલીવાર આ લિસ્ટમાં સામેલ થયા છે. હુરુન ઈન્ડિયાના મતે, વિશ્વના સૌથી મોટા ફિલ્મ નિર્માતા ઉદ્યોગમાંથી આ વખતે જે લોકો અમીરોની યાદીમાં સામેલ થયા છે, તેઓ માત્ર અભિનય દ્વારા જ નહીં પરંતુ પોતાના પ્રોડક્શન હાઉસ પણ ચલાવે છે.


રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટના સ્થાપક ૫૮ વર્ષીય શાહરૂખ ખાન પહેલીવાર આ યાદીમાં સામેલ થયા છે અને તેમની કુલ સંપત્તિ ૭૩૦૦ કરોડ રૂપિયા છે. તેમના પ્રોડક્શન હાઉસે ઘણી મોટી અને સફળ ફિલ્મો બનાવી છે. હુરુન ઈન્ડિયાએ કહ્યું કે, IPL ક્રિકેટ ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સને કારણે શાહરૂખ ખાનની સંપત્તિમાં પણ વધારો થયો છે, જે એક સફળ ફ્રેન્ચાઈઝી છે. હુરુન ઈન્ડિયાના સ્થાપક અને મુખ્ય સંશોધક અનસ રહેમાન જુનૈદે કહ્યું કે, ક્રિકેટ અને ફિલ્મો ભારતના હૃદયની ધબકારા છે. આઈપીએલ ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સમાં હોલ્ડિંગ વેલ્યુને કારણે ફિલ્મ સ્ટાર શાહરૂખ ખાનને પ્રથમ વખત હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટમાં સામેલ કરવામાં આવ્યો છે.

# NDRFના જવાનો અને વહીવટી તંત્ર દ્વારા દિલધડક રેસ્ક્યુ ઓપરેશન

**બિમાર વૃદ્ધાને બગસરા ઘેડ ગામેથી રેસ્ક્યુ કરી હોસ્પિટલ પહોંચાડ્યા : વાડી વિસ્તારમાં ફસાયેલા વયોવૃદ્ધ દંપતિને ગામમાં સુરક્ષિત જગ્યાએ ખસેડ્યા**



**બગસરા ઘેડ સુધી પહોંચવા માટે એનડીઆરએફના જવાનો અને અધિકારીઓએ ભારે જહેમત ઉઠાવી : ખેતરમાં સેઢાપાળા અને તાર ફેન્સીંગ હોવાથી બોટ ચાલી શકે તેમ ન હતી, ત્યાં બોટ ઉપાડવી પડી**



જૂનાગઢ, તા.૩૦

બગસરા ઘેડ ગામે ૬૫ વર્ષના એક વૃદ્ધાનું બ્લડ પ્રેશર વધી જતા અને ઝાડા-ઉલટી થતા તાત્કાલિક સારવારની જરૂર હતી, ત્યારે એનડીઆરએફના જવાનો અને વહીવટી તંત્રના અધિકારીઓ-કર્મચારીઓ બોટ મારફત બગસરા ઘેડ ગામે પહોંચી, વૃદ્ધાનું રેસ્ક્યુ કરીને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ સંદર્ભે માંગરોળના તાલુકા વિકાસ અધિકારી આર.વી. ઓડેદરા જણાવે છે કે, બગસરા ઘેડ ગામના વૃદ્ધાનું રેસક્યુ કરવા માટે માંગરોળના સામરડા ગામેથી બોટ મારફતે રવાના થયા હતા. તેઓ કહે છે કે, બગસરા ગેડ ગામ સુધી પહોંચવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. આ વિસ્તારમાં પાણી તો ભરાયેલું હતું પરંતુ વચ્ચે ખેતરના સેઢા - પાળો હોય અને તાર ફેન્સીંગ પણ કરેલા હતા. જેથી બોટ સીધી રીતે ચાલી તેમ ન હતી. જેથી એનડીઆરએફના જવાનો સહિતની ટીમે બોટને ઊંચકવી પણ પડતી હતી. ફરી પાણીમાં મૂકીને બોટલ ચલાવવામાં આવી. આ દરમિયાન વાડી વિસ્તારમાં ફસાયેલા વૃદ્ધ દંપતીનું પણ રેસ્ક્યુ કરીને બગસરા ઘેડ ગામે સુરક્ષિત રીતે લઈ જવામાં આવ્યા હતા. બગસરા ઘેડ ગામના વૃદ્ધા પુંજીબેન માધવજીભાઈ ચાવડા બીમાર હોવાથી જરૂરી દવાઓ સાથે ડોક્ટર ને પણ લઈ જવામાં આવ્યા હતા. જેથી ત્વરિત જરૂરી સારવાર થઈ શકે. બિમાર વૃદ્ધા પુંજીબેન અને તેમના અન્ય ત્રણ પરિવારજનોને સાથે લઈ પરત રવાના થયા હતા. સામરડા ખાતે ૧૦૮ એમ્બ્યુલન્સને સ્ટેન્ડબાયમાં રાખવામાં આવી હતી. અહીંથી દર્દી પુંજીબેનને સીધા જ કેશોદ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા અને જરૂરી સારવાર આપવામાં આવી હતી. હાલ તેમની તબિયત સ્થિર છે. આ રેસ્ક્યુની કામગીરીમાં ગ્રામજનોનો પણ ખૂબ સહયોગ મળ્યો હતો. તાલુકા વિકાસ અધિકારી આરવી ઓડેદરા કહે છે કે, તા.૨૮ ઓગસ્ટના આશરે બપોરના ૧૨.૪૦ કલાકે શરૂ કરાયેલા આ રેસક્યુ ઓપરેશન રાત્રીના ૧૦.૫૦ કલાકે પૂર્ણ થયું હતું. આમ, દશેક કલાકની ભારે જહેમત બાદ રેસ્ક્યુ કરવામાં સફળતા મળી હતી.

# જૂનાગઢ શહેરમાં માર્ગ મરામતની કામગીરી પૂરજોશમાં મહાનગરપાલિકા વિસ્તારમાં મેટલિંગ દ્વારા કરાતું પેચવર્ક



જૂનાગઢ, તા.૩૦

જૂનાગઢ શહેરમાં મહાનગરપાલિકા તંત્ર દ્વારા પૂરજોશમાં માર્ગ મરામતની કામગીરી પૂરજોશમાં કરવામાં આવી રહી છે. વરસાદે આજે આંશિક વિરામ લેતા પેચવર્કની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જૂનાગઢ શહેરના સાબલપુર સર્કલ, જયશ્રી રોડ, અશોક સ્વીટ, એસ.ટી. બસ સ્ટેન્ડ, મોતીબાગથી સરદાર બાગ, મજેવડી ગેટ સહિતના રસ્તાઓ ઉપર મેટલિંગ દ્વારા પેચવર્ક કરવામાં આવ્યું હતું. રસ્તાઓને મેટલિંગ દ્વારા સમથળ કરવા માટે રોલિંગ પણ કરવામાં આવ્યું હતું.

# જૂનાગઢ જીલ્લામાં ભારે વરસાદથી ધરાશાયી થયેલા ૪૭ વૃક્ષો દૂર કરી માર્ગ પૂર્વવત કરાયા



જૂનાગઢ, તા.૩૦

ભારે વરસાદના પગલે લોકોને પડતી મુશ્કેલીઓ દૂર કરવા જિલ્લા વહીવટી તંત્ર ઝડપભેર અને સતર્કતા સાથે કામ કરી રહ્યું છે, જૂનાગઢ જિલ્લામાં ભારે વરસાદથી ૪૭ જેટલા વૃક્ષો ધરાશાયી થયા હતા. ઉપરાંત મહાનગર-પાલિકા વિસ્તારમાં પણ ૪ વૃક્ષો ધરાશાયી થયા હતા. તંત્ર દ્વારા આ તમામ વૃક્ષોને દૂર કરી વાહન વ્યવહાર પૂર્વવત કરવામાં આવ્યો હતો. જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના સીધા માર્ગદર્શનમાં હેઠળ વહીવટી તંત્ર ભારે વરસાદથી પડતી મુશ્કેલીઓ નિવારવા માટે ત્વરિત પગલાં લેવામાં આવી રહ્યા છે. આ સાથે જિલ્લા કલેક્ટર દ્વારા ભારે વરસાદના પગલે થયેલ કામગીરીની સમીક્ષાઓ પણ કરવામાં આવી રહી છે.

માર્ગ અને મકાન, વન વિભાગ ઉપરાંત કોર્પોરેશન દ્વારા આ ધરાશાયી થયેલા વૃક્ષોને જેસીબી સહિતના સાધનો દ્વારા ત્વરિત દૂર કરવા માટેની કામગીરી કરવામાં આવી છે.

### જૂનાગઢ શહેરમાં પૂરજોશમાં સફાઈ કામગીરી

# વરસાદ વચ્ચે પણ મહાનગરપાલિકાના ૫૫૦ જેટલા કર્મચારીઓ દ્વારા નિયમિત સફાઈની કામગીરી : ૭૫ વાહનો દ્વારા ડોર ટુ ડોર કચરાનું કલેક્શન

**વરસાદના વિરામ બાદ જંતુનાશક મેલોથિયોન પાવડરનો પણ સમગ્ર શહેરમાં છંટકાવ કરવામાં આવશે : રોગચાળો ન ફેલાય તે માટે રખાતી સાવધાની: ૨ જેસીબી, સુપડી, ટ્રેક્ટર, જેટિંગ મશીન સહિતના સાધનો દ્વારા સફાઈની થતી કામગીરી**



જૂનાગઢ, તા.૩૦

જૂનાગઢ શહેરમાં વરસાદ વચ્ચે પણ નિયમિતપણે ૫૫૦ જેટલા સફાઈ કર્મચારીઓ દ્વારા ઝુંબેશ સ્વરૂપે સફાઈ કામગીરી કરવામાં આવી રહી છે. ખાસ કરીને સફાઈના અભાવે રોગચાળો ન ફેલાય તે માટે પૂરતી તકેદારી ઓ લેવામાં આવી રહી છે. ઉપરાંત વરસાદના વિરામ બાદ જંતુનાશક મેલોથિયોન પાવડરનો પણ સમગ્ર શહેરમાં છંટકાવ કરવામાં આવશે. મહાનગર-પાલિકાના સેનિટેશન વિભાગના રાજુભાઈ ત્રિવેદી જણાવે છે કે, કમિશ્નર ઓમ પ્રકાશના માર્ગદર્શનમાં અને ડેપ્યુટી કમિશ્નર અજય ઝાપડા તથા સેનિટેશન સુપ્રિટેન્ડેન્ટ કલ્પેશ ટોળીયાની દેખરેખમાં કોર્પોરેશન વિસ્તારમાં ઝુંબેશ સ્વરૂપે સફાઈ કામગીરી કરવામાં આવી રહી છે, ડોર ટુ ડોર કચરાના કલેક્શન સાથે જેસીબી, સુપડી, ટ્રેક્ટર સહિતના સાધનો દ્વારા સફાઈ પર પૂરતું ધ્યાન આપવામાં આવી રહ્યું છે. શહેરના સરદાર બાગ, રેલ્વે સ્ટેશન દોલતપરા-માર્કેટિંગ યાર્ડ રોડ, ખલીલપુર રોડ સહિતના વિસ્તારમાં અભિયાન સ્વરૂપે સફાઈ કામગીરી કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે, ડ્રેનેજ એટલે કે ગટરની સાફ-સફાઈ પણ જેટિંગ મશીન દ્વારા કરવામાં આવી રહી છે. આ માટે પણ ૩૦ જેટલા કર્મચારીઓ કામ કરી રહ્યા છે. ઉપરાંત ભરાયેલા વરસાદી વરસાદી પાણીના નિકાલ માટે ડી વોટરીંગની પણ કામગીરી કરવામાં આવી રહી છે.

## જૂનાગઢ જીલ્લાના ૩૪ ડેમો પૈકી ડેમો ૨૦ ઓવરફ્લો

જૂનાગઢ, તા.૩૦

જૂનાગઢ જિલ્લામાં ભારે વરસાદના પગલે સિંચાઈ વિભાગ- રાજ્ય હસ્તકના ૨૦ પૈકી ૧૭ ડેમ ઓવરફ્લો થયા છે, જ્યારે પંચાયત હસ્તકના ૧૪ પૈકી ૩ ડેમ ઓવરફ્લો થયા છે. જિલ્લામાં સિંચાઈ વિભાગ -રાજ્ય હેઠળના ૯ દરવાજા વાળા પૈકી ૮ ઓવરફ્લો થયા છે અને અનગેટેડ એટલે કે દરવાજા વગરના ૧૧ પૈકી ૯ ડેમ ઓવરફ્લો થયા છે. ઉપરાંત સિંચાઈ વિભાગ-પંચાયત હેઠળના દરવાજા વગરના ૧૪ પૈકી ૩ ડેમ ઓવરફ્લો થયા છે.

# જૂનાગઢ જીલ્લામાં તકેદારીના ભાગરૂપે ૩૩ સગર્ભા બહેનોનું સ્થળાંતર

**આરોગ્યતંત્રની સમય સૂચકતાથી ૧૨ જેટલા બહેનોની હેમખેમ રીતે હોસ્પિટલમાં ડીલેવરી કરાઈ : છેલ્લા ત્રણ દિવસમાં આરોગ્ય વિભાગ દ્વારા સગર્ભા બહેનોના સ્થળાંતરની કામગીરી : ૧૭ સગર્ભા બહેનોને સગાઓના ઘરે સુરક્ષિત રીતે શીફ્ટ કરાયા**



જૂનાગઢ, તા.૩૦

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ભારે વરસાદ વચ્ચે સગર્ભા બહેનોની વિશેષ કાળજી લેવામાં આવી હતી. ખાસ કરીને ઘેડ વિસ્તારના અને નીચાણ વાળા ગામોમાં જે સગર્ભા બહેનોને ડીલવરી માટેનો સમય નજીકમાં હતો, તેમને કોઈ મુશ્કેલીઓ ન પડે તે માટે આગોતરી તૈયારીઓના ભાગરૂપે સુરક્ષિત રીતે સ્થળાંતર કરવામાં આવ્યું હતું. તા.૨૬,૨૭ અને ૨૮ ઓગસ્ટના રોજ ૩૩ સગર્ભા બહેનોમાંથી ૧૭ જેટલા બહેનોને પોતાના સગાઓના ઘરે સુરક્ષિત રીતે સ્થળાંતર કરવામાં આવ્યું હતું. ઉપરાંત ૧૨ સગર્ભા બહેનોની હોસ્પિટલ ખાતે હેમખેમ રીતે ડીલવરી કરાઈ હતી. હાલ ૪ જેટલા સગર્ભા બહેનો હોસ્પિટલમાં દાખલ છે.

# જૂનાગઢ-ખડીયા રોડની મરામત કામગીરી પૂરજોશમાં કરાતી

**માર્ગ અને મકાન વિભાગ દ્વારા જેસીબી મશીન અને મેટલિંગથી રસ્તાને કરાતો સમથળ**



જૂનાગઢ, તા.૩૦

ભારે વરસાદથી અસરગ્રસ્ત થયેલા જૂનાગઢથી ખડીયાને જોડતા રોડને મરામત કરવાની કામગીરી માર્ગ અને મકાન વિભાગ દ્વારા પૂરજોશમાં કરવામાં આવી રહી છે. ભારે વરસાદના પગલે થયેલા ભૂવાઓને બુરીને રસ્તાને સમથળ કરવામાં આવી રહ્યો છે. આ રસ્તાનું મરામત કાર્ય જેસીબી મશીન દ્વારા કરવામાં આવી રહ્યું છે, રસ્તાને સમથળ કરવા માટે જરૂર જણાય ત્યાં મેટલિંગ પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આમ, લોકોને કામચલાઉ ધોરણે રાહત મળી રહે તે માટે જરૂરી કામગીરી માર્ગ અને મકાન વિભાગ- જૂનાગઢ દ્વારા કરવામાં આવી રહી છે. ઉપરાંત વરસાદ બંધ થતાં વહેલી તકે આ રસ્તા પર ખરાબ સપાટી પર ડામર પેવર પટ્ટાની કામગીરી હાથ ધરવામાં આવશે. ઉલ્લેખનિય છે કે, રાજ્ય સરકાર દ્વારા ૧૦ કિ.મી.ના જૂનાગઢ -ખડીયા માર્ગને ફોર ટ્રેક એટલે કે ચાર માર્ગીય બનાવવા માટે પણ મંજૂરી આપવામાં આવી છે. જે મંજૂરીઓ મેળવ્યા બાદ આ રસ્તાની કામગીરી શરૂ કરવામાં આવશે.

### શ્રીજી દિવ્યાંગ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

# અતિગંભીર દિવ્યાંગો માટેની સંસ્થામાં બિરાજમાન કષ્ટભંજન મહાદેવનો બીજો પાટોત્સવ ઉજવાયો



જૂનાગઢ, તા.૩૦

માનવસેવા એ જ પ્રભુ સેવાના ઉદ્દેશ્યથી શરૂ કરાયેલી અતિગંભીર દિવ્યાંગો માટેની સંસ્થામાં કષ્ટભંજન મહાદેવ શિવ શંકરના મંદિરને બે વર્ષ પૂર્ણ થતા અને ત્રીજા વર્ષમાં પ્રવેશ કરતા સંસ્થાના સંચાલક દ્વારા મહાપ્રભુ શિવજી શ્રી કષ્ટભંજન મહાદેવને શુભ શણગાર સજી મંદિરને શણગારી શંકર ભગવાનનો અભિષેક, પૂજા, પ્રાર્થના વગેરેનો કાર્યક્રમ આ દિવ્યાંગ બાળકો દ્વારા ઉજવવામાં આવેલ હતો. કષ્ટભંજન મહાદેવના સાનિધ્યમાં આશરે સ્થાન લઈ રહેલા આ દિવ્યાંગો દ્વારા પોતાની કાલી ઘેલી ભાષામાં સ્તુતિ અર્ચના કરવામાં આવી હતી. પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન આવતો આ ઉત્સવ સંસ્થા માટે અને રો આકર્ષણ ધરાવે છે. આ તકે ઉપસ્થિત હસમુખભાઈ પાનસુરીયા તથા હરસિધ્ધિ ગરબી મંડળ સમઢીયાળાના પ્રમુખ હિતેશભાઈ માથુકિયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ તકે સંસ્થાના સંચાલક કૌશિકભાઈ જોશી દ્વારા તેમનું અભિવાદન કરવામાં આવ્યું હતું અને કષ્ટભંજન મહાદેવ શ્રી શંકર મહાદેવનો આવો જ સાથ અને કૃપા આ દિવ્યાંગ બાળકો ઉપર કાયમ માટે રહે તેવી પ્રાર્થના કરી હતી.

# કોડિનાર નગરપાલિકા દ્વારા શહેરભરમાં સાફ-સફાઈની કામગીરી હાથ ધરાઈ

**મચ્છરજન્ય-પાણીજન્ય રોગચાળો ન ફેલાય તે માટે ક્લોરિનેશન અને દવા છંટકાવની કામગીરી કરાઈ**



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૩૦

ગીર સોમનાથ જિલ્લામાં ભારે પવન સાથે વરસાદ પડવાની આગાહીના કારણે જિલ્લામાં વિવિધ જગ્યાઓએ વરસાદ પડ્યો હતો. વરસાદ બંધ થતાં જ કોડિનાર નગરપાલિકા દ્વારા જુદા-જુદા વિસ્તારમાં સાફ-સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી છે.વરસાદના કારણે શહેરના છારા ઝાપા, મુખ્ય બજાર, બસસ્ટેશન, દરગાહ દરવાજા સહિત જુદા જુદા વિસ્તારોમાં જેસીબી દ્વારા કાદવ-કિચડ સાફ કરવામાં આવી રહ્યો છે અને સફાઈ કામદારો દ્વારા સ્વચ્છતાની કામગીરી થઈ રહી છે. નાગરિકોનું આરોગ્ય જળવાઈ રહે અને મચ્છરજન્ય રોગચાળો ન ફેલાય તે માટે શહેરના જુદા જુદા ગામતળ તથા સોસાયટી વિસ્તારોમાં દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. અને નગરપાલિકા દ્વારા પાણીજન્ય રોગો ઉત્પન્ન ન થાય તે ધ્યાને લઈ શહેરમાં પીવાના પાણીના સ્ત્રોતોમાં ક્લોરિનેશનની કામગીરી કરવામાં આવી રહી છે.

# અદાણી એન્ટરપ્રાઈઝીસ લિમિટેડે સિક્યોર્ડ નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સના પ્રથમ પબ્લિક ઈશ્યૂની જાહેરાત કરી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૩૦

અદાણી ગ્રુપની ફ્લેગશિપ કંપની અને ૧૯૯૩થી ટકાઉ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બિઝનેસીસ ઊભા કરવાના લાંબા ટ્રેક રેકોર્ડ સાથે માર્કેટ કેપિટલાઈઝેશનની બાબતે ભારતના સૌથી મોટા બિઝનેસ ઈક્યુબેટર્સ પૈકીની એક અદાણી એન્ટરપ્રાઈઝીસ લિમિટેડે (“The Company” or “AEL”) તેના સૌપ્રથમ સિક્યોર્ડ, રેટેડ, લિસ્ટેડ રીડીમેબલ, નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સના પબ્લિક ઈશ્યૂ લોન્ચ કરવાની જાહેરાત કરી છે. ઈશ્યૂ કરાનાર એનસીડીને કેર રેટિંગ્સ લિમિટેડ દ્વારા “CARE A ; Positive (Single A Plus; Outlook: Positive)” રેટિંગ આપવામાં આવ્યું છે. આ રેટિંગ્સ ધરાવતી સિક્યોરિટીઝને નાણાંકીય જવાબદારીઓ સમયસર પૂરા કરવાની બાબતે યોગ્ય સુરક્ષા ધરાવતી હોવાનું માનવામાં આવે છે. આવી સિક્યોરિટીઝ ઓછું ક્રેડિટ રિસ્ક ધરાવે છે. એઈએલની ઓફરિંગમાં ૮૦,૦૦,૦૦૦ સુધીના નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (“NCDs” or “Debentures”)નો સમાવેશ થશે જે દરેકની ફેસ વેલ્યુ રૂા.૧,૦૦૦ હશે. બેઝ ઈશ્યૂ સાઈઝ રૂ. ૪૦૦ કરોડ છે જેમાં વધારાના રૂા. ૪૦૦ કરોડ સુધીના ઓવર-સબ્સ્ક્રીપ્શન જાળવવાના વિકલ્પ (“Green Shoe Option”) સાથે તેનું કુલ મૂલ્ય રૂ. ૮૦૦ કરોડ સુધીનું હશે (“Issue” or “Issue Size”). ઈશ્યૂ ૦૪ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ ખૂલશે અને ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ બંધ થશે જેમાં વહેલા બંધ થવાનો અથવા લંબાવવાનો વિકલ્પ રહેશે. ઈશ્યૂ એનસીડી માટે દરેક એપ્લિકેશનની લઘુતમ એપ્લિકેશન સાઈઝ સંયુક્તપણે તમામ સિરીઝમાં રૂા.૧૦,૦૦૦ અને ત્યારબાદ રૂા.૧,૦૦૦ના ગુણાંકમાં રહેશે. ઈશ્યૂમાંથી મળનારી રકમનો મુખ્યત્વે અમારી કંપની દ્વારા મેળવાયેલા હાલના દેવાની સંપૂર્ણ અથવા આંશિકપણે પૂર્વચૂકવણી અથવા પુનઃચૂકવણી (કમસે કમ ૭૫ ટકા) અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે (૨૫ ટકા સુધી) કરવામાં આવશે જે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (નોન-કન્વર્ટિબલ સિક્યોરિટીઝ ઈશ્યૂ કરવા અને લિસ્ટિંગ કરવા)ના નિયમન, ૨૦૨૧ તથા સમયાંતરે કરાયેલા સુધારાના અનુપાલનમાં કરવામાં આવશે (“SEBI NCS Regulations”). ટ્રસ્ટ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ, એ કે કેપિટલ સર્વિસીઝ લિમિટેડ અને નુવામા વેલ્થ મેનેજમેન્ટ લિમિટેડ આ ઈશ્યૂના લીડ મેનેજર્સ છે. આ એનસીડી ૨૪ મહિના, ૩૬ મહિના અને ૬૦ મહિનાની મુદતમાં ઉપલબ્ધ છે જેમાં આઠેય સિરીઝમાં ત્રિમાસિક, ક્યુમ્યુલેટિવ અને વાર્ષિક વ્યાજ ચૂકવણીના વિકલ્પો છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# રાજકીય દશા-દિશા સ્પષ્ટ કરનારી ચૂંટણીઓ

લોકસભા ચૂંટણી પરિણામો આવ્યા બાદથી દેશની રાજનીતિ કંઈક બદલાયેલી જોવા મળે છે. એક તરફ વિપક્ષી દળો આક્રમક અને ઉત્સાહિત છે તો સત્તાપક્ષ થોડો નિસ્તેજ દેખાઈ રહ્યો છે. આગામી વિધાનસભા ચૂંટણી બાદ રાજકીય પરિદૃશ્યમાં આ પરિવર્તનની રેખાઓ વધુ સ્પષ્ટ થઈ જશે. હજુ તો ભાજપ પોતાનું દરેક પગલું ફૂંકી ફૂંકીને ભરી રહી છે. પછી ચાહે તે વક્ફ બોર્ડ સંપત્તિનું વિધેયક હોય કે પછી શીર્ષ નોકરશાહીમાં લેટરલ એન્ટ્રીનો મુદ્દો. ભાજપની પાછલી સરકારોમાં એવું વલણ જોવા નહોતું મળ્યું. જોકે કૃષિ કાયદા જેવા કેટલાક અપવાદ પણ હતા, પરંતુ પાછલાં બે કાર્યકાળમાં ભાજપનીત એનડીએ સરકારમાં એ જ રિવાજ હતો કે કોઈ મુદ્દા પર આગળ વધ્યા બાદ પાછું નથી વળવાનું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ભાષા અને ભાવભંગિમા પણ થોડી બદલાયેલી જોવા મળે છે. વૈચારિક પ્રતિબદ્ધતાના મુદ્દાઓથી લઈને વિકસિત ભારતની પોતાની મહત્ત્વાકાંક્ષી સંકલ્પનાની સાથે સાથે તેઓ યુવાઓ, બેરોજગારી અને અસમાનતા જેવા મુદ્દાઓ પર પણ એટલો જ ભાર મૂકે છે. સ્વતંત્રતા દિવસના અવસરે તેમણે કહ્યું કે એક લાખ એવા યુવાઓએ રાજનીતિમાં આગળ આવવું જોઈએ, જેમની પારિવારિક પૃષ્ઠભૂમિ રાજકીય ન હોય. આ વાત તેમણે મન કી બાત કાર્યક્રમમાં પમ કહી. બજેટમાં પણ યુવાઓને કેન્દ્રિત કરનારી કેટલીય યોજનાઓની ઘોષણા એ જ દર્શાવે છે કે ભાજપ ચૂંટણી ઝાટકાથી થયેલ નુક્સાનની ભરપાઈ કરવામાં જોડાઈ ગઈ છે. એકીકૃત પેન્શન યોજના એટલે કે યુપીએસ પણ આ જ દિશાનું એક પગલું છે.

બીજી તરફ, વિપક્ષી દળો ફૂલ ઓન ઉત્સાહિત છે. રાહુલ ગાંધીએ મોરચો સંભાળ્યો છે. પાર્ટી પ્રવક્તાઓના તેવર પણ તીખા છે. સક્રિય રાજનીતિથી લગભગ દૂર થઈ ગયેલાં સોનિયા ગાંધીના સૂર પણ બદલાયા છે. ગત દિવસોમાં તેમણે પાર્ટી નેતાઓને કહ્યું કે આ સમયે રાજકીય માહોલ કોંગ્રેસના પક્ષમાં છે તો કોઈ પ્રકારની શિથિલતા ન જોવા મળી. કોંગ્રેસે ચૂંટણી રાજ્યોમાં પોતાની તૈયારી પણ શરૂ કરી દીધી છે. હવે જોવાનું એ જ છે કે શું દેશની સૌથી જૂની પાર્ટી લોકસભા ચૂંટણીમાં અપેક્ષા કરતાં બહેતર પ્રદર્શનની ખુમારીમાં જ ખોવાયેલ રહે છે કે ખુદને નવેસરથી મજબૂત કરવાને લઈને ગંભીરતાથી પગલાં ભરે છે?

હરિયાણા અને જમ્મુ-કાશ્મીર માટે તો ચૂંટણી કાર્યક્રમની જાહેરાત થઈ ગઈ છે. ત્યારબાદ મહારાષ્ટ્ર અને ઝારખંડનો વારો આવશે. મહારાષ્ટ્ર અને હરિયાણાની સત્તા ભાજપ પાસે છે, જ્યારે ઝારખંડમાં ઝામુમોના નેતૃત્વમાં વિપક્ષી ગઠબંધન સત્તારૂઢ છે. જમ્મુ-કાશ્મીરમાં રાષ્ટ્રપતિ શાસન છે. સત્તા સમીકરણોની દૃષ્ટિએ જોઈએ તો આ ચૂંટણીઓમાં ભાજપનું ઘણું બધું દાવ પર છે. કારણ કે તેની પાસે ગુમાવવા માટે ઘણું છે. હરિયાણામાં તે દસ વર્ષથી સત્તામાં છે અને મહારાષ્ટ્રમાં એક નાનકડા સમયગાળાને બાદ કરતાં તે સહયોગીઓ સાથે લગભગ એક દાયકાથી સત્તામાં છે. લોકસભા ચૂંટણીઓનું પ્રદર્શન જોઈએ તો અહીં ભાજપ માટે ખતરાની ઘંટડી વાગી ગઈ છે. પાર્ટીના પૂર્ણ બહુમતથી દૂર રહેવાનું એક કારણ મહારાષ્ટ્રનું ખરાબ પ્રદર્શન પણ માનવામાં આવ્યું. મરાઠા અનામતનો મુદ્દો પણ તેને પરેશાન કરી ર્યો છે. સહયોગીઓ સાથે પણ તેણે પોતાના સમીકરણમ સાધવા માટે ઘણી માથાકૂટ કરવી પડી શકે છે. એવામાં સત્તાવિરોધી વલણની સાથે સાથે તેણે વિપક્ષી એક્તાનો પણ સામનો કરવો પડશે, કારણ કે ઉદ્ધવ ઠાકરે, શરદ પવાર અને કોંગ્રેસનું જૂથ હજુ સુધી તો મજબૂતીથી ચૂંટણી અભિયાન ચલાવી રહ્યું છે.

હરિયાણામાં પણ ભાજપ માટે સારા સંકેત નથી દેખાતા. લોકસભા ચૂંટણીઓમાં તેને પાંચ જ સીટો પર જીત મળી, જ્યારે ૨૦૧૯માં તેણે તમામ દસ સીટો પર જીત મેળવી હતી. કિસાન આંદોલન અને અગ્નિવીર જેવી યોજનાઓને કારણે ભાજપ અહીં બેકફૂટ પર છે. દસ વર્ષના સત્તાવિરોધી વલણનો પણ તેણે સામનો કરવો પડશે. અહીં પાર્ટીની આશા પ્રભાવશાળી જાટ સમુદાયના મુકાબલે અન્ય જાતિઓની જૂથબંધી પર છે. હરિયાણા ભાજપની એ રાજકીય પ્રયોગશાળામાં રહ્યું છે જ્યાં પાર્ટીએ રાજ્યમાં વર્ચસ્વવળી જાતિને બદલે વૈકલ્પિક નેતૃત્વને પ્રાથમિકતા આપી. જોકે પાછલી વખતે પણ રાજ્ય વિધાનસભામાં ભાજપને પૂર્ણ બહુમતી નહોતી મળી. પાર્ટી માટે અહીં પ્રતિકૂળ સ્થિતિઓ છતાં તેના દૃષ્ટિકોણથી એક સારી વાત એ છે કે અહીં કોંગ્રેસ એકજુટ નથી દેખાઈ રહી અને પાર્ટી કેટલાય જૂથોમાં વહેંચાયેલી છે. સાથે જ, જાટોને સાધવા માટે પાર્ટે હાલમાં કોંગ્રેસમાંથી આવેલાં કિરણ ચૌધરીને રાજ્યસભા મોકલવાનો દાવ પણ ચાલ્યો છે.

સત્તાની સંભાવનાઓની દૃષ્ટિએ ઝારખંડની સ્થિતિ અપેક્ષાકૃત અલગ છે. લોકસભા ચૂંટણીમાં થોડા નુક્સાન છતાં ભાજપ અહીં હાંશિયામાં નથી ધકેલાઈ. જોકે એસટી સીટો પર પાર્ટીને નુક્સાન ઉઠાવવું પડયું. તેનું એક કારણ હેમંત સોરેન જેલમાં જવાથી ઝામુમોને મળેલી કેટલીક સહાનુભૂતિ હોઇ શકે છે. સોરેન હવે તો જામીન પર બહાર આવી ગયા છે અને પાછા મુખ્યમંત્રી બની ગયા છે. હેમંતે પોતાની જગ્યાએ જે ચંપઈ સોરેનને મુખ્યમંત્રી બનાવ્યા હતા, તેમણે હવે પોતાનો અલગ ચોકો રચ્યો છે. બીજી તરફ, ભાજપ પોતાનો રસ્તો સાફ કરી રહી છે. પાર્ટીને આશા છે કે ઝામુમો વિરુદ્ધ સત્તા વિરોધી વલણનો પણ તેને લાભ મળશે. જમ્મુ-કાશ્મીર વિશે કંઈપણ કહેવું અત્યારે ઉતાવળું ગણાશે, પરંતુ ત્યાં ભાજપની જ કસોટી થવાની છે, જ્યાં એ જોવાનું રહેશે કે કલમ ૩૭૦ હટાવ્યા બાદ વિકસિત થયેલા નવા તંત્રને રાજ્યની જનતાએ કયા રૂપે લીધું? આ ચૂંટણીઓથી જ્યાં વિપક્ષ બહુ જ આશા રાખી રહ્યો છે, ત્યાં જ ભાજપ માટે આ અગ્નિપરીક્ષા રહેશે. પાર્ટીની હારજીત એનડીએમાં સહયોગીઓ વચ્ચે તેની હેસિયત નિર્ધારિત કરશે. પાર્ટીની આંતરિક રાજનીતિ માટે પણ આ ચૂંટણીઓ મહત્ત્વની સાબિત થશે, કારણ કે આ જનાદેશથી મોદી-શાહની જોડીના જાદુની અસર અને પાર્ટીના ભાવિ અધ્યક્ષની પસંદગીમાં તેમની પસંદ પણ પ્રભાવિત થશે. એકંદરે, આ ચૂંટણીઓ દ્વારા લાંબા સમયથી ભાજપ કેન્દ્રિત રહેલી દેશની રાજનીતિમાં અરસા બાદ એક સમાન રાજકીય ધરાતલ પર રાજકીય મુકાબલો જોવા મળશે.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારકા પહોંચ્યા

# મુખ્યમંત્રીએ હવાઈ નિરીક્ષણ કરી પરિસ્થિતિનો મેળવ્યો તાગ

## મુખ્યમંત્રીએ ભારે વરસાદથી અસરગ્રસ્ત દેવભૂમિ દ્વારકા જિલ્લાની મુલાકાત લઈને રાહત કાર્યોની સર્વગ્રાહી સમીક્ષા કરી



(પ્રતિનિધિ દ્વારા)

દેવભૂમિ દ્વારકા, તા.૩૦

ગુજરાતમાં છેલ્લા ચાર દિવસથી મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરેલ છે. ભારે વરસાદ અને પૂરને કારણે સૌરાષ્ટ્ર-કચ્છના મોટા ભાગના જિલ્લાઓ પ્રભાવિત થઈ રહ્યા છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં આગામી બે દિવસ પણ હજી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ પૂરને કારણે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાતે નીકળ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાજેતરના ભારે વરસાદથી અસરગ્રસ્ત દેવભૂમિ દ્વારકા જિલ્લાની મુલાકાત લઈને જિલ્લાતંત્ર દ્વારા હાથ ધરાયેલા રાહત કાર્યોની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

રાજ્યમાં પાછલા પાંચ દિવસથી વરસેલા વરસાદમાં સૌથી વધુ ૯૪૪ મિલીમીટર વરસાદ દેવભૂમિ દ્વારકાના ખંભાળિયામાં વરસ્યો છે. મુખ્યમંત્રી આ ભારે વરસાદ અને પરિણામે સર્જાયેલી સ્થિતિની જાત માહિતી મેળવવા અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા એનડીઆરએફ, એસડીઆરએફ, આર્મી, કોસ્ટ ગાર્ડની મદદથી હાથ ધરાઈ રહેલા રાહત કામોમાં માર્ગદર્શન પૂરું પાડવા ખંભાળિયા પહોંચ્યા હતા.

મુખ્યમંત્રીએ ખંભાળિયાના અસરગ્રસ્ત રામનગર અને કણઝાર ચેકપોસ્ટ વિસ્તારોની મુલાકાત લઈને લોકોના ખબર અંતર પૂછ્યા હતા તેમજ અસરગ્રસ્તોને અપાઈ રહેલી વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું. મુખ્ય સચિવ રાજકુમારની ઉપસ્થિતિમાં દ્વારકા કલેક્ટર કચેરી ખાતે આ સમીક્ષા બેઠક યોજીને જિલ્લામાં થયેલા નુકસાન, લોકોના સ્થળાંતર, રેસ્ક્યુ સહિતની તલસ્પર્શી વિગતો મેળવી હતી.

વરસાદને કારણે ભરાયેલા પાણી, કાપ, માટી વગેરે દૂર કરીને સાફ-સફાઈ, જંતુનાશક દવા છંટકાવ માટે જરૂર જણાયે અન્ય જિલ્લાઓમાંથી સાધન-સામગ્રી સાથે ટીમ મોબિલાઈઝ કરવાની વ્યવસ્થાનું માર્ગદર્શન આપ્યું હતું તેમજ સ્વચ્છતા-સફાઈને પ્રાથમિકતા આપવા તાકીદ કરી હતી.તેમણે આરોગ્ય વિષયક બાબતોને પણ અગ્રતા આપીને તબીબી ટીમ, આરોગ્ય કર્મીઓ, એમ્બ્યુલન્સ, મોબાઈલ ડિસ્પેન્સરી અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચાડીને જન આરોગ્ય સુખાકારીની ચિંતા કરવા સાથે રોગચાળો ન ફેલાય તેની કાળજી લેવા પણ માર્ગદર્શન આપ્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, ''આપણું સંપૂર્ણ ફોકસ હવે જનજીવન ઝડપભેર પૂર્વવત કરવા અને લોકોને નુકસાનમાંથી બેઠા કરવામાં સહાયરૂપ થવાનું હોવું જોઈએ.'' આ માટે વરસાદ અટકે એટલે બનતી ત્વરાએ નુકસાનીનો પ્રાથમિક સર્વે હાથ ધરવા સહિતની બાબતો આયોજનબદ્ધ રીતે ઉપાડવા તેમણે માર્ગદર્શન આપ્યું હતું.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧૩૦ લોકોનું રેસ્ક્યુ એનડીઆરએફ, કોસ્ટગાર્ડ તથા સ્થાનિક તંત્ર અને લોકોની મદદથી કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૧૫૯૬ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. સ્થળાંતર કરવામાં આવેલા તથા અન્ય અસરગ્રસ્ત વિસ્તારોના મળીને ૧૨ હજાર ઉપરાંત ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું છે.દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વરસાદને કારણે કાચા-પાકા મકાનો, ઝૂંપડાઓને થયેલ નુકસાન તેમજ માનવ જાનહાનિ અને પશુધન હાનિની વિગતો પણ આ બેઠકમાં મેળવી હતી. આ જિલ્લામાં ૮ મકાનો ઝૂંપડાઓને નુકસાન થયાની તેમજ ૨૫ પશુમૃત્યુ, ૧ માનવ મૃત્યુ અને બે વ્યક્તિઓને ઈજા થયાની જાણકારી પણ તેમણે મેળવી હતી.વરસાદ અટકે કે તુરંત જ રાહતકામો શરૂ કરી દેવાની તથા નિયમાનુસારની સહાય, કેશડોલ્સ, ઘરવખરી સહાય, મૃત્યુ સહાય વગેરે અસરગ્રસ્તોને ચૂકવવાની કામગીરીને અગ્રતા આપવા તાકીદ કરી હતી.જણાવી દઈએ કે, દેવભૂમિ દ્વારકામાં ૨૭૨ વીજ થાંભલાઓને વરસાદથી નુકસાન થયું છે અને ૧૦૯ ગામોમાં અસર પડી છે તે પણ ઝડપભેર પૂર્વવત કરવાની અને બંધ થયેલા ૪૦ જેટલા માર્ગોના રિપેરીંગ હાથ ધરી બનતી ત્વરાએ વાહન વ્યવહાર યુક્ત બનાવવાની સૂચનાઓ તેમણે આપી હતી.

### ભુજવાસીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો

# ભુજનું ઐતિહાસિક હમીરસર તળાવ છલકાયું, તળાવની આસપાસ પોલીસ બંદોબસ્ત ગોઠવાયો

## નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાનું શરૂ થતા તંત્ર એલર્ટ પર છે

(પ્રતિનિધિ દ્વારા)

ભુજ, તા.૩૦

કચ્છમાં ધોધમાર વરસાદ ખાબકતા અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ત્યારે કચ્છના ભુજનું ઐતિહાસિક હમીરસર તળાવ છલકાયું છે. ભારે વરસાદના પગલે તળાવ છલકાયું છે. જેથી ભુજવાસીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે.

આ તરફ હમીરસર તળાવ ભરાતા નજીકના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવવાનું શરુ થયુ છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાનું શરુ થતા તંત્ર એલર્ટ પર છે. જેના પગલે લોકો જોખમી રીતે તળાવ સુધી ન પહોંચે તે માટે તકેદારી લેવામાં આવી છે. હમીરસર તળાવની આસપાસ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.બીજી તરફ કચ્છના અબડાસમાં ભારે વરસાદથી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. વરસાદ બાદ અનેક ગામની નદીઓમાં પાણીનો ધસમસતો પ્રવાહ જોવા મળ્યો છે. સાંધવ,છડુરા, વિંઝાણ ગામમાંથી પાણી વહેતા થયા છે. સ્થાનિક નદીના પાણી ગામના અનેક વિસ્તારોમાં ફરી વળ્યા છે.

### નીચાણવાળા વિસ્તારોમાં ઘોડાપૂર આવતા લોકોની મુશ્કેલી વધી

# કલ્યાણપુરના ધુમથર ગામમાં પૂરમાં ફસાયેલા ૪ લોકોનું રેસ્ક્યૂ કરાયુ

## પૂરગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા લોકોને રેસ્ક્યૂ કરવાની ફરજ પડી છે

(પ્રતિનિધિ દ્વારા)

દેવભૂમિ દ્વારકા, તા.૩૦

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભારે વરસાદે તબાહી મચાવી છે.નીચાણવાળા વિસ્તારોમાં ઘોડાપૂર આવતા લોકોની મુશ્કેલી વધી છે.

કેટલાક પૂરગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા લોકોને રેસ્ક્યૂ કરવાની ફરજ પડી છે. ધુમથર ગામમાં ફસાયેલા ચાર લોકોને ગઈકાલે સવારે એરલિફ્ટ કરવામાં આવ્યા છે.

વરસાદે દેવભૂમિ દ્વારકાની સ્થિતિ જાણે બગાડી નાખી છે, દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના ધુમથર ગામમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદને કારણે ધુમથર ગામ બેટમાં ફેરવાયું હતું. ભારે વરસાદ બાદ આ ગામમાં ૪ લોકો ફસાયા હતા.

આ તમામનું કોસ્ટગાર્ડ દ્વારા રેસક્યું કરવામાં આવ્યું હતું.

ફસાયેલા આ તમામ લોકોનું કોસ્ટગાર્ડના હેલિકોપ્ટર દ્વારા એર લીફ્ટિંગ કરવામાં આવ્યું હતું.

# રખડતા ઢોર અને ટ્રાફિક સમસ્યા મામલે ગુજરાત હાઈકોર્ટ બે અધિકારીઓને કરી ટકોર

## ગુજરાત હાઈકોર્ટે રખડતા ઢોરના કારણે ઉદભવેલ ટ્રાફિક સમસ્યાને લઈને કન્ટેમ્ટ પિટિશન પર સુનાવણી હાથ ધરી

અમદાવાદ, તા.૩૦

ગુજરાત હાઈકોર્ટે રખડતા ઢોરના કારણે ઉદભવેલ ટ્રાફિક સમસ્યાને લઈને કન્ટેમ્ટ પિટિશન પર સુનાવણી હાથ ધરી હતી. કોર્ટે ટકોર કરી કે અત્યાર સુધી રસ્તે રખડતા ઢોર મામલે ૬૦ ઓર્ડર થયા છતાં પણ કોઈ ઉચિત કામગીરી ના જોવા મળતા ગૃહ વિભાગમાં સંબંધિત અધિકારીઓને કોર્ટમાં હાજર રહેવા આદેશ કર્યો હતો. આ મામલામાં અગાઉની સુનાવણીમાં સરકારની પેરવી કરતા અધિકારીએ કહ્યું હતું કે ગુજરાત જ નહિ અન્ય રાજ્યોમાં પણ આવું થાય છે. વકીલની ઝાટકણી કાઢતાં જજે કહ્યું કે વકીલ દર અઠવાડિયે મીઠું મીઠું બોલીને ગોળીઓ પીવડાવે છે એટલે ઉચ્ચ અધિકારીઓને બોલાવવાની ફરજ પડી.રખડતા ઢોર મામલે હાઈકોર્ટમાં ચાલતી સુનાવણીમાં કોર્ટના આદેશ બાદ આજે ગૃહ વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી એમ. કે. દાસ તથા અર્બન હાઉસિંગ અને ડેવલોપમેન્ટ વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરી અશ્વિનીકુમારે હાજરી આપી હતી.

રખડતા ઢોર અને ટ્રાફિક સમસ્યા મામલે હાઈકોર્ટમાં થયેલ અગાઉની સુનાવણીમાં AMC અને રાજ્ય સરકારને અભ્યાસ કરવા સાથે નિષ્ણાંત કમિટિની રચના કરવાનું કહેવાયું હતું. તેમજ દબાણો દૂર કરવાના પણ નિર્દેશ અપાયા હતા તેમજ ચાર રસ્તા પર પાર્કિંગ કરવા પર દંડ વસૂલવા જેવા આદેશો પણ અપાયા હતા. કોર્ટે ઉપસ્થિત થયેલ બંને સરકારી અધિકારીઓને ટકોર કરતાં કહ્યું કે વારંવાર રોડ તૂટતા જોવા મળે છે એટલે રોડ ઉપર રોડ બનાવવાના બદલે જૂનો રોડ કાઢીને નવો રોડ બનાવવામાં આવે. કેમકે એક વખત રોડ પર પાણી ભરાય એટલે તે ખરાબ થઈ જાય છે. કોર્ટ ફક્ત વાતો નહીં પરંતુ ઉચિત કામગીરી પર ભાર મૂકે છે. આ કામગીરી તમામ જિલ્લાઓમાં પણ કરવામાં આવે તેવી કોર્ટની અપેક્ષા છે.

હાઈકોર્ટે રખડતા ઢોર અને ટ્રાફિક સમસ્યા મામલે રાજ્ય સરકારના અધિકારીઓને ફટકાર લગાવતા કહ્યું કે આ મામલે અરજી થયાના ૫ વર્ષ પછી પણ સ્થિતિની 'જેમ' ને 'તેમ' છે. આ સમસ્યા દૂર કરવા અન્ય રાજ્યોનું ઉદાહરણ આપવાના બદલે કામગીરી કરવામાં આવે તો સમસ્યા હલ થાય.

સરકાર પાસે પૂરતા માણસો ના હોય તો તે તેમની સમસ્યા છે. પ્રત્યેક સુનાવણીમાં એકનું એક બહાનું કાઢી છટકી જવાના પ્રયાસ થાય છે. કોર્ટે કહ્યું કે હવે સમય બગાડયા વગર લોખંડી પંજાથી કામગીરી કરાશે. જવાબદારોને કોર્ટમાં બોલાવવા લાગીશું તો જ કામ થશે.

## આપની આવતીકાલ કેવી જશો...?

:: રત્નકણીકા ::

ઉત્સાહ વિના ક્યારે ઉચ્ચ લક્ષ્યની પ્રાપ્તિ થતી નથી.

- એમર્સન

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ફરવરદીન-૧૩૯૪, મુ. સફર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, શ્રાવણ વદ-૧૨ જીવંતિકા પૂજન તા.૩૦ ઓગષ્ટ ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૧૬, મુસ્લિમ તા.૨૫, પુનર્વસુ નક્ષત્ર, વ્યતિપાત યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬ઃ૩૩, સૂ.અ.૭ઃ૧૦

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ), સવારે ૧૧ઃ૩૩ ક. પછી જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: આપની ઈચ્છા અટકીને પૂર્ણ થાય. કાર્યબોજમાં વધારો થાય.
વૃષભ:શેર-સટ્ટા, જુગારથી દૂર રહેવું. વ્યાપારમાં તેજી રહે.
મિથુન:સંપત્તિને લગતા પ્રશ્નો ઉકેલાય. વડીલવર્ગથી લાભ થાય.
કર્ક: નોકરીયાત વર્ગને બઢતી-બદલીના યોગ છે.
સિંહ: કૌટુંબિક વિવાદના ભોગ બનવું પડે. કાર્યમાં સફળતા મળે.
કન્યા: પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને. નાણાંભીડ દૂર થાય.
તુલા: ખાવા-પીવામાં કાળજી રાખવી. નવિન શુભ સમાચાર મળે.
વૃશ્ચિક:આકસ્મીક પ્રવાસના યોગ સર્જાય. વાદ-વિવાદથી દૂર રહેવું.
ધન: શત્રુઓને પીછેહટ કરવી પડે. અટકેલા કામમાં પ્રગતિ થાય.
મકર: સ્નેહિ-મિત્રની મદદથી નાણાંકીય સમસ્યા ઉકેલાય.
કુંભ: અકારણ મનમાં ચિંતા અનુભવાય. કચેરીના કાર્યોથી દૂર રહેવું.
મીન: કોઈ નવી જગ્યાનો પ્રવાસ થાય. માનસિક પ્રસન્નતા અનુભવાય.

# રાજ્યભરમાં ભારે પવન ફૂંકાવાની સંભાવના

## ડીપ ડિપ્રેશન નબળું પડવાને બદલે વધુ મજબૂત બન્યું છે

અમદાવાદ, તા.૩૦

ગુજરાતના કચ્છ જિલ્લા પર આગામી ૨૪ કલાકમાં મિની વાવાઝોડાનું જોખમ તોળાઈ રહ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ડીપ ડિપ્રેશન નબળું પડવાને બદલે વધુ મજબૂત બન્યું છે, જેના કારણે રાજ્યભરમાં, ખાસ કરીને અમદાવાદમાં, ભારે પવન ફૂંકાવાની સંભાવના છે.

સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં ડીપ ડિપ્રેશનની સ્થિતિ યથાવત છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, હવામાન વિભાગે અનેક જિલ્લાઓમાં રેડ અને ઓરેન્જ એલર્ટ જાહેર કર્યા છે:

રેડ એલર્ટ:
કચ્છ
મોરબી
જામનગર
દ્વારકા
પોરબંદર
જૂનાગઢ
રાજકોટ (અત્યંત ભારે વરસાદની આગાહી સાથે)

ઓરેન્જ એલર્ટ:
ગીર સોમનાથ
સુરેન્દ્રનગર
બોટાદ
અમરેલી
ભાવનગર

આ પરિસ્થિતિને કારણે આ વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. સ્થાનિક વહીવટી તંત્ર અને આપત્તિ વ્યવસ્થાપન વિભાગ સતર્ક બન્યા છે અને જરૂરી પગલાં લઈ રહ્યા છે. નાગરિકોને સાવચેત રહેવા અને સત્તાવાર સૂચનાઓનું પાલન કરવા વિનંતી કરવામાં આવી છે.

હવામાન વિભાગે જણાવ્યા અનુસાર, ડીપ ડિપ્રેશન, ઓફશોર ટ્રફ અને મોનસૂન ટ્રફના કારણે સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓ અને કચ્છ વિસ્તારમાં રેડ અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ગઈકાલે કચ્છ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જુનાગઢ અને રાજકોટમાં અત્યંત ભારે વરસાદની આગાહી સાથે રેડ અલર્ટ જાહેર કરાયું હતું.

આજે ૩૦ ઓગસ્ટે કચ્છ, દેવભૂમિ દ્વારકા, જામનગર અને મોરબીમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે, જ્યારે પોરબંદર, રાજકોટ અને જૂનાગઢમાં યલો અલર્ટ રહેશે.

આવતીકાલ ૩૧ ઓગસ્ટે કચ્છ, દ્વારકા, જામનગર, પોરબંદર, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.માછીમારોને આગામી ત્રણ દિવસ સુધી દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે. અમદાવાદમાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી સમયમાં કચ્છ તથા સૌરાષ્ટ્ર વિસ્તારમાં ભારે વરસાદની પરિસ્થિતિ યથાવત હોવાથી રાજ્ય સરકાર દ્વારા નાગરિકોને કામ વગર બહાર ન નીકળવા અને તંત્ર દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

# ખેડૂતોના આંદોલન ઉપર કંગનાની 'બળાત્કાર અને મૃતદેહો'ની ટિપ્પણીથી ભાજપ હરિયાણામાં મુશ્કેલીમાં આવી ગયું છે

**હિમાચલના મંડીના સાંસદ રણૌત દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીથી પોતાને દૂર રાખતા ભાજપે તાજેતરમાં નિવેદન બહાર પાડ્યું હતું. તેણે કહ્યું કે આ ટિપ્પણીઓ 'પાર્ટીનો અભિપ્રાય નથી' અને પક્ષ તેની સાથે 'અસંમત' છે**

ગુરૂગ્રામ,તા.૩૦

ભાજપની મંડી સાંસદ અને અભિનેતા કંગના રનૌતે ભાજપને હરિયાણામાં મુશ્કેલીમાં મૂકી દીધી છે, તેણે એક ઈન્ટરવ્યુમાં આરોપ લગાવ્યો છે કે ૨૦૨૦-૨૦૨૧ના ખેડૂતોના આંદોલન દરમ્યાન "મૃતદેહો લટકતા હતા અને બળાત્કાર થઈ રહ્યા હતા" અને ત્યાં ભારતમાં બાંગ્લાદેશ જેવી સ્થિતિ બનાવવાની યોજના હતી. તેણીએ એવું પણ સૂચવ્યું હતું કે આ વિરોધની પાછળ વિદેશી સત્તાઓ, ચીન, અમેરિકા હતા. તાજેતરના ઈન્ટરવ્યુમાં તેણીની ટિપ્પણીથી રાજકીય તોફાન ઊભું થયું છે અને ભાજપ ડેમેજ કંટ્રોલ મોડમાં આવી ગયું છે અને તેણીના મંતવ્યોથી પોતાને દૂર રાખ્યા છે. દિલ્હીમાં મીડિયા વિભાગ દ્વારા જારી કરાયેલ એક નિવેદનમાં પાર્ટીએ કહ્યું છે કે ખેડૂતોના આંદોલનના સંદર્ભમાં કંગનાની ટિપ્પણી એ પાર્ટીનો અભિપ્રાય નથી અને તે તેની સાથે અસંમતિ વ્યક્ત કરે છે. કંગના રનૌતને પાર્ટીના નીતિ વિષયક મુદ્દાઓ ઉપર નિવેદનો કરવાની મંજૂરી કે અધિકૃતતા નથી. રાણાવતને ભવિષ્યમાં આવા નિવેદનો ન આપવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. ભાજપ "સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ" અને સામાજિક સમરસતાના તેના સિદ્ધાંતને અનુસરવા માટે સંકલ્પબદ્ધ છે. હરિયાણા ભાજપના નેતાઓએ ઓક્ટોબરની વિધાનસભાની ચૂંટણીમાં ખેડૂતો સામેની તેણીની ટિપ્પણીથી પાર્ટીને થતા નુકસાન વિશે માહિતગાર કરવા માટે પાર્ટી હાઈકમાન્ડનો સંપર્ક કર્યો હોવાનું જાણવા મળ્યા પછી કેન્દ્રીય ભાજપે હસ્તક્ષેપ કર્યો છે. ઘણા **BJP** નેતાઓ રનૌતની ટિપ્પણીના પરિણામ વિશે ચિંતિત છે.

કંગનાની આગામી ફિલ્મ ઈમરજન્સીને પ્રમોટ કરવાના હેતુ સાથે આ ઈન્ટરવ્યુની એક ક્લિપ **X** ઉપર શેર કરવામાં આવી હતી અને આ અભિનેત્રી દ્વારા તેને ફરીથી પોસ્ટ કરવામાં આવી હતી. તેમાં, તેણીને કહેતા સાંભળી શકાય છે કેઃ જે બાંગ્લાદેશમાં થયું તે અહીં ભારતમાં થઈ શકે છે. જો અમારૂર ટોચનું નેતૃત્વ મજબૂત ન હોત તો આવું થયું હોત. જ્યારે ખેડૂતોએ દિલ્હીની બહાર વિરોધ પ્રદર્શન કર્યા હતા, ત્યારે ત્યાં લાશો લટકતી હતી અને બળાત્કાર થઈ રહ્યા હતા. અને, જ્યારે ખેડૂત-મૈત્રીપૂર્ણ બિલો પાછા લેવામાં આવ્યા, ત્યારે સમગ્ર દેશને આંચકો લાગ્યો હતો. પરંતુ તે ખેડૂતો હજુ પણ ધરણા ઉપર બેઠા છે. તેઓએ ક્યારેય વિચાર્યું ન હતું કે સરકાર બિલ પરત ખેંચી લેશે. તેણીએ કહ્યું કે, શું તમને લાગે છે કે આ યોજના ખેડૂતોની હતી? ચીન અને અમેરિકા જેવા વિદેશી દળો અહીં આપણા દેશમાં કામ કરી રહ્યા છે. હરિયાણાના કેટલાક વરિષ્ઠ બીજેપી નેતાઓએ સ્વીકાર્યું છે કે અભિનેત્રીના આ નિવેદનો વિધાનસભાની ચૂંટણી પહેલા મુશ્કેલી ઊભી કરી શકે છે. રાજ્યના એક નેતાએ, નામ ન આપવાની વિનંતી કરતાં જણાવ્યું હતું કે મોટાભાગના પક્ષના નેતાઓ, ખાસ કરીને ગ્રામીણ મતવિસ્તારોમાં રહેલા લોકો ચિંતિત હતા. જ્યારે લોકસભાની ચૂંટણી શરૂ થઈ ત્યારે અમારી પાર્ટી માટે ખેડૂતોનો વિરોધ એક મોટો મુદ્દો હતો. પૂર્વ મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટર સહિત અમારા ઘણા નેતાઓને ખેડૂતોએ ગામડાઓની મુલાકાત લેતા અટકાવ્યા હતા. જો કે ચૂંટણી પહેલા કંગનાએ વિપક્ષને એક મુદ્દો આપ્યો છે. હવે વિપક્ષ આમાંથી કેટલો લાભ મેળવી શકે છે તે જોવાનું છે. કંગનાની ટિપ્પણી ઉપર વિપક્ષ કોંગ્રેસે ભાજપ પર નિશાન સાધ્યું હતું. **X**ની એક પોસ્ટમાં, કોંગ્રેસના નેતા રણદીપ સુરજેવાલાએ કંગના જલ્દી સ્વસ્થ થઈ જાય તેવી શુભેચ્છા પાઠવી હતી અને ભાજપને કેટલાક પ્રશ્નો પૂછ્યા હતા. તેમણે કહ્યું કે, ભાજપના લોકોને દેશના અન્નદાતાઓ માટે નફરત કેમ છે? ભાજપે હંમેશા આપણા ખેડૂતોને જુઠ્ઠા, છેતરપિંડી કરનારા, ષડયંત્ર કરનારા કહ્યા છે અને અત્યાચારો કર્યા છે. અને ફરી એકવાર, એક બીજેપી સાંસદે અમારા ખેડૂતો પર પાયાવિહોણા આક્ષેપો કર્યા છે. પ્રશ્ન એ છે કે શું કંગનાએ ભાજપની ચૂંટણીની રણનીતિના ભાગરૂપે ખેડૂતો ઉપર આ અધમ આરોપો લગાવ્યા છે? કોંગ્રેસના સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મના ચેરપર્સન સુપ્રિયા શ્રીનેતે પણ કંગનાની ટિપ્પણીની નિંદા કરી અને માફીની માંગ કરતા કહ્યું કે, કંગના રનૌતે



દેશના ખેડૂતોને હત્યારા અને બળાત્કારી કહ્યા. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે અમેરિકા અને ચીન ખેડૂતોના વિરોધને ભડકાવીને દેશમાં અસ્થિરતા પેદા કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. ભાજપ આનાથી છટકી શકે નહીં. હરિયાણાના બીજેપીના એક વરિષ્ઠ નેતાએ કહ્યું કે પાર્ટીએ કંગનાને તેના ડોમેનની બહારના મુદ્દાઓ વિશે વાત કરવાનું બંધ કરવાનું કહેવાની જરૂર છે. શું બોલવું અને શું ન બોલવું તે શીખવામાં અમને વર્ષો લાગ્યા છે. પક્ષની સંભાવનાઓને અસર કરતી બાબતો ઉપર તેણીનો અભિપ્રાય આપતા પહેલા તેણીએ પણ ઘણું શીખવાની જરૂર છે. તે કિસાન નેતા, રાષ્ટ્રીય પ્રવકતા અથવા હરિયાણાની પણ નથી, તેથી સ્પષ્ટપણે આવા નિવેદનો આપવાનું તેણીનું કામ નથી. તે વિપક્ષને મુદ્દાઓ આપે છે, જે પહેલાથી જ કુસ્તીબાજોના મુદ્દા અને અગ્નિપથ યોજના ઉપર ભાજપને નિશાન બનાવી રહ્યા છે. લોકસભા ચૂંટણી દરમ્યાન તેણીની વિવાદાસ્પદ ટિપ્પણીથી ચિંતિત, ભાજપે કંગનાને મોદી સરકારના કામ અને મહિલા સશક્તિકરણ સાથે સંબંધિત મુદ્દાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા અને બોલવા માટે કહ્યું હતું. વરિષ્ઠ નેતાઓને પણ વિવાદ ટાળવા માટે કાર્યક્રમો દરમ્યાન તેમની સાથે રહેવાનું કામ સોંપવામાં આવ્યું હતું. હરિયાણા બીજેપીના પ્રવકતા સંજય શર્માએ દલીલ કરી હતી કે કંગનાની ટિપ્પણીને યોગ્ય સંદર્ભમાં સમજવામાં આવી નથી. ૨૦૨૧માં, પશ્ચિમ બંગાળની ૨૬ વર્ષીય કાર્યકર્તા ઉપર ટીકરી વિરોધ સ્થળ ઉપર કથિત રીતે બળાત્કાર થયો હતો. થોડા અઠવાડિયા પછી તેણીનું કોવિડથી મૃત્યુ થયું, અને તેના પિતાની ફરિયાદ ઉપર છ લોકો સામે ગેંગરેપની એફઆઈઆર નોંધવામાં આવી હતી.

# ટ્રુડો સરકાર કેનેડામાં ઓછા વેતનના વિદેશી કામદારોમાં ઘટાડો કરશે !

(એજન્સી) તા.૩૦

કોવિડ પછીની મજૂરોની તીવ્ર અછત દરમ્યાન સરકારે પ્રતિબંધો હળવા કર્યા પછી કેનેડામાં વિદેશી કામદારોમાં ઐતિહાસિક ઉછાળો જોવા મળ્યો. કેટલાક કેનેડિયન નિષ્ણાતો માને છે કે આ પગલાથી ઈમિગ્રન્ટ્સ અને યુવાનોમાં બેરોજગારી વધી છે.

- કેનેડા ઓછા વેતનના વિદેશી કામદારોમાં ઘટાડો કરશે
- શ્રમ બજારની પાળી નીતિમાં ફેરફાર માટે સંકેત આપે છે
- ઉચ્ચ બેરોજગારીવાળા વિસ્તારોમાં ભરતીના કડક નિયમોનો સામનો કરવો પડશે

કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ જાહેરાત કરી હતી કે તેમની સરકાર ઓછા વેતનની નોકરી કરતા અસ્થાયી વિદેશી કામદારોની સંખ્યામાં ઘટાડો કરશે. એક ટ્વિટમાં, કેનેડિયન વડાપ્રધાને કહ્યું, "અમે કેનેડામાં ઓછા વેતન, અસ્થાયી વિદેશી કામદારોની સંખ્યામાં ઘટાડો કરી રહ્યા છીએ. શ્રમ બજાર બદલાઈ ગયું છે. હવે અમારા વ્યવસાયો માટે કેનેડિયન કામદારો અને યુવાનોમાં રોકાણ કરવાનો સમય આવી ગયો છે." કોવિડ પછીની મજૂરોની તીવ્ર અછત દરમ્યાન સરકારે પ્રતિબંધો હળવા કર્યા પછી કેનેડામાં વિદેશી કામદારોમાં ઐતિહાસિક ઉછાળો જોવા મળ્યો. કેટલાક કેનેડિયન નિષ્ણાતો માને છે કે આ પગલાથી ઈમિગ્રન્ટ્સ અને યુવાનોમાં બેરોજગારી વધી છે. મીડિયાના અહેવાલ મુજબ, ઉચ્ચ બેરોજગારીવાળા વિસ્તારોમાં નોકરીદાતાઓ જ્યાં બેરોજગારીનો દર છ ટકા કે તેથી વધુ છે. "ખાદ્ય સુરક્ષા ક્ષેત્રો" માટે મર્યાદિત અપવાદો સાથે, ઓછા વેતનના અસ્થાયી વિદેશી કામદારો (**TFW**)ને નોકરી ઉપર રાખી શકશે નહીં. જેમ કે કૃષિ અને ખોરાક અને માછલીની પ્રક્રિયા તેમજ બાંધકામ અને આરોગ્ય સંભાળ જ્યાં સ્ટાફની તીવ્ર તંગી હજુ પણ છે. અહેવાલમાં જણાવાયું છે કે, એમ્પ્લોયરોને હવે **TFW** પ્રોગ્રામ દ્વારા તેમના કુલ વર્કફોર્સના ૧૦ ટકાથી વધુ નોકરી ઉપર રાખવાની મંજૂરી આપવામાં આવશે નહીં. કામચલાઉ વિદેશી કામદારોનો બે વર્ષનો કોન્ટ્રાક્ટ પણ ઘટાડીને એક વર્ષનો કરવામાં આવશે. એક સરકારી નિવેદન અનુસાર, **TFW** પ્રોગ્રામનો ઉપયોગ "કેનેડામાં પ્રતિભાશાળી કામદારોની ભરતીને અટકાવવા" માટે કરવામાં આવ્યો છે. રેન્ડી બોઈસોનોલ્ટ, રોજગાર, કાર્યબળ વિકાસ અને સત્તાવાર ભાષાઓના પ્રધાને જણાવ્યું હતું કે, "ટેમ્પરરી ફોરેન વર્કર પ્રોગ્રામ શ્રમ બજારની અછતને દૂર કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો હતો જ્યારે લાયકાત ધરાવતા કેનેડિયનો તે ભૂમિકાઓ ભરવા માટે સક્ષમ ન હતા. અત્યારે, અમે જાણીએ છીએ કે ઓપન પોઝિશન્સ ભરવા માટે વધુ કેનેડિયનો લાયક છે. આજે અમે જે ફેરફારો કરી રહ્યા છીએ તે કેનેડિયન કામદારોને પ્રાથમિકતા આપશે. અને સુનિશ્ચિત કરે છે કે કેનેડિયનો વિશ્વાસ કરી શકે છે કે પ્રોગ્રામ આપણા અર્થતંત્રની જરૂરિયાતોને પૂર્ણ કરે છે."

# ભારતીય ક્રિકેટરો ઉપર પૈસાનો વરસાદ કરશે BCCI

નવી દિલ્હી, તા.૩૦

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) ઘરેલુ સ્તરે બધી મહિલા અને જૂનિયર ક્રિકેટ ટુર્નામેન્ટમાં પ્લેયર ઓફ ધ મેચ અને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ પુરસ્કાર વિજેતા ખેલાડીઓ માટે ઈનામી રકમની શરૂઆત કરશે. સોશિયલ મીડિયા ઉપર એક પોસ્ટમાં બીસીસીઆઇના સચિવ જય શાહે આ જાહેરાત કરી છે કે, પુરૂષ ક્રિકેટમાં વિજય હજારે અને સૈયદ મુશ્તાક અલી ક્રિકેટ ટુર્નામેન્ટમાં પ્લેયર ઓફ ધ મેચ માટે ઈનામી રકમ આપવામાં આવશે. જય શાહે પોતાના ઓફિશિયલ ટ્વિટર એકાઉન્ટથી ટ્વિટ કરીને કહ્યું કે, અમે પોતાના ઘરેલુ ક્રિકેટ કાર્યક્રમ મુજબ બધી મહિલા અને જૂનિયર ક્રિકેટ ટુર્નામેન્ટમાં પ્લેયર ઓફ ધ મેચ અને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ માટે ઈનામી રકમની શરૂઆત કરી રહ્યા છીએ. તેમણે કહ્યું કે, આના ઉપરાંત સિનિયર પુરૂષો માટે વિજય હજારે અને સૈયદ મુશ્તાક અલી ટુર્નામેન્ટમાં પ્લેયર ઓફ ધ મેચ માટે ઈનામી રકમ આપવામાં આવશે. આ પહેલનો ઉદ્દેશ ઘરેલુ સર્કિટમાં શાનદાર પ્રદર્શન કરનારને પુરસ્કૃત કરવાનો છે. જય શાહે કહ્યું કે, આ પ્રયાસ અતૂટ સમર્થન માટે ટોચની પરિષદનો આભાર સાથે મળીને અમે પોતાના ક્રિકેટરો માટે વધારે સારો માહોલ તૈયાર કરી રહ્યા છે. ગત વર્ષે બીસીસીઆઈએ ઘરેલુ ટુર્નામેન્ટ માટે ઈનામી રકમમાં વધારો કર્યો હતો અને રણજી ટ્રોફી વિજેતાને પાંચ કરોડ રૂપિયાનું રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું. ઈરાની કપ માટે રોકડ ઈનામ પણ બેવડું કરી દેવાયું હતું, જેમાં વિજેતાને ૨૫ લાખ રૂપિયાના બદલે ૫૦ લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા અને રનર્સઅપને ૨૫ લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા. દુલીપ ટ્રોફીમાં હવે ચેમ્પિયનને એક કરોડ રૂપિયા અને રનર્સઅપને ૫૦ લાખ રૂપિયા મળે છે. જ્યારે વિજય હજારે ટ્રોફીના વિજેતાને એક કરોડ રૂપિયા અને બીજા સ્થાને રહેનારી ટીમને ૫૦ લાખ રૂપિયા મળે છે.

# જો આક્ષેપો સાચા પુરવાર થાય તો ટેલિગ્રામ ઉપર ભારતમાં પ્રતિબંધ મૂકાઈ જવાની શક્યતા

નવી દિલ્હી, તા.૩૦

મેસેજ માટેની ખૂબ જ લોકપ્રિય એપ ટેલિગ્રામ મેસેજિંગ એપ સામે જુગાર અને ખંડણીને વેગ આપવા સહિતની અપરાધી પ્રવૃત્તિઓ માટે સુવિધા કરી દેવાના આરોપોનો સામનો કરી રહેલી અને ભારત સરકારની જે નોટ ભરી નજર જેના ઉપર છે એવી **telegram** ઉપર આક્ષેપો પુરવાર થાય તો ભારતમાં પ્રતિબંધ મૂકવામાં આવે તેવી શક્યતા છે કેમકે ભારત સરકારે પણ આ પ્લેટફોર્મની પ્રવૃત્તિઓ ઉપર તપાસ શરૂ કરી દીધી છે એટલે જો તેના તારણોના આધારે પ્રતિબંધ મુકાઈ શકે છે. ટેલિગ્રામ એપ દ્વારા ખંડણી વસૂલી તેમજ જુગારની પ્રવૃત્તિઓને વેગ આપવાના આરોપસર અને અપરાધી પ્રવૃત્તિઓમાં તેની સામેલગીરી તથા આવી પ્રવૃત્તિને સુગમ કરી આપવાના તેની સામેના આક્ષેપો બદલ ભારત સરકારે તપાસ શરૂ કરી છે. તેમ એક સરકારી અધિકારીએ જણાવ્યું હતું. ફ્રાન્સમાં ટેલિગ્રામના સીઈઓ પાવેલ દૂરની ધરપકડ થયાના બીજા દિવસે ભારતમાં તપાસના અહેવાલ આવ્યા છે. ફ્રાન્સમાં પ્રારંભિક તપાસમાં જાહેર થયું છે કે છેતરપિંડી, નશીલા પદાર્થોની હેરફેર, સાયબર ધાક ધમકી તેમજ સંગઠિત ગુનાખોરી અને આતંકવાદને વેગ આપવાના આરોપોસર ટેલિગ્રામના સીઈઓ સામે ફ્રાન્સમાં તપાસ થઈ રહી છે. આવી પ્રવૃત્તિ અટકાવવામાં એપની નિષ્ફળતા અને તેની ઉદાર નીતિઓ અંગે ફ્રાન્સના સત્તાવાળાઓએ ચિંતા વ્યકત કરી છે. કેન્દ્રના ગૃહ મંત્રાલય તથા ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય દ્વારા હાલ ભારતમાં ટેલિગ્રામ એપ સામે તપાસ થઈ રહી છે પણ એમની અહીં કોઈ કચેરી કે વડુ મથક મોજુદ નથી એટલે થોડી તકલીફ થઈ રહી છે તપાસમાં શું જાહેર થાય છે તેના ઉપર ટેલિગ્રામ અંગેના નિર્ણયનો આધાર રહે છે જો આક્ષેપો સાચા પુરવાર થાય તો પ્રતિબંધ મુકાઈ શકે છે. અગાઉ યુજીસી નીટ વિવાદ અને પેપર લીક કૌભાંડ સમયે પણ **telegram**ની ખોટી માહિતી ફેલાવવાની અને ગેરકાનૂની પ્રવૃત્તિઓને વેગ આપવામાં ભૂમિકા અંગે આ એપની ટીકા કરવામાં આવી હતી. ટેલિગ્રામ દ્વારા આક્ષેપો અંગે એવો ખુલાસો કરવામાં આવ્યો છે કે અમે ભારતીય કાયદા અને માન આપી રહ્યા છીએ. અમે નોડલ ઓફિસર અને કાયદાના અમલના નિરીક્ષણ માટે ચીફ કમ્પલાઈન્સ ઓફિસરની નિમણૂક પણ કરી છે અને દર મહિને અમે રિપોર્ટ મેળવી રહ્યા છીએ.

# જેલ ઓથોરિટીની દેખરેખ હેઠળ મર્યાદિત ઈન્ટરનેટની સુવિધા બાબતે સરકાર વિચાર કરે : ગુજરાત હાઈકોર્ટનો મહત્ત્વનો ચુકાદો




અમદાવાદ, તા.૩૦

સુરતની લાજપોર જેલમાં દુષ્કર્મ કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા નારાયણસાંઈની લેપટોપ, આઈપેડ અથવા કમ્પ્યુટર અને પ્રિન્ટર વગેરે ચોક્કસ સમય માટે ફાળવવા માટેની અરજી ફગાવીને એક મહત્ત્વનો ચુકાદો આપતાં હાઈકોર્ટના જસ્ટિસ એચ.ડી.સુથારે ચુકાદામાં એવું અવલોકન કર્યું છે કે જેલમાં બંધ કેદીઓને એક સરખા રંગે રંગી શકાય નહીં. જેલના કેદીઓ માટે વિવિધ પ્રકારના સુધારાવાદી કાર્યક્રમો અને પ્રોજેક્ટ્સ ચલાવવામાં આવી રહ્યા છે. ત્યારે કેદીઓના જ્ઞાનમાં વધારો કરવા અને તેમને સંશોધન માટે મદદરૂપ થવા માટે જેલ ઓથોરિટીના સર્વેલન્સ હેઠળ અને મર્યાદિત સ્તરે ઈન્ટરનેટની સુવિધા પુરી પાડવા માટે સરકારે નિષ્ણાંતો સાથે પરામર્શ કર્યા બાદ એક ફૂલપ્રૂફ **SOP** અથવા તો ગાઈડલાઈન્સ બનાવવી જોઈએ. જો કોઈ કેદી દ્વારા આ સુવિધાનો દુરૂપયોગ કરવામાં આવે તો તેને સ્થગિત કરી દેવી જોઈએ. નારાયણસાંઈની અરજી રદ કર્યા બાદ ઉક્ત અવલોકન સાથે જસ્ટિસ સુથારે આદેશની નકલ રાજ્ય સરકારના ગૃહ વિભાગ અને જેલ આઈજીને ઉક્ત મુદ્દા ધ્યાને લેવા માટે મોકલી આપવાનું કહ્યું છે. જસ્ટિસ સુથારે ચુકાદામાં નોંધ્યું છે કે, પ્રસ્તુત કેસના અરજદાર નારાયણસાંઈની વર્તણૂક જોતાં તેમણે જે સુવિધાઓ માંગી છે, તે માટેના તેઓ હકદાર જણાતા નથી. પરંતુ દરેક કેદીએ એક સમાન રંગે રંગી શકાય નહીં. સુપ્રીમ કોર્ટે મોહમ્મદ ગિઆસુદ્દીનના કેસમાં નોંધ્યું છે કે, 'દરેક સજ્જન કે સાધુ વ્યક્તિનો એક ભૂતકાળ હોય છે અને દરેક પાપીનું એક ભવિષ્ય હોય છે.' મહાત્મા ગાંધીએ પણ કહ્યું હતું કે, 'ગુનો એક મરી ગયેલા મસ્તિષ્કની દેન છે અને જેલનું વાતાવરણ હોસ્પિટલ જેવું હોવું જોઈએ, જ્યાં કેદીને સારવાર અને કાળજી મળી શકે.' હાઈકોર્ટે વધુમાં નોંધ્યું છે કે, 'ઉક્ત તથ્યોને ધ્યાનમાં લેતાં અને જેલના કેદીઓના ભવિષ્યના સુધારા માટે આપણે સુધારાવાદી વલણ અપનાવ્યા છે. જેમાં ઓપન-એર પ્રિઝન અને વોકેશનલ ટ્રેનિંગ પ્રોગ્રામ વગેરેની શરૂઆત કરી છે. વધારામાં મોડલ જેલ મેન્યુઅલ પણ અપડેટ કરવામાં આવ્યા છે. આવા તબક્કે હવે રાજ્ય સરકાર માટે એ માટેનો હાઈ ટાઈમ છે કે તેઓ એક એવો પ્રોજેક્ટ અમલમાં મૂકે કે જેમાં તેઓ નિષ્ણાંતો સાથે પરામર્શ કર્યા બાદ જેલના કેદીઓને ઈન્ટરનેટની સુવિધા આપવા માટે વિચારે. અસરકારક નિયંત્રિત સાથે હાર્ડવેર આધારિત ફાયરવોલ અથવા તો અન્ય એડવાન્સ ફૂલપ્રૂફ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને કોઈ ટેકનોસેવી યુઝર ઈન્ટરનેટ સુવિધાનો દુરૂપયોગ ન કરે તે બાબતને સુનિશ્ચિત કરી એક વ્યાપક સર્વાંગી ગાઈડલાઈન અથવા **SOP** સરકારે તૈયાર કરવી જોઈએ. આ સુવિધા જેલ ઓથોરિટીની સતત દેખરેખ હેઠળ હોવી જોઈએ અને જેતે કેદીની શૈક્ષણિક યોગ્યતાને ધ્યાને લઈ પુરી પાડવા અંગે વિચારવું જોઈએ અને જો સુવિધાનો દુરૂપયોગ જણાય તો તેને સ્થગિત કરવી જોઈએ. જસ્ટિસ એચ.ડી.સુથારે ચુકાદામાં વધુમાં અવલોકન કર્યું છે કે, 'આપણે ડિજીટલ યુગમાં જીવી રહ્યા છે. જ્યુડિશિયલ સિસ્ટમમાં ઈકોર્ટ, હાઈબ્રિડ હિયરિંગ, ઈ-સર્વિસિસ, ઈ-ફાઈલિંગ વગેરે અમલમાં મૂકાઈ છે અને તેના અનુસંધાને માળકાગત સુવિધાઓ પુરી પાડવામાં આવી છે. ત્યારે હવે એ સમય પાકી ગયો છે કે જેલ ઓથોરિટી ટેક્નોલોજી અપનાવે અને જેલમાં ડિજીટલ વાતાવરણ ઊભું કરે. જેલના કેદીઓમાં ઈ-સર્વિસિસની જાણકારી પુરી પાડે અને ઈ-સેવા કેન્દ્ર અને ઈ-કોર્નર પણ જેલમાં ઊભા કરે, સાથે જ કેદીઓને વોકેશનલ ટ્રેનિંગ પણ પુરી પાડે.' નારાયણસાંઈને રાહત આપવા ઈન્કાર કરતાં એના ભૂતકાળના ગુના ઉપરાંત વર્તણૂક વગેરેને કોર્ટે ધ્યાને લીધી હતી. સાથે જ તેણે અગાઉ મળેલી છૂટનો દુરૂપયોગ કર્યાનું પણ કોર્ટે નોંધ્યું હતું. કોર્ટે ઠરાવ્યું હતું કે, 'ગુનેગારના અંગત લાભ કરતાં સમાજને ગુનાખોરી અને ગુનાથી બચાવવું જરૂરી છે. અરજદારનો મામલો ગંભીર છે અને તેવા સંજોગોમાં સમાજ અને પીડિતના હિતને ધ્યાને લઈ તેને કોઈ પ્રકારની રાહત આપી શકાય નહીં અને લેપટોપ વગેરેની મંજૂરી આપી શકાય નહીં.'

# RSSના વડા મોહન ભાગવતની સુરક્ષા PM મોદી, ગૃહમંત્રી અમિત શાહની સમકક્ષ ટોચના સ્તરમાં અપગ્રેડ કરવામાં આવી

નવી દિલ્હી, તા.૩૦

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતની સુરક્ષાના સ્તરમાં અનેકગણો વધારો કરવામાં આવ્યો છે. તેમની સુરક્ષા કેટેગરી ઝેડ પ્લસથી વધારી એડવાન્સ સિક્યોરિટી લાઈઝન (એએસએલ) કરવામાં આવી છે. તેમની સુરક્ષા વ્યવસ્થા હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ સમકક્ષ થશે. આ મુદ્દે હાલમાં ગૃહ મંત્રાલય દ્વારા સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં જાણવા મળ્યું હતું કે, બિન-ભાજપશાસિત રાજ્યોમાં વલણ નરમ રહેતાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. ગૃહ મંત્રાલયે જણાવ્યા પ્રમાણે ભાગવતની ઝેડ પ્લસ સુરક્ષામાં સીઆઈએસએફમાંથી પ્રતિનિયુક્તિ ઉપર અધિકારી અને ગાર્ડ પણ સામેલ હતા. આરએસએસ પ્રમુખ કટ્ટરપંથી ઈસ્લામી સંગઠનો સહિત અનેક સંગઠનોના ટાર્ગેટમાં રહે છે. તેમને મળતી ધમકીઓમાં વધારો થતાં તેમજ વિભિન્ન એજન્સીઓ પાસેથી મળેલી માહિતી બાદ ગૃહ મંત્રાલયે મોહન ભાગવતને એએસએલ સુરક્ષા પ્રાપ્ત વ્યક્તિ તરીકે જાહેર કર્યા છે. તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સત્તાવાર ધોરણે અપગ્રેડ અંગે સૂચના આપવામાં આવી છે. એએસએલ અંતર્ગત સુરક્ષા પ્રાપ્ત વ્યક્તિની સુરક્ષા સંબંધિત જિલ્લા પ્રશાસન, પોલીસ, સ્વાસ્થ્ય અને અન્ય વિભાગો જેવી સ્થાનિક એજન્સીઓની ભાગીદારી અનિવાર્ય છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, તેમાં મલ્ટીપલ સિક્યોરિટી સામેલ છે. હેલિકોપ્ટર યાત્રાની મંજૂરી માત્ર વિશેષ રૂપે ડિઝાઈન કરવામાં આવેલ હેલિકોપ્ટરમાં આપવામાં આવશે.

# PMLA કેસ માટે પણ 'જામીન એ નિયમ છે અને જેલ એ અપવાદ છે' : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી, તા.૩૦

સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે મની લોન્ડરિંગના કેસોમાં પણ જામીન એ નિયમ છે અને જેલ એક અપવાદ છે, અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા નોંધાયેલા ગેરકાયદેસર ખાણ સંબંધિત કેસમાં ઝારખંડના મુખ્ય પ્રધાન હેમંત સોરેનના સહાયકને રાહત આપી છે. જસ્ટિસ બીઆર ગવઈ અને કેવી વિશ્વનાથનની બેન્ચે જણાવ્યું હતું કે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (**PMLA**) હેઠળના કેસોમાં પણ જામીન એ નિયમ છે અને જેલ અપવાદ છે. ખંડપીઠે કહ્યું કે કોઈ પણ વ્યકિતને તેની સ્વતંત્રતાથી વંચિત રાખવો જોઈએ નહીં અને **PMLA**ની કલમ ૪૫ જે મની લોન્ડરિંગ કેસમાં આરોપીને જામીન આપવા માટે બે શરતો મૂકે છે તે પણ સ્વતંત્રતાથી વંચિત કરી શકે નહીં. સર્વોચ્ચ અદાલતે ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન મનીષ સિસોદિયાની સંડોવણીના મની લોન્ડરિંગ અને ભ્રષ્ટાચારના કેસમાં ૯ ઓગસ્ટના ચુકાદાનો ઉલ્લેખ કરીને કહ્યું કે વ્યક્તિની સ્વતંત્રતા હંમેશા નિયમ છે અને કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા દ્વારા તેની વંચિતતા અપવાદ છે. **PMLA**ની કલમ ૪૫ હેઠળ આ સિદ્ધાંતને અસર થતી નથી. કોર્ટે પ્રેમ પ્રકાશને જામીન આપ્યા, જે સોરેનના નજીકના સાથી હોવાનો આરોપ છે અને તેના ઉપર રાજ્યમાં ગેરકાયદેસર ખાણકામમાં સામેલ હોવાનો આરોપ છે. સર્વોચ્ચ અદાલતે ઝારખંડ હાઈકોર્ટના ૨૨ માર્ચના આદેશને તેને જામીન આપવાનો ઈનકારને રદ કરી દીધો હતો અને ટ્રાયલ કોર્ટને કેસમાં ટ્રાયલ ઝડપી કરવા નિર્દેશ આપ્યો હતો.

# ઈસ્લામ ધર્મના મહાન પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ પર વિવાદાસ્પદ ટીપ્પણી કરનાર મહારાષ્ટ્રના કથાકાર સામે ગુનો નોંધવા માંગ

## માંગરોળ મુસ્લિમ સમાજ દ્વારા રામગીરી મહારાજ વિરૂધ્ધ રોષ પૂર્વક આવેદનપત્ર આપાયું





(યુસુફ ચુડલી દ્વારા)

માંગરોળ તા. ૩૦

જૂનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે સમગ્ર મુસ્લિમ સમાજની સંસ્થા ધી માંગરોળ બૈતુલમાલ ફંડના નેજા હેઠળ રામગીરી મહારાજ વિરૂધ્ધ રોષપૂર્વક આવેદનપત્ર આપવામાં આવ્યું છે. મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના સિન્નર તાલુકાના શાહપંચાલ ગામમાં કટ્ટરવાદી કથાકાર રામગીરી મહારાજ દ્વારા પોતાની કિર્તન સભા દરમ્યાન ઈસ્લામ ધર્મના મહાન પયગમ્બર હઝરત મુહંમદ (સ.અ.વ.) તથા ઈસ્લામ ધર્મ વિષે વિવાદાસ્પદ અને વાંધાજનક ટિપ્પણી કરતો એક વિડિયો સોશ્યલ મિડિયામાં વાયરલ થયેલ હોય, જેનાથી સમગ્ર વિશ્વના મુસ્લિમોની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાનો અને વિખવાદ ઉશ્કેરવાનો પ્રયાસ કરેલ હોય, જેને લઈને સમગ્ર દેશભરના મુસ્લિમ સમાજમાં રોષ ફેલાયો છે. આ બાબતે માંગરોળ મુસ્લિમ સમાજે મામલતદાર અને પોલીસને આવેદન પત્ર આપી રામગીરી મહારાજ વિરૂધ્ધ ગુનો દાખલ કરવાની માંગ કરી હતી.

આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, અમો માંગરોળ મુસ્લિમ ધર્મના તમામ અનુયાયી ભારતીય નાગરિક હોવાના નાતે કટ્ટરવાદી કથાકાર રામગીરી મહારાજની આ તૃચ્છ અને હિન હરકતનો સખ્ત વિરોધ કરીએ છીએ અને ભારત દેશની શાંતિ ડહોળવાના અને મુસ્લિમ સમુદાયના વિશ્વ પ્રસિધ્ધ પયગમ્બર હઝરત મુહંમદ (સ.અ.વ.) વિરૂધ્ધ અભદ્ર શબ્દોનો ઉપયોગ કરનાર, મુસ્લિમ સમુદાયની ધાર્મિક લાગણી દુભાવનાર સામે માનહાનિ અને ભારતીય બંધારણને તોડવા બદલ રામગીરી મહારાજ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહીતા હેઠળ કલમ ૧૯૨, ૧૯૬, ૧૯૭, ૨૯૯, ૩૦૨, ૩૫૩(૨), ૩૫૬(૨), અને ૩૫૬(૩) મુજબ એફ.આઈ.આર. દાખલ કરવા આપની કક્ષાએથી આદેશ કરી તાત્કાલિક શિક્ષાત્મક અને કડક કાયદાકિય પગલાં ભરવા અમો માંગરોળ મુસ્લિમ ધર્મના તમામ અનુયાયીઓની માંગ છે.

આ તકે માંગરોળના મઝાહીરે ઉલૂમ મૌલાના મુહમ્મદ દાવડાએ મામલતદાર સમક્ષ રોષપૂર્વક પોતાની વેદનાઓ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, જેમણે વિશ્વના મહાન પુરૂષ મુહમ્મદ (સ.અ.વ.)નું અપમાન કર્યું છે એ મહારાજનું હું નામ લેવું પણ પસંદ નથી કરતો, જેમણે આ દેશના તમામ મુસ્લિમની લાગણી દુભાવી છે. આજે દૂનિયામા ક્યાંય પણ અમન શાંતિ નથી ત્યારે જ્યારે આપણા દેશમાં તમામ હિન્દુ-મુસ્લીમ-શીખ-ઈસાઈ ખભેખભો મિલાવીને રહે છે એ અમન શાંતિને તોડવા માટે રામગીરી જેવો વ્યક્તિ વિશ્વનાં મહાન પુરૂષનું અપમાન કરી રહ્યો છે. આપણે ફક્ત મુસ્લિમોનું જ નહિ પરંતુ દરેક ધર્મના વડવાઓને દુઃખ પહોંચ્યું છે.

ઈસ્લામના અઝીમ પેસવા વિરૂધ્ધ પોતાનો બફાટ કરીને વિશ્વના ખરબો લોકોની લાગણી દુઃભાવી તેમની આસ્થા સાથે ખિલવાડ કર્યો છે. આપણા દેશમાં દંગાઓ કરવા માટે અને દેશને વિભાજીત કરવાની ગંદી નીતિથી દેશમાં એકબીજાને લડાવવાની મહેનત કરી રહ્યા છે. આપણે બધા એક અને નેક થઈને રહેવા માંગીએ છીએ ત્યારે આવી ગંદી વાતો કરી દેશની શાંતિ ડહોળવાવા માંગે છે. જે દુનિયાના કોઈપણ લોકોને મંજૂર નથી. અમારા કોઈપણ મૌલાના કે ધર્મગુરૂઓ ક્યારેય પણ કોઈપણ સાધુ સંતો પર ક્યારેય પણ કીચડ ઉછાળેલ નથી. જ્યારે આ વ્યક્તિ મુહમ્મદ સાહેબ વિરૂધ્ધ અપમાનજનક શબ્દો બોલી રહ્યો છે.

આવા લોકો પર લગામ લાગવી જોઈએ જેથી હિન્દુસ્તાનની એકતા અને ખુબસૂરતી કાયમ રહી શકે. મિડિયાને સંબોધતા મુફતી હનીફ જડાએ જણાવ્યું હતું કે મહારાષ્ટ્રના કથાકારે સમગ્ર જગતના ૧૫૦ કરોડ મુસ્લીમોની આત્માને ઠેસ પહોચાડી છે. આ બાબતે અમને ન્યાય મળવો જોઈએ અને આવી રીતે દેશની એકતા અને શાંતિને ખરાબ કરવાના પ્રયાસો કરનાર સામે તાત્કાલિક પગલાં લેવામાં આવે તે જરૂરી છે. આવેદનપત્ર આપવા માટે માંગરોળ શહેરના ખતીબ મુફતી અબ્દુલ્લાહ પટની, મૌલાના મુહમ્મદ દાવડા, મુફતી હનીફ જડા, બૈતુલમાલ ફંડના પ્રમુખ હનીફભાઈ પટેલ, ઘાંચી સમાજના પ્રમુખ મોહમદહુસેન ઝાલા સહીત માંગરોળ તાલુકાની ૧૯ મુસ્લિમ જમાતના હોદેદારો અને આગેવાનો જોડાયા હતા.

### ગીર સોમનાથ જિલ્લામાં એક માત્ર

# ઊનાની સરકારી હોસ્પીટલમાં નિઃશુલ્ક દાંતના ચોકઠા બનાવી ફીટ કરવાની સુવિધા શરૂ



ઉના તા. ૩૦

ઉના શહેર અને તાલુકા તેમજ ગીરગઢડા તાલુકાની જનતા માટે ખુબ ખુશીના સમાચાર છે કે ઊનાની સરકારી હોસ્પીટલમાં દાંતની સારવાર વિભાગ કાર્યરત છે. અને દાંતના સર્જન ડો. મિત અનિલભાઈ ડોડીયા ફરજ બજાવે છે. જેમાં ગુજરાત સરકાર દ્વારા ગુજરાતની ૩૮૨હોસ્પિટલો પૈકી ૬૨ સરકારી હોસ્પિટલને રાષ્ટ્રીય ઓરલ હેલ્થ પ્રોગ્રામ અને ઓરલ રિહાબિલીટેશન અંતર્ગત દાંતના ચોકઠા નિઃશુલ્ક બનાવી ફીટ કરવાની મંજૂરી મળી છે. જે પૈકી ગીર સોમનાથ જિલ્લામાં એક માત્ર ઊનાની સરકારી હોસ્પીટલને મંજૂરી મળી છે. અને આ વિભાગ કાર્યરત થઈ ગયો છે. જેમાં જે લોકોના દાંત પડી ગયા હોય તેમને વિનામૂલ્યે ચોકઠા (બત્રીસી)નું માપ લઈ ચોકઠું બનાવી ફીટ કરવામાં આવે છે. ઘણા લોકોએ આ સેવાનો લાભ લીધો છે. અને વધુમાં વધુ લોકો આ યોજનાનો લાભ લે તે માટે અપીલ કરવામાં આવી છે.

# જૂનાગઢ જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ માંગરોળ અને ઘેડ વિસ્તારના ભારે વરસાદથી અસરગ્રસ્ત ગામોની મુલાકાત લીધી

## પ્રભારી સચિવ શ્રી બંછાનિધિ પાનીએ અને જિલ્લા કલેકટરશ્રીએ માંગરોળ બંદરે બોટ દુર્ઘટના સ્થળની મુલાકાત કરી, જીણવટભરી વિગતો મેળવી




જૂનાગઢ તા.૩૦

જૂનાગઢ જિલ્લા કલેકટર અનિલ કુમાર રાણાવસિયા ગઈકાલે માંગરોળ અને ઘેડ વિસ્તારના ભારે વરસાદથી અસરગ્રસ્ત ગામોની મુલાકાત કરી પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. જિલ્લાના પ્રભારી સચિવ બંછાનિધિ પાની અને જિલ્લા કલેકટરશ્રીએ માંગરોળ બંદરે બોટ પલટી જવાના દુર્ઘટના સ્થળની મુલાકાત કરી હતી અને હાજર માછીમારો પાસેથી ઘટનાની ઝીણવટભરી વિગતો મેળવી હતી. આ ઘટના સંદર્ભે જરૂરી સૂચનાઓ સંલગ્ન અધિકારીઓને આપી હતી અને આ પ્રકારની દુર્ઘટનાઓ નિવારવા માટે જરૂરી પરામર્શ પણ કરવામાં આવ્યો હતો. જિલ્લા કલેકટરશ્રીએ માંગરોળ શહેરની ડમ્પીંગ સાઈડ, ઉપરાંત શીલ બારા-બંધારા, ઘેળ વિસ્તારના મેખડી સામારડાને જોડતા રસ્તાની પણ મુલાકાત કરી હતી. ઉપરાંત માણાવદરના સરાડીયા ગામની પણ મુલાકાત કરી હતી. અહીં એનડીઆરએફના જવાનો પાસેથી રાહત-બચાવ કામગીરીની જરૂરી વિગતો મેળવી હતી. જિલ્લા કલેકટરશ્રીએ અસરગ્રસ્ત વિસ્તારની સમીક્ષા કરવાની સાથે લોકોની મુશ્કેલીઓ નિવારવા માટે સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી.

# ઊનાના પ્રાચીન તીર્થધામ ગુપ્તપ્રયાગમાં ભાદરવી અમાસ નિમિત્તે ત્રણ દિવસનો લોક મેળો યોજાશે

## ભોજન, ભજન અને પિતૃ તર્પણમાં હજારો લોકો પધારશે



(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૩૦


ઊનાથી સાત કિલોમીટર અને દેલવાડાથી બે કિલોમીટર જેમનો સ્કંધ પુરાણમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેવા તીર્થધામ ગુપ્ત પ્રયાગમાં ત્રણ નદીઓનો ગુપ્ત સંગમ થાય છે. સુંદર નુરસિહ ભગવાન અને બળદેવજી ભગવાનનું મંદિર આવેલું છે. મહાપ્રભુજીની ૬૭મી બેઠક આવેલ છે. સ્વામિનારાયણ ભગવાને આ તીર્થધામમાં રાયણના ઝાડ નીચે બેસી કથા પારાયણ કરી હતી. તેવા તીર્થધામમાં તા.૩૧/૮/૨૪ ને શનિવારથી ભાદરવી અમાસ નિમિત્તે ત્રણ દિવસનો લોકમેળો યોજાશે.

આ અંગે બ્રહ્માનંદ ધામ ચાંપરડાના અને અખિલ ભારતીય સાધુ સમાજના પ્રમુખ પ.પૂ. મુક્તાનંદબાપુએ માહિતી આપતા જણાવ્યું હતું કે સનાતન ધર્મ પ્રેમી જનતાને સનાતન સંસ્કૃતિ ઉજાગર કરવા ધાર્મિક ઉત્સવ ઉજવવો જોઈએ તેથી ગુપ્ત પ્રયાગમાં ભાદરવી અમાસ નિમિત્તે આવતીકાલ શનિવારથી ત્રણ દિવસનો લોકમેળો યોજાશે. પ્રથમ દિવસ સવારે ધ્વજા આરોહણ સાથે મેળો ખુલ્લો મુકાશે, સાંજે ગુપ્ત પ્રયાગમાં આવેલ ગંગા કુંડ, વિષ્ણુ કુંડ, રૂદ્ર કુંડ કાંઠે સાંજે ૭.૩૦ કલાકે ગંગા મહાઆરતી યોજાશે, ૧/૯/૨૪ ને રવિવારે સાંજે સમગ્ર સૌરાષ્ટ્ર અને દીવ અને ઘોઘલા વિસ્તારમાંથી જેના સ્વજનો અવસાન પામ્યા હોય તેમને યાદ કરી દીપ પ્રગટાવી આખી રાત તર્પણ કરશે તેમજ આયોજકો દ્વારા એક ભજન અને સાહિત્ય લોક ડાયરો યોજવામાં આવશે. જેમાં સુપ્રસિદ્ધ કલાકાર લોક સાહિત્યકાર રાજભા ગઢવી અને સાથી કલાકારોનું વૃંદ રમઝટ બોલાવશે. તેમજ તા.૨/૯/૨૪ ને સોમવારે અમાસના દિવસે પ્રાચીન પીપળાનું પૂજન કરી પિતૃતર્પણ કરાશે. સાંજે પાંચ વાગ્યે મેળાની પૂર્ણાહુતી કરવામાં આવશે. આ સમગ્ર ધર્મિક ઉત્સવનો સફળ બનાવવા ઊના તાલુકાના ૧૮ ગામના આગેવાનોએ તન, મન અને ધનથી સેવા કરવા ખાત્રી આપી હતી અને મેળાના ત્રણ દિવસ દરમ્યાન કાયદો અને વ્યવસ્થા અને ટ્રાફિક વ્યવસ્થા જાળવવા ઊનાના પોલીસ ઈન્સ્પેકટર રાણા અને સ્ટાફ અને હોમગાર્ડ અને જી.આર.ડી. જવાનો ખડેપગે રહેશે. ત્રણ દિવસ સુધી દરરોજ વિનામૂલ્યે ભોજન પ્રસાદ અને ચા, પાણી તથા રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે. તો આ પ્રસંગે મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓને હાજરી આપવા આયોજકો દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.

# જીલ્લા મેજિસ્ટ્રેટ દિગ્વિજયસિંહ ડી. જાડેજા દ્વારા વેરાવળની અલીફ હોસ્પિટલ વિરૂધ્ધ બાયોમેડિકલ વેસ્ટ બાબતે કડક કાર્યવાહી

## અગાઉ બાયોમેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ -૨૦૧૬નું પાલન કરવાની સૂચના આપવા છતાં અલીફ હોસ્પિટલ તંત્રની ઘોર બેદરકારી



(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ, તા.૩૦

વેરાવળની કેટલીક હોસ્પિટલો દ્વારા ગ્લોસ, ડ્રેસિંગ, ઈન્જેક્શન, નીડલ વગેરે જેવો બાયોમેડિકલ વેસ્ટ નગરપાલિકાના ડમ્પીંગ યાર્ડ ખાતે ખુલ્લેઆમ નાખવામાં આવતો હતો.જેથી લોકોના સ્વાસ્થ્યને ધ્યાને લઈ જિલ્લા મેજિસ્ટ્રેટ દિગ્વિજયસિંહ ડી.જાડેજા દ્વારા વેરાવળ શહેર તથા આસપાસની હોસ્પિટલોમાં બાયોમેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ-૨૦૧૬ના માપદંડો મુજબ બાયોમેડિકલ વેસ્ટની ટ્રીટમેન્ટ કરવામાં આવે છે કે કેમ? વગેરે જેવા બાયોમેડિકલ વેસ્ટ સબંધિત તમામ જોગવાઈઓનું પાલન થાય એ માટે જી.પી.સી.બી.-જૂનાગઢ, આરોગ્ય વિભાગ અને રેવન્યુ વિભાગના અધિકારીઓની ટીમ દ્વારા તપાસ કરાવવામાં આવી હતી અને તમામ હોસ્પિટલના સંચાલકોને બાયોમેડિકલ વેસ્ટ બાબતે નિયમોનુસાર કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવેલ. તેમ છતાં ઉકત બાબતની દરકાર કર્યા વગર વેરાવળની અલીફ હોસ્પિટલના સંચાલકો દ્વારા ગેરકાયદેસર બાયોમેડિકલ વેસ્ટ ખુલ્લામાં નાખતા હોવાનું અને બાયોમેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ -૨૦૧૬ ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરતા હોવાનું ધ્યાને આવતા એસડીએમ,વેરાવળ દ્વારા ધોરણસરની તપાસ કરી અહેવાલ કરતા જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જી.પી.સી.બી.ને હોસ્પિટલ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા આદેશ આપવામાં આવેલ. જેને લઈને જી.પી.સી.બી. દ્વારા આ હોસ્પિટલને કલોઝર નોટિસ આપવામાં આવેલ છે. વધુમાં જિલ્લાની કોઈ પણ હોસ્પિટલમાં બાયોમેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ રુલ્સ -૨૦૧૬નું પાલન નહીં કરવામાં આવે તો આવી હોસ્પિટલોના સંચાલકો વિરૂદ્ધ એન્વાયરમેન્ટ પ્રોટેકટશન એક્ટ -૧૯૮૬ ની કલમ-૧૫ હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવશે તેમ જણાવેલ.

# રાજકોટના ડે. કલેકટર સામે પગલાં ભરવા વિજ્ઞાન જાથાની માંગ

## સરકારી કચેરીમાં હોમ-હવન કરવો બંધારણનો ભંગ, ડે.કલેકટર ડો.ચાંદનીબેન પરમારની માનસિકતા તપાસવા વિજ્ઞાન જાથાની માંગ

રાજકોટ તા. ૩૦

સૌરાષ્ટ્રના સૌથી મોટા રાજકોટના લોકમેળામાં કોઈ વિઘ્ન ન આવે તે માટે ડે.કલેકટરએ પોતાની ઓફિસમાં હોમ હવન, આહુતિ, પ્રાર્થનાનો કરૂણ રકાસ સાથેનો ફિયાસ્કો થયાનું ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ જાહેર કર્યું છે. યજ્ઞ, પૂજા, પાઠ, મંત્રોચ્ચાર, ક્રિયાકાંડોથી માનવીને અધોગતિ મળી છે. તેમાંથી બોધપાઠ લેવા જાથાએ લોકોને અપીલ કરી છે. સરકારી કચેરીમાં યજ્ઞમાં ભાગ લેનારા તમામ કર્મચારીઓ સામે શિક્ષાત્મક પગલાં ભરવાની જાથાએ માંગ કરી છે. સરકારી અધિકારી લોકોને અવળે માર્ગે વાળી અંધશ્રદ્ધા તરફ ધકેલે છે તેવું લોક મુર્ખે ચર્ચાય છે.

આ બનાવની હકીકત એવી છે કે, રાજકોટમાં પાંચ દિવસીય મેળાની કામગીરી દરમિયાન જ એક પછી એક નાના-મોટા વિઘ્ન આવ્યા છે. હવે કોઈ વિઘ્ન ન આવે તે માટે સરકારી કચેરીની ઓફિસમાં ભુદેવને બોલાવી મંત્રોચ્ચાર સાથે હવન, વિધિ-વિધાન ડે. કલેકટર ડો.ચાંદનીબેન પરમારએ પોતાની ઓફિસમાં કરાવી, યજ્ઞમાં તમામ કર્મચારીઓએ આહુતિ આપી ભાગ લીધો હતો. વાસ્તવમાં કુદરતે ધાર્મિક કર્મકાંડ-ક્રિયાકાંડોનો કરૂણ રકાસ કરી લપડાક આપી હતી.

જાથાના રાજય ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું છે કે સરકારને આગામી દિવસોમાં પત્ર પાઠવી સરકારી કચેરીમાં હોમ-હવન, યજ્ઞ, પૂજા-પાઠ કરવા બદલ અને આહુતિ આપનારા તમામ કર્મચારીઓ સામે શિક્ષાત્મક પગલાં ભરવાની માંગ કરવામાં આવશે અને આવેદનપત્ર પાઠવવામાં આવશે. બંધારણ સાથે સરકારી નિયમોનો ભંગ કરવામાં આવ્યો છે. સરકારી ઓફિસમાં કોઈપણ પ્રકારના ધાર્મિક ક્રિયાકાંડો ઉપર પાબંદી છે. કર્મચારીના શિસ્ત નિયમનું ઉલ્લંઘન છે. ડે.કલેકટરએ પોતાની અંગત માન્યતા પ્રમાણે પોતાની ઓફિસમાં અમલવારી કરી કાયદાનો ભંગ કર્યો છે. આ અધિકારીની માનસિકતા તપાસવા પણ જાથાએ માંગ કરી છે. આ કામગીરીથી લોકોને કઈ સદીમાં લઈ જવા માગે છે તે યક્ષ પ્રશ્નો ઉભા થયા છે.

# જિલ્લાની સરકારી કચેરીઓમાં હોમ-હવન માટે પાબંદી : કલેક્ટર પ્રભવ જોષી

## યજ્ઞમાં આહુતિ આપનારા સામે શિક્ષાત્મક પગલાની તેમજ ડે. કલેક્ટરની બદલીની માંગણી કરતું વિજ્ઞાન જાથા : ઓફિસમાં ક્રિયાકાંડોનું પુનરાવર્તન નહિ થાય : જાથાને ખાત્રી આપતા કલેક્ટર




(પ્રતિનિધિ દ્વારા)
અમદાવાદ તા.૩૦

રાજકોટમાં યોજાતા લોકમેળામાં વિઘ્ન ન આવે તે માટે ડે. કલેક્ટરે ઓફિસમાં યજ્ઞનું આયોજન કરી કર્મચારીઓ સાથે સ્વાહા-સ્વાહાની આહુતિ આપતા બંધારણ તેમજ સર્વિસ રૂલ્સનો ભંગ થયાનું લાગતા ભારત જન વિજ્ઞાન જાથાએ કલેકટરને આવેદનપત્ર પાઠવતા જિલ્લાની ઓફિસોમાં ક્રિયાકાંડોનું પુનરાવર્તન નહિં થાય તેવી જાથાને ખાત્રી આપવામાં આવી હતી. ડે. કલેકટરે પોતાની ઘરે અંગત માન્યતા પ્રમાણે હોમ-હવન કરવા જોઈએ. જાથાની રજુઆતને સફળતા મળી હતી. જાથાએ આવેદનપત્રમાં જણાવ્યું કે રાજકોટના ડે. કલેકટર ડૉ. ચાંદનીબેન પરમારે પોતાની ઓફિસમાં ભુદેવને બોલાવી લોકમેળામાં વિઘ્ન ન આવે તે માટે હોમ-હવન, યજ્ઞ, મંત્રોચ્ચારથી આહુતિ આપવાનો કાર્યક્રમ યોજેલ. જે સંવિધાન ભંગ સાથે રાજય કર્મચારી શિસ્ત નિયમનું સરેઆમ ઉલ્લંઘન કરેલ છે જે માફ કરવા યોગ્ય નથી. તેમને ઉપરાંત કર્મચારીઓ સામે શિસ્તભંગના પગલા ભરવા જાથા માંગણી કરે છે. આહુતિ આપનારા તમામની બદલી કરવા દાખલો બેસાડવા જાથા માંગણી કરે છે. ડે. કલેકટરે પોતાની અંગત માન્યતા, લાગણી પોતાના ઘરે કરી શકે છે. ઓફિસમાં ટેબલ-ખુરશી વિગેરે હટાવી ત્યાં હવનકુંડ, કર્મકાંડ, ક્રિયાકાંડની પૂજાવિધિની સામગ્રી, ધાર્મિક વિધિ કરાવનારને પગે લાગવું, મંત્રોચ્ચારના ઉચ્ચારણો કરવા, સ્વાહા-સ્વાહાની આહુતિ આપવી બોલવી, બિડુ હોમવું વિગેરે પ્રક્રિયા કચેરીમાં થાય તેનાથી કાયદા-નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થાય છે. સરકારી અધિકારી લોકોને કઈ સદીમાં લઈ જવા માંગે છે તેવો યક્ષ પ્રશ્ન જાથાને થાય છે. વિજ્ઞાનની લાગણી દુભાઈ છે. કર્મચારી આ પ્રકારની પ્રવૃત્તિ ઓફિસમાં કરી શકે ? કયા નિયમ આધારે ? તે સ્પષ્ટ અભિપ્રાયની અપેક્ષા છે. સરકાર અંધશ્રદ્ધા વિરૂદ્ધ કાયદો ઘડે, અધિકારી અંધકાર તરફ ધકેલે તે ચલાવી લેવાય નહીં. અધિકારીની માનસિકતાની તપાસ થવી જરૂરી છે તેની જાથા માંગ કરે છે. આવેદન પત્ર સાથે ડે. કલેકટરે પોતાની ઓફિસમાં યજ્ઞ કર્યો તેની તસ્વીરો સાથે અહેવાલ વર્તમાનપત્રમાં આવેલ, જે ધ્યાને લઈ પૂજામાં બેઠેલા તમામ સામે શિક્ષાત્મક પગલા ભરવા માંગણી છે. ડે. કલેકટરની તાત્કાલિક અસરથી બદલી કરવી ન્યાય સુસંગત છે. અંધશ્રદ્ધા જાણીબુઝીને ફેલાવે છે. લોકમેળામાં વરસાદનું વિઘ્ન આવ્યું, રોજગારી મેળવનારા તમામને નુકશાની વેઠવી પડી છે. આ માટે ડે. કલેકટરની અંગત જવાબદારી બને છે. ઓફિસમાં હોમ–હવન, યજ્ઞ, આહુતિ, પ્રાર્થનાનો કરૂણ રકાસ સાથે કડડભૂસ થયું છે. તેમાંથી ડે. કલેકટર બોધપાઠ મેળવે તેવી જાથા સલાહ આપે છે. કુદરત સર્વોપરી છે તેને પ્રાર્થના પૂજા–પાઠ સાથે કશી જ નિસ્બત નથી. પૃથ્વી ઉપર દર મિનિટે શુભ-અશુભ, હોની-અનહોનિ, લાભ-નુકશાનની ઘટના બનતી રહે છે તેને કોઈ તાકાત અટકાવી શકતું નથી. મંત્રોચ્ચારથી પાપડ પણ ભાંગી ન શકે તેવું જાથા જાહેર કરે છે. રાજય સરકાર એકબાજુ વિધાનસભામાં અંધશ્રદ્ધા સામે કાયદાનું બીલ લાવે છે, બીજી તરફ અધિકારી અંધશ્રદ્ધા ફેલાવે તે યોગ્ય નથી. સર્વિસ રૂલ્સનો ભંગ કરેલ હોય તમામ સામે કાર્યવાહી જરૂરી છે. સરકારે અગાઉ ૧૯૮૭ અને ૧૯૯૨ માં પરિપત્રો જાહેર કરી કોઈપણ સરકારી કચેરીમાં ધાર્મિક વિધિ-વિધાન કે ધાર્મિક દેખાડો કરવો નહિં તેનો પણ અધિકારીએ અમલ કરેલ નથી. રાજકોટના કલેકટર પ્રભવ જોષીએ આવેદનપત્ર સ્વીકારતા જાથાને જણાવ્યું કે ડે. કલેકટરે પોતાના ઘરે યજ્ઞ યોજવો જોઈએ. જિલ્લામાં આવતી તમામ કચેરીમાં સુચના મોકલી હોમ-હવન જેવા ક્રિયાકાંડોનું પુનરાવર્તન નહિં થાય તેની ખાત્રી ઉચ્ચારી હતી. જાથાની વાત સાથે સહમત થયા હતા. ઓફિસોમાં ક્રિયાકાંડો ઉપર પાબંદી છે, પોતે આ પ્રકરણથી અજાણ છે તેવું સ્વીકારી હવે પછી ઓફિસોમાં આ પ્રકારના હોમ-હવન નહિં થાય તે માટે સંમતિ દર્શાવી હતી. રજુઆત કરતી વખતે આત્મીય, સૌમ્ય વાતાવરણ ઉભું થયું હતું. જાથાની કામગીરીથી પરિચિત હોય શાંતિથી સાંભળ્યા હતા. વિજ્ઞાન જાથાએ રાજયના રાજયપાલ, મુખ્યમંત્રી, કાયદા મંત્રી, મુખ્ય સચિવ, ગૃહ સચિવ તેમજ ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસને પણ સરકારી કચેરીમાં હોમ-હવન કરવા બદલની જાણકારી સાથે બંધારણ ભંગ સાથે શિક્ષાત્મક પગલાંની રજુઆત કરી છે. જાથાના જયંત પંડયાએ સરકારી કચેરીઓમાં સ્વાહા-સ્વાહાના હોમ-હવન થાય તે દુઃખદ છે. બંધારણે વ્યક્તિગત આસ્થા, શ્રધ્ધા રાખવાનો સૌને હક્ક અને અધિકાર આપ્યો છે. તે વ્યક્તિગત ઘરે પ્રદર્શન કરી શકે છે. યજ્ઞ-પૂજા-પાઠ, મંત્રોચ્ચાર વિગેરે વિધિ-વિધાનથી સરકારી કચેરીને મુક્ત રાખવી જોઈએ. તમામ વર્ગ, જાતિ, કોમને ધ્યાનમાં રાખવું જોઈએ. કચેરી ધાર્મિક પ્રદર્શન કરે તે બંધારણનું ઘોર અપમાન છે. જાથાની વિજ્ઞાન લાગણી દુભાઈ છે તેવી હકિકત મુકવામાં આવી હતી. જાથાને પ્ર.નગર પોલીસ સ્ટેશને બંદોબસ્ત માટે વિશેષ કાળજી લીધી હતી. આવેદનપત્રમાં જાથાના ચેરમેન-એડવોકેટ જયંત પંડયાના વડપણ હેઠળ એડવોકેટ ભાવનાબેન વાઘેલા, એડવોકેટ હર્ષાબેન, પ્રફુલ્લાબેન બોરીચા, હંસાબેન ચુડાસમા, ભાનુબેન ગોહિલ, નર્ભયિ જોશી, રોમિત રાજદેવ, અંકલેશ ગોહિલ સહિત શુભેચ્છકોએ હાજરી આપી હતી. આવેદનપત્ર વખતે સરકારી કર્મચારીઓ પણ હાજર રહ્યા હતા. જાથાની વિચારધારા સાથે સંમત લોકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવો.

# કેશોદની આઝાદ ક્લબ ખાતે રાષ્ટ્રીય ખેલ દિવસ -૨૦૨૪ની ઉજવણી કરવામાં આવી

કેશોદ તા. ૩૦

સમગ્ર દેશમાં રમતગમતની પરંપરાને યાદ કરવા માટે ૨૯ ઓગસ્ટના રોજ 'રાષ્ટ્રીય ખેલ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે મેજર ધ્યાનચંદ અને અન્ય ભારતીય રમતના દિગ્ગજોને શ્રદ્ધાંજલિ આપવાનો દિવસ છે. હોકીના જાદુગર તરીકે સુવિખ્યાત પદ્મભૂષણ મેજર ધ્યાનચંદની આજે ૧૧૩ મી જન્મ જયંતી નિમિત્તે આઝાદી સમયથી પ્રવૃત્તિ સેવાકીય, સાંસ્કૃતિક અને રમત-ગમત ક્ષેત્રે આગવું સ્થાન ધરાવતી કેશોદની આઝાદ ક્લબ ખાતે જુદી જુદી ઈન્ડોર રમતોનું આયોજન કરી "રાષ્ટ્રીય ખેલ દિવસ"ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મેનેજિંગ ટ્રસ્ટી જયેશભાઈ કૌશિક, ટ્રસ્ટી ડો.પ્રેમાંગભાઈ ધનેશા, ડો.રાજેશ સાંગાણી, હરીશભાઈ ચાંદ્રાણી, દિનેશભાઈ કાનાબાર, ડો.સ્નેહલ તન્ના, આર.પી.સોલંકી, ડો.મયુર મેઘપરા, ડો.હાર્દિક ચુડાસમા, હરસુખભાઈ સિધ્ધપરા, દિનેશ રાજા, નીરજ રાયચડા, વિકાસ ચોલેરા, હિતેશ દેવાણી, અરૂણ વ્યાસ, ચિરાગ હુંમર વગેરેની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરી સ્પર્ધાની શરૂઆત કરવામાં આવી હતી.



આ તકે ટેબલ ટેનિસ, કેરમ અને ચેસ રમતનું આયોજન કરવામાં આવ્યું હતું અને ભૂતપૂર્વ દિગ્ગજ ખેલાડીઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આઝાદ કલબ ખાતે કબડ્ડી, વોલીબોલ શૂટિંગ બોલ, ચેસ, કેરમ અને ટેબલ ટેનિસ જેવી રમતના ખેલાડીઓ નિયમિતપણે પ્રેક્ટિસ કરતા હોય છે અને ખેલ મહાકુંભની વિવિધ જિલ્લા સ્તરની સ્પર્ધાઓનું આયોજન પણ કરવામાં આવે છે.

કાર્યક્રમના પ્રારંભે આઝાદ કલબના પ્રમુખ ડો.હમીરસિંહ વાળાએ રાષ્ટ્રીય ખેલ દિવસ વિષે માહિતી આપી હતી અને આગામી ૨૦૩૬ ના ઓલમ્પિકસનું આયોજન ભારતમાં થનાર હોય તેની તૈયારી અંગેની જાણકારી આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા હરીશભાઈ ચાંદ્રાણી, જીગ્નેશભાઈ ચોવટીયા, મહેન્દ્ર સાંચલા, ટેબલ ટેનિસના ખેલાડીઓ વગેરેએ જેહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હરસુખભાઈ લશ્કરીએ કર્યું હતું.

# રાજ્યમાં ડીપ ડિપ્રેશનના કારણે અરબી સમુદ્રમાં અત્યંત ભારે વરસાદની આગાહી

અમદાવાદ, તા.૩૦

હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં ડીપ ડિપ્રેશનના કારણે અરબી સમુદ્રમાં અત્યંત ભારે વરસાદની આગાહી છે. દરિયામાં ઉંચા-ઉંચા મોજા ઉછળશે અને ૩૦ ઓગષ્ટે ડીપ ડિપ્રેશન વાવાઝોડામાં પરિવર્તિત થશે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ ગુજરાતમાં આગામી ૬ દિવસ સાર્વત્રિક વરસાદ પડવાનુ અનુમાન છે. વરસાદી આફતમાંથી રાજયવાસીઓને કોઈ રાહત નહીં મળે.

છેલ્લા બે દિવસની સરખામણીએ આજે વરસાદનું જોર ઘટ્યુ છે. જો કે ડીપ ડિપ્રેશન સિસ્ટમ સૌરાષ્ટ્ર-કચ્છ પર સ્થિર થઈ છે. પ્રતિ કલાક ૩ કિલોમીટરની ઝડપે સિસ્ટમ આગળ વધી રહી છે. ભુજથી ૬૦ કિલોમીટર અને નલિયાથી ૮૦ કિલોમીટરની ઝડપે ડીપ ડિપ્રેશન આગળ વધી રહી છે. પ્રતિ કલાક ૩ કિલોમીટરની ઝડપે સિસ્ટમ આગળ વધી રહી છે. ભુજથી ૬૦ કિલોમીટર અને નલિયાથી ૮૦ કિલોમીટર દૂર ડિપ્રેશન છે. ૩૦ ઓગસ્ટે આ ડીપ ડિપ્રેશન વાવાઝોડામાં પરિવર્તિત થશે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગે સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં રેડ એલર્ટ જાહેર કર્યું છે.

# ભારે વરસાદમાં વિખુટા પડેલા રાવલ ગામમાં સારવારના અભાવે તરૂણીનું મૃત્યું : પરિવારજનોમાં રોષ



(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૩૦

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાનું જામ રાવલ ગામ દર વખતે ભારે વરસાદની પરિસ્થિતિમાં સંપર્ક વિહોણું બની જાય છે. આ જ પરિસ્થિતિ પુનઃ છેલ્લા બે દિવસથી નિર્માણ પામી છે. જામ રાવલ ગામ આસપાસ ભારે વરસાદની પરિસ્થિતિના કારણે વર્તુ નદીના પૂરના લીધે ગામ વિખૂટું પડી ગયું હતું. રાવલ ગામે બેટમાં ફેરવાઈ જતા આ વિસ્તારના રહીશો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. આ પરિસ્થિતિ વચ્ચે રાવલ હનુમાનધાર વિસ્તારમાં રહેતા કેશુભાઈ મારુ નામના એક આસામીની ૧૫ વર્ષની પુત્રી મંગુબેન ગંભીર રીતે બીમાર હોવાનું જણાતા તેમને પ્રાથમિક સારવાર અર્થે તંત્રને જાણ કરી હતી. પરંતુ સતત ૮ કલાક જેટલા સમયગાળા સુધી તેમને જરૂરી સારવાર ન મળી શકતા આખરે જે.સી.બી.ના સુપડા (બકેટ)માં બેસાડીને તેણીને ધસમસતા પાણીના પ્રવાહમાં સારવાર અર્થે લઈ જવાતી હતી. પરંતુ જરૂરી સારવાર મળે તે પૂર્વે મંગુબેન મારૂએ અંતિમ શ્વાસ લીધા હતા. સારવારના અભાવે તરૂણીનું મૃત્યું નીપજતા મૃતકના પરિવારજનોમાં આક્રંદ સાથે રોષની લાગણી જોવા મળી હતી.

# એનિમલ હેલ્પલાઇન દ્વારા ૪૦૦થી વધુ પશુ- પક્ષીને રેસ્ક્યુ કરીને સારવાર અપાઈ

(પ્રતિનિધિ દ્વારા)
રાજકોટ તા.૩૦

ગુજરાતની સંવેદનશીલ સરકાર દ્વારા મુંગા પશુઓની નિઃશુલ્ક સારવાર માટે કરૂણા એનિમલ ૧૯૬૨ હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે, જે અન્વયે રાજકોટમાં થયેલા ભારે વરસાદના લીધે કરૂણા ફાઉન્ડેશન એનીમલ હેલ્પલાઈનના કર્મયોગી ટીમ દ્વારા છેલ્લા ચાર દિવસમાં ૪૦૦થી વધુ પશુ-પક્ષીઓને રેસ્ક્યુ કરી સારવાર આપવામાં આવી હતી. આ સત્કાર્યમાં એનિમલ હેલ્પલાઈનના તબીબો, પેરા મેડીકલ સ્ટાફ, ડ્રાઈવર્સ અને સભ્યો છેલ્લા ચાર દિવસથી રાત-દિવસ ખડેપગે રહ્યા હતા. આ કામગીરી અંતર્ગત પશુ-પક્ષીઓને સારવાર માટે હોસ્પિટલમાં પણ ખસેડવામાં આવ્યા હતા. અબોલ પશુ, પક્ષીઓ માટે ચાલનાર અન્નક્ષેત્ર તથા શ્વાનો માટે દૂધ રોટલા, પક્ષીઓને ચણ વગેરે નિયમિતરૂપે તેમજ જરૂર પડ્યે વધારે માત્રામાં પણ ચાલુ રખાયું હતું.



વરસાદની પરિસ્થિતિમાં જિલ્લાના જાગૃત નાગરિકોએ પશુ-પક્ષીઓ માટે વાંસ અથવા ટ્રેમ્પોલીન શીટ્સમાંથી સૂકી જગ્યાએ કામચલાઉ આશ્રયસ્થાનો બનાવવા કરૂણા હેલ્પલાઈન દ્વારા અનુરોધ કરાયો છે, જે જમીનના સ્તરથી ઊંચું હોય, સારી રીતે વેન્ટિલેટેડ હોય અને સલામત સ્થળોએ હોય કે જ્યાં રખડતા પશુ, પક્ષીઓ ભારે વરસાદ અથવા પૂર જેવી પરિસ્થિતિઓમાં આશ્રય મેળવી શકે. અબોલ જીવ ને વિવિધ કન્ટેનરમાં ચોખ્ખું પીવાનું શુદ્ધ પાણી પૂરૂ પાડવા પણ અનુરોધ કરાયો છે. રાજકોટમાં કોઈપણ સ્થળે બીમાર, લાચાર, વયોવૃદ્ધ, ઘાયલ પશુ-પક્ષી જોવા મળે તો એનિમલ હેલ્પલાઈનની નિઃશુલ્ક સેવા માટે મો. ૯૮૯૮૦ ૧૯૦૫૯/૯૮૯૮૪ ૯૯૯૫૪ પર સંપર્ક સાધી શકાશે. નમ્ર મુનિ મહારાજ અને અર્હમ યુવા સેવા ગ્રુપનાં સહયોગથી તિરૂપતિ નગર ૧, હનુમાન મઢી ચોક પાસે કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈન દ્વારા નિઃશુલ્ક પશુ, પક્ષી સારવાર દવાખાનું શરૂ કરવામાં આવ્યું છે. પશુ દવાખાનાનો સમય સવારે ૯ થી ૧ અને સાંજે ૪ થી ૮ છે (રવિવાર સિવાય). આ અંગે વધુ માહિતી માટે તેમજ પશુ, પક્ષી નિઃશુલ્ક સારવાર કરાવવા માટે મો.૭૫૬૭૦૭૫૬૮૦નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# અતિવૃષ્ટિમાં સ્લમવાસીઓનો સધિયારો બનતી સરકારી શાળાઓ : આજી નદી કાંઠાના ૨૦૦ થી વધુ પરિવારોને મળ્યું સુરક્ષા છત્ર, ભોજન અને તબીબી સારવાર



(પ્રતિનિધિ દ્વારા)
રાજકોટ તા.૩૦

સરકારી શાળાઓ બાળકોના કિલ્લોલથી રજાઓમાં પણ સતત ગુંજી રહી છે, ફર્ક એટલો છે કે આ કિલ્લોલ શાળામાં ભણવા આવતા બાળકોથી નહીં પરંતુ આસપાસના સ્લમ વિસ્તારના બાળકોનો છે. અહીં આવેલી મહિલાઓને ચૂલામાં રસોઈ બનાવવાની નથી, તેઓને ત્રણ ટાઈમ તૈયાર ભોજન મળી રહ્યું છે. ને પરિવારના મોભી યુવાનો અને પુરુષો નિશ્ચિંત છે કારણે કે તેમના પરિવારની સુરક્ષા સરકાર કરી રહી છે. આ દ્રશ્યો આજકાલ સરકારી શાળામાં આશ્રિત પરિવારોના છે. રાજકોટ જિલ્લામાં ગત તા. ૨૬ થી અવિરત વરસી રહેલા વરસાદમાં આજી નદીના કાંઠે વસતા અનેક પરિવારો મુશ્કેલીમાં મુકાય તે પહેલા જ રાજ્ય સરકારના માર્ગદર્શનમાં વહીવટી તંત્ર સતર્ક બની કાંઠા વિસ્તારના લોકોની જાનમાલની સુરક્ષાર્થે ઝીરો કેઝ્યુઅલિટીની પ્રતિબધ્ધતા સાથે ની કામગીરીનો પ્રારંભ કરી તેઓને સલામત સરકારી શાળાઓમાં આશ્રય આપેલો છે. રાજકોટની આજી નદીના કાંઠે ભગવતી પરા, લલ્ડી વોકળી અને જંગલેશ્વર વિસ્તારના અનેક પરિવારો કાચા મકાનો અને ઝૂંપડાઓમાં વસે છે. રાજકોટ શહેરમાં ગત સોમવારના મધ્યરાત્રીના ધીમી ધારે વરસાદના પ્રારંભ સાથે આ અસરગ્રસ્ત વિસ્તારોના રહેવાસીઓને નજીકની સરકારી શાળાઓમાં સ્થળાંતર કરાવવા વહીવટીતંત્ર કામે લાગી ગયેલું અને જરૂરી માલ સાથે તેઓને શાળાના રૂમમાં આશરો આપવામાં આવ્યો. આ આશ્રિતોને રાજકોટ મહાનગરપાલિકા તંત્ર દ્વારા તેઓને સામાજિક સંસ્થાઓની મદદથી સવારે નાસ્તો અને બપોરે તેમજ રાત્રીના ભોજનની સુવિધા ઉપલધ કરાવવામાં આવી છે. સતત વરસી રહેલા અતિ ભારે વરસાદમાં તેઓની સારવારની ખેવના પણ રાજ્ય સરકાર કરી રહી છે. અહીં તેઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવે છે. સ્થળ પર જ પ્રાથમિક સારવાર અને દવાની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. રાજકોટના આજી નદીના કાંઠે ભગવતી પર વિસ્તારમાં છેલ્લા ચાર દિવસથી પ્રભાવિત ૧૭૦ જેટલા લોકોને ભગવતી પ્રાથમિક શાળા નં ૪૩ માં આશ્રય આપવામાં આવ્યો છે. આજી નદીના બે કાંઠે વહેતા કિનારે રહેતા આ પરિવારજનોના કાચા મકાનો પાણીમાં વહી ગયા છે પરંતુ તેઓ પાકા બિલ્ડીંગમાં સુરક્ષિત છે તેઓને આ પરિવાજનોને વસવસો નહીં પરંતુ આનંદ છે. અહીં આશ્રિત મુક્તાબેન મકવાણા સરકરી સુવિધાથી ખુશ હોવાનું જણાવી કહે છે કે, છેલ્લા ચાર દીવસથી વરસાદ પડે છે પરંતુ અમે અહીં બિલકુલ સુરક્ષિત છીએ. રહેવા-જમવાની ઉત્તમ સુવિધા છે, અમારા બાળકો અન્ય બાળકો સાથે મજા કરે છે. નવમા ધોરણમાં ભણતી મહેંદી રામાવત કેમેરા સામે ઉત્સાહ સાથે જણાવે છે કે, હું સ્કૂલે નથી જઈ સકતી પરંતુ અહીં અમને બધી બહેનપણીઓ સાથે શાળની અનુભૂતિ થાય છે. અહીં નાના મોટા ૫૦ થી વધુ બાળકો છે, જે આખો દિવસ રમતો રમી ખુશીથી સમય પસાર કરે છે. રાજકોટ મહાનગરપાલિકાની અન્ય શાળાઓમાં જંગલેશ્વર વિસ્તારની શ્રી આર્યભટ્ટ પ્રાથમિક શાળા નં ૭૩ માં હાલ આ વિસ્તારના ૩૫૮ લોકો એક છત્ર નીચે પરિવાર સાથે સુરક્ષિત છે. જેઓને સરકારી તંત્ર દ્વારા સામાજિક સંસ્થાઓની મદદથી ભોજનની સુવિધા પુરી પાડવામાં આવી રહી છે. અહીં આર.બી.એસ.કે. ની ટી, સતત તેઓની આરોગ્યની ખેવના કરી રહી છે. સાથોસાથ ફાયર વિભાગ અને સુરક્ષાકર્મી જરૂરી મદદ માટે તૈનાત કરવામાં આવ્યા છે. રાજકોટ શહેરમાં છેલ્લા ૪ દિવસમાં ૨૯ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે, અનેક નીચાણ વાળા સ્લમ વિસ્તારોમાં પાણી વહી રહ્યા છે, પરંતુ આ તમામ વિસ્તારના લોકોના જાનમાલની સુરક્ષાને પ્રાથમિકતા આપી એકપણ વ્યક્તિને મુશ્કેલી ન પડે તે પ્રકારે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના દિશાનિદર્શનમાં સંપૂર્ણ વ્યવસ્થાપન જિલ્લ વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે.

## જાહેર નિવિદા નં.૦૮/૨૦૨૪-૨૫

કાર્યપાલક ઇજનેર, માર્ગ અને મકાન વિભાગ-ગીર સોમનાથ વેરાવળ(ટેલીફોન ૦૨૮૭૬-૨૨૦૨૩૭)ની કચેરી દ્વારા રીપેરીંગ & રીનોવેશન વર્ક ઓફ આઇટીઆઇ કોડીનાર(કાજ), જી.ગીર સોમનાથની કામગીરી માટે જેની અંદાજીત રકમ ક્રમશ: **રૂ.૧૨.૫૮ લાખ** થાય છે. આ કામના ટેન્ડર તા.૦૨/૦૯/૨૦૨૪ થી તા. ૧૦/૦૯/૨૦૨૪ સુધી ઓનલાઇન ભાવો ભરી શકાશે. આ કામના ટેન્ડરો web-site rnbtender.nprocure.com ઉપરથી ઓનલાઈન ભરવાનાં રહેશે. આ કામની વધુ વિગત કચેરી સમય દરમ્યાન રૂબરૂ સંપર્ક કરવાથી આપવામાં આવશે. આ કામો અંગેની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ અને માહિતિ વિભાગની વેબસાઈટ www.tender.nprocure.com પર જોવા મળશે.

માહિતી/જુના/જા.ખ./[illegible]

# જૂનાગઢ જીલ્લાના વરસાદ અસરગ્રસ્ત ગામોમાં આરોગ્ય વિભાગ દ્વારા OPD શરૂ કરાઈ





જૂનાગઢ, તા.૩૦ કલેકટર અનિલકુમાર રાણાવાસિયાના માર્ગદર્શનમાં જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા રોગચાળો ન વકરે તે માટે ભારે વરસાદથી અસરગ્રસ્ત ગામોમાં ઓપીડી એટલે કે, આરોગ્ય તપાસણી શરૂ કરવામાં આવી છે. આ સાથે જિલ્લામાં ડોર ટુ ડોર સર્વેના માધ્યમથી લોકોના આરોગ્યને તપાસવામાં આવી રહ્યું છે.

## જિલ્લામાં ૨૩૬ મેડિકલ કેમ્પમાં ૪૦૭૩ દર્દીઓને આરોગ્ય સારવાર અપાઈ રોગચાળો અટકાવવા તંત્ર દ્વારા કરાઈ રહેલો ડોર ટુ ડોર સર્વે

જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસમાં ૨૩૬ મેડિકલ કેમ્પમાં ૪૦૭૩ દર્દીઓને જરૂરી આરોગ્ય સારવાર આપવામાં આવી છે. ઉપરાંત રોગચાળાને અટકાવવા માટે ડોર ટુ ડોર સર્વેના માધ્યમથી આરોગ્ય કર્મીઓ દ્વારા લોકોના આરોગ્ય તપાસણી કરવામાં આવી રહી છે તાવ, ઝાડા, ઉલટી, શરદી-ખાંસી વગેરેની પ્રાથમિક દવાઓ અને સારવાર આપવામાં આવી રહી છે ઉપરાંત જરૂર જણાયે નજીકના સરકારી દવાખાનામાં દર્દીને રિફર કરવામાં આવે છે.

આરોગ્યલક્ષી જનજાગૃતિ કેળવવામાં આવી રહી છે, લોકોને સ્વચ્છ અને કલોરીનયુક્ત પાણી પીવા, ઝાડા ઉલટીના કેસમાં ઓઆરએસનો ઉપયોગ કરવા, વાસી અને બહારનો તુષિત ખોરાક નહીં ખાવા વગેરે જાણકારી લોકોને આપવામાં આવી રહી છે. પાણીજન્ય રોગ અટકાવવા માટે ૧૬૭૧૦ જેટલી ક્લોરીન ટેબલેટનું પણ વિતરણ કરવામાં આવ્યું છે. ઉપરાંત ડોર ટુ ડોર સર્વે દ્વારા મચ્છરના ઉપદ્રવ વધે ન તે માટે પોરાનાશકની કામગીરી કરવામાં આવી રહી છે. ગ્રામ પંચાયતોને પણ ક્લોરિનેશન કરવા માટે તાકીદ કરવામાં આવી છે અને આરોગ્ય કર્મચારીઓ દ્વારા પાણીના ક્લોરીનેશનનો ટેસ્ટ પણ કરવામાં આવી રહ્યો છે.

# વંથલીના ધંધુસર ગામેથી રહેણાંક મકાનમાં ચાલતી જુગારની કલબ ઝડપાઈ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૩૦ વંથલી તાલુકાના ધંધુસર ગામે રહેણાંક મકાનમાં ચાલતી જુગારની કલબ પર પોલીસે રેઈડ કરતા ૯ જુગારીઓ જુગાર રમતા ઝડપાતા વંથલી પોલસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર વંથલી પોલીસે ધંધુસર ગામે રહેતા ધીરૂભાઈ લખમણભાઈ મેર નાલ ઉઘરાવી જુગારની કલબ ચલાવતા હોવાની બાતમીના આધારે રેઈડ કરતા મકાન માલીક સહિત રાજુભાઈ ઉર્ફે સાગરભાઈ વેલજીભાઈ મકવાણા, વિશાલભાઈ નેભાભાઈ સુત્રેજા, પરબતભાઈ મેસુરભાઈ દિવરાણીયા, અરજણભાઈ ઉર્ફે ભીખુભાઈ કાળાભાઈ મુડીયાસીયા, અશોકભાઈ ઉર્ફે ભીખુભાઈ મેરૂભાઈ દિવરાણીયાને રૂા.૨૯૧૮૦ રોકડ, ૯ મોબાઈલ, ૧ મોટર સાયકલ મળી કુલ ૮૪,૧૮૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ જુગારધારા ૪, ૫ મુજબ કાર્યવાહી કરી છે.

## ડુંગરપુર ગામેથી ૩ મહિલાઓ સહિત ૯ જાહેરમાં જુગાર રમતા ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૩૦ જૂનાગઢ તાલુકાના ડુંગરપુર ગામેથી જૂનાગઢ તાલુકા પોલીસે ૩ મહિલા સહિત ૯ને જાહેરમાં જુગાર રમતા ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસે ડુંગરપુર ગામેથી જાહેરમાં જુગાર રમતા ગીતાબેન મુકેશભાઈ ચારોલા, સોનલબેન સંજયભાઈ રાજપરા, શારદાબેન દેવશીભાઈ મકવાણા, રણજીતભાઈ જેન્તીભાઈ મેણીયા, સંજયભાઈ મોહનભાઈ રાડીયા, મુકેશભાઈ રાઘવભાઈ રાજપરાને રૂા.૭૭૯૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

## માંગરોળ, શીલ, મેંદરડા પંથકમાંથી ૧૬ જુગારી ઝડપાયા

જૂનાગઢ તા. ૩૦ માંગરોળનાં વણકરવાસમાં જાહેરમાં જુગાર રમતા કેશવ મકવાણા, હરસુખ મકવાણા, દિલીપ મકવાણા, અરવિંદ મેવાડા, રાહુલ મકવાણા, અનીલ કાથડ, વિક્રમ માકડીયાને રૂા. ૪૨૩૦ સાથે માંગરોળ પોલીસે ઝડપી લીધેલ છે. તેમજ શીલ તાલુકાનાં દીવાસા ગામે જાહેરમાં જુગાર રમતા કારા પરમાર, પ્રવિણ પરમારને રૂા. ૧૧૫૦ સાથે શીલ પોલીસે ઝડપી લીધેલ છે. તેમજ નાશી જનાર શકન પરમાર, વિરમ પરમાર અને કમલેશ પરમારની સામે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. તથા મેંદરડા તાલુકામાં લીલવા ગામે જાહેરમાં જુગાર રમતા રફીક જુણેજા, નિલ્શ કરગથરા, સલીમ જુણેજા, કનુ વાંક, આરીફ જુણેજા, ઈશા દલ અને ફારૂક સર્વદીને રૂા. ૪૨૭૦ સાથે મેંદરડા પોલીસે ઝડપી લીધેલ છે. આ ઉપરાંત વિસાવદરમાં જાહેરમાં જુગાર રમતા પ્રવિણ સોલંકી, બાબુ દાફડા, અરવીદ ભરડવા, હનીફ બ્લોચને રૂા. ૧૦,૦૯૦ સાથે વિસાવદર પોલીસે ઝડપી લીધેલ છે.

# જૂનાગઢ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા પાણીજન્ય રોગો અટકાવવા લેવાતી તકેદારીઓ સ્થાનિક પીવાના પાણીના સ્ત્રોતમાં આરોગ્ય વિભાગ દ્વારા કલોરિનેશનની કામગીરી





જૂનાગઢ, તા.૩૦ પાણીજન્ય રોગો અટકાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પૂરતી તકેદારી લેવામાં આવી રહી છે, જૂનાગઢ જિલ્લામાં પીવાના પાણી માટેની કાર્યરત ૧૪ જૂથ પાણી પુરવઠા યોજનાના હેડ વર્કસના પાણી વિતરણના સંપમાં અવિરત ક્લોરીનેશન કરવામાં આવી રહ્યું છે. ઉપરાંત પીવાના પાણીના સ્થાનિક સ્ત્રોત ઉપલબ્ધ છે ત્યાં આરોગ્ય વિભાગ દ્વારા ક્લોરીનેશનની કામગીરી કરવામાં આવી રહી છે.

આ સંદર્ભે પાણી પુરવઠાના કાર્યપાલક ઈજનેર બી. સી. નાઈ જણાવે છે કે, કલેકટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં પૂરતી તકેદારી સાથે પીવાના પાણી દ્વારા કોઈ રોગો ન ફેલાય તે માટે સતત ક્લોરીનેશનની કામગીરી કરવામાં આવી રહી છે. જિલ્લાની ૧૪ જૂથ પાણી પુરવઠા યોજનામાં ક્લોરીનેશન કરવામાં આવી રહ્યું છે. પાણી પુરવઠા વિભાગના કર્મચારીઓ દ્વારા ક્લોરીનેશનની નિયત પ્રક્રિયા મુજબ આ ક્લોરિનેશનની કામગીરી કરવામાં આવી રહી છે.

તેમણે જણાવ્યું કે, ક્લોરીન ઉપરાંત બ્લીચિંગ પાવડરના ઉપયોગથી પણ પાણીને જંતુમુક્ત કરવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, ક્લોરીન જંતુનાશક તરીકેનો ગુણ ધરાવતુ હોવાથી ટેપ વોટરમાં અમુક પ્રકારના જીવાણુઓ અને સુક્ષ્મજીવો જેવા કે બેકટેરિયા-વાઈરસનો નાશ કરવા માટે ક્લોરીનેશન કરવું જરૂરી છે. ક્લોરીનેશનથી કોલેરા, ટાઈફોઈડ, મરડો ઝાડા ઉલ્ટી, કમળો ઉપરાંત ચામડીના રોગો જેવા પાણીજન્ય રોગોને અટકાવવા માટે જરૂરી છે.

### કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાની દબાણ દૂર કરવાની કાર્યવાહી યથાવત

# કોડિનાર તાલુકાનાં ઘાંટવડ ગામે ૧.૧૪ લાખ ચો.મી. જમીન પરનું દબાણ દુર કરાયું

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૩૦ કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામે ગૌચરની જમીન ઉપર ગ્રામ પંચાયત દ્વારા દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. જે અંતર્ગત ગઈકાલે૧૫ દબાણદારો દ્વારા દબાણ કરવામાં આવેલ કુલ ૧૧૪૧૧૬ ચો.મી. કિંમત આશરે રૂા.૭ કરોડ ૪ લાખની જમીન ખુલ્લી કરવામાં આવી હતી અને હજુ દબાણ ખુલ્લું કરવાની કામગીરી ચાલુ રહેશે.

કોડીનાર તાલુકાનાં ચૌહાણની ખાણ ગામે બદાવડી- ઉમરાડી નામે ઓળખાતી સીમતળમાં તા.૨૮ અને ૨૯ના રોજ ૨૬૦૦ ચો.મી. પરની જમીન પરનું દબાણ ખુલ્લું કરવામાં આવેલ છે જેની બજાર કિંમતની રૂા.૫૨/- લાખ થવા જાય છે.

સુત્રાપાડા તાલુકાના ખાંભા ગામે તપોવન વિદ્યાલયનો કુલ કબજો ૧૪૦૦૦ ચો.મી.નો હતો જેમાં ગેરકાયદેસર ૧૦૨૯૭ ચોરસ મીટરનો અંદાજીત ૨ કરોડ ૫ લાખની કિંમતનું દબાણ કરેલ હતું. જે પૈકી તપોવન સ્કૂલ દ્વારા સ્વેચ્છાએ ગઈકાલે તા.૨૮/૦૮/૨૦૨૪ના રોજ ૧૦૫૦ ચોરસ મીટરનું



અંદાજિત ૨૧ લાખ રૂપિયાનું ગેરકાયદેસર દબાણ દૂર કરવામાં આવેલ તેમજ ૧૧૮૦ ચોરસ મીટરનું અંદાજીત ૨૩,૬૦,૦૦૦/- ગેરકાયદેસર દબાણ દૂર કરવામાં આવેલ છે. આમ કુલ ૨૨૩૦ ચો.મી. નું અંદાજીત ૪૪,૬૦,૦૦૦/- ની કિંમતનું ગેરકાયદેસર દબાણ સ્વેચ્છાએ દૂર કરવામાં આવેલ છે. તેમજ દબાણ દૂર કરવાની કામગીરી હાલ ચાલુ છે. આમ ગીર સોમનાથ જિલ્લામાં કુલ ૧૧૭૮૯૬ ચો.મી. અને આશરે ૭ કરોડ ૮૦ લાખની જમીન પરનું દબાણ ખુલ્લું કરવામાં આવેલ છે.

# જૂનાગઢના ખડીયા ગામે અગાઉના મનદુ:ખે છરી વડે હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૦ જૂનાગઢ તાલુકાના ખડીયા ગામે કોર્ટ કેસના મનદુ:ખે છરી વડે હુમલો કરી ઈજાઓ કર્યાની ફરીયાદ જૂનાગઢ તાલુકા પોલીસ મથકે નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા થાણે જીતુભાઈ મોહનભાઈ પરમારે રમેશભાઈ ભીખાભાઈ સોલંકી વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીના ભાઈ ભીખુભાઈ મોહનભાઈ પરમારવાળા સાથે આરોપી રમેશ સોલંકી સાથે અગાઉનો જુનો કેસ કોર્ટમાં ચાલતો હોય જે બાબતે આરોપીએ ફરીયાદીના ભાઈના ઘરે જઈ તું કેમ કોર્ટમાં આવતો નથી અને આ કેસના પૈસા તારે આપવાના છે તેવું કહી છરી વડે હુમલો કરી લોહીયાળ ઈજાઓ કરી જાનથી મારી નાખવાની કોશીષ કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# માણેકવાડા ગામે ઘરે જુગાર રમાડવાની ના પાડતા ૪ શખ્સોએ હુમલો કર્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૦ કેશોદ તાલુકાના માણેકવાડા ગામે ઘરે જુગાર રમાડવાનું કહેતા, યુવકે ના પાડતા ચાર શખ્સોએ હુમલો કરી યુવકની બહેનની છેડતી કર્યાની ફરીયાદ કેશોદ પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસ મથકે દિવાળીબેન નથુભાઈ મુછડીયાએ મુકેશ કાના મુછડીયા, મીલન કાના મુછડીયા, કુલદીપ પ્રવીણ રાઠોડ અને સતીષ પ્રવીણ રાઠોડ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી તથા તેમના પતિ ફાગળી ગામે ગયેલ હોય ત્યારે આરોપી મીલને ફરીયાદીના ઘરે જઈ ફરીયાદીના દિકરા નયનને કહેલ કે મારે તમારા ઘરે જુગાર રમાડવો છે તેવું કહેતા નયનભાઈએ ના પાડતા આરોપીએ તેને ભુંડી ગાળો કાઢેલ, બાદમાં ફરીયાદી તથા તેમના પરિવારના સભ્યો ઘરે હાજર હોય ત્યારે ચારેય આરોપીઓએ ફરીયાદીના ઘરે આવી ફરીયાદી તથા સાહેદો સાથે ગાળાગાળી કરી ફરીયાદીના પુત્ર નયન ઢીકાપાટુનો મારમારી તેને છોડાવવા વચ્ચે પડેલ ફરીયાદીની દિકરી સંજનાબેનને આરોપી કુલદીપ રાઠોડ અને સતીષ રાઠોડે શરીરે હાથ ફેરવી છેડતી કરી અને ફરીયાદીને ઢસડીને મારમાર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં વધુ વ્યાજની માંગણી કરનાર સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૦ જૂનાગઢના સાબલપુર નજીક રહેતા યુવાને હોસ્પિટલના કામ સબબ રૂપિયા લીધેલ, જે રૂપિયા વ્યાજ સહિત આપવા જતા વધુ વ્યાજની માંગણી કરનાર સામે ફરીયાદ નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસ મથકે આર્યન યુનુસભાઈ ઠેબાએ ઈર્શાદભાઈ ઈકબાલભાઈ ઠેરા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીએ નાણા ધીરધારના લાયસન્સ વગર ગેરકાયદેસર રીતે ફરીયાદીને હોસ્પિટલ કામ સબબ રૂપિયાની જરૂરીયાત હોય જેથી આરોપીએ ફરીયાદીને ૧૫૦૦૦ રૂપિયા ૧૦ ટકા લેખે વ્યાજે આપી ફરીયાદી પાસેથી મોટર સાયકલ અને મોટર સાયકલની આર.સી.બુક લઈ લીધેલ હોય, બાદમાં ફરીયાદી આરોપીને મુળ રકમ તથા વ્યાજ સાથેના રૂપિયા આપવા જતા આરોપીએ ફરીયાદી પાસેથી ૨૦ ટકા લેખે વ્યાજે પૈસાની બળજબરી પુર્વક માંગણી કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### હાર્ટએટેકથી મોત

ભેંસાણ તાલુકાનાં પરબધામ ખાતે કોઈ અજાણ્યો યાત્રીક રોકાયેલ હોય તે દરમ્યાન રાત્રીના સમયે સુતા હતાં ત્યારે અચાનક હાર્ટએટેક આવી જતાં મૃત્યું પામ્યા હોવાનું ભેંસાણ પોલીસમાં આણંદભાઈ જીવરાજભાઈ કોરાટ (રહે. પરબવાવડી)ની ફરીયાદ પરથી ભેંસાણ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# આજથી લેન મસ્જીદ ખાતે બે દિવસનો કાર્યક્રમ

જૂનાગઢ તા. ૩૦ જૂનાગઢ શહેરમાં જેલ રોડ સ્થિત લેન મસ્જીદ ખાતે આજથી બે દિવસ સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ઉર્ષ ઈમામે હઝરતે સૈયદુના હસને મુજતબા, ઉર્ષ ઈમામે રબ્બાની, મુજદીદે અલ્ફેષાની, ઉર્ષ ઈમામે એહલે સુન્નત, આ'લા હઝરત નિમિતે વિવિધ કાર્યક્રમો ઉજવવામાં આવશે. જે કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા લેન મસ્જીદનાં ખાદીમો દ્વારા એક અખબારી યાદી દ્વારા જણાવવામાં આવ્યું છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
Kelvinator
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

